
કુમાર

આવતી કાલનાં નાગરિકોનું આજનાં ઘરેણું માસિક · સંસ્થાપક : રવિશંકર રાવળ · તંત્રી : બચુભાઈ રાવત



વર્ષ ઓગણત્રીસમું

અંક દસમો · ઑકટોબર ઈ. સ. ૧૯૫૨ · સળંગ અંક ૩૪૬મો

લગન ફરીથી

(શિખરિણી)

થતું આજે જોયું લગન સખિ કેરી ભગિનીનું
મહારા એ ગેલા પરિચિત પુરાણા સ્થળ મહીં;
જહીં નંખાયેલા વરવધૂ તણા બાજઠ અને
ઉઠંતી વેદીની ધૃતચરુભરી માદક ધૂણી.

પુરાણું એ સામે ગૃહ, જહીં જ કૌમાર્ય સખીનું
વીતેલું; જોયાં તે રૂપ ફરીથી સંબંધીજનનાં;
સખી જ્યાં ખેલેલી સ્થળ ફરીથી દીઠાં સજીવ શાં,
દીઠાં શું—મેં પીધાં નજરતણી પ્યાલી ભરીભરી.

મને આવી તારી સખીરી! તહીં શી યાદ ઊઠતી:
મહેલી તારી આભૂષણ મહીં તન્વી વપુ-લતા,
સલજ્જા ઝૂકેલું મુખ તવ રૂપાળું ધરતીમાં
દીઠી પાનેતરમાં ફરકત ધ્વજા મન્મથ તણી.

સખી જોયું મેં આ લગન, લગને ઘૂમતી તને,
અને માણી લીધું લગન ફરીથી આપણ તણું.

'સનાતન'

નાની સાળીના લગ્ન પ્રસંગે, પૂર્વપરિચિત સ્થળ અને પાત્રોનાં દર્શનથી તાજી થતી પોતાના લગ્નની સ્મૃતિ: જેને લીધે ઉદ્‌ભવતા સ્વકીયા-પ્રેમના કૂંળા-મીઠા ઘરગથ્થુ ભાવો, જાણે ફરીથી પોતાનું લગ્ન માણ્યું હોય એવા સુખની તૃપ્તિ અનુભવાવે છે.

પત્તાંની જોડ

(ઉપજાતિ)

છે જિંદગી આપણ સૌ તણી તો
રે! ગંજિપા બાવન પાનના શી.
મળે ન પત્તાં મનમાગતાં કૈં,
લેવાં પડે છે 'ચિપ'માં મળેલાં:
ક્યાં મળે તે તકદીર-હાથે.

પાનાં તણી જોડ જ જિંદગાની,
સંજોગ-પાનાં નિજ જોડ કેરાં.
પરંતુ તે તેર થકી, છતાં યે,
ક્યારે ક્યાં ઊતરવાં તમારે
સ્વાધીન છે તે,–વળિ હોશિયારી
છે માનવીની નિજમાં જ સાચી.

પ્રબોધ જોષી

જીવનને ગંજીપાની ઉપમા આપતી ચાતુરીભરી કલ્પના ઉપર મંડાએલું બોધરંગી કાવ્ય.

કવિતા અનિયતકાલિકના પહેલા અંક માટે ઘણી પૃચ્છા આવતી હોઇ ૫૦થી વધુ ગ્રાહકો નોંધાય તો તે ફરી છાપવાનું સાહસ વિચાર્યું છે. ઇચ્છુકોએ ૦-૪-૦ની ટિકિટો મોકલવી.

જિંદગીનો સ્વયંવર

જિંદગીનો સ્વયંવર રચાયો હતો. પ્રવૃત્તિ, કાર્ય, આળસ, સૌ ભેગાં થયાં હતાં. પહેલાં પ્રવૃત્તિ આવી. એની ચાલમાં થનગનાટ હતો, કદમોમાં વેગ હતો, હૈયામા ઉત્સાહ ને આંખમાં ઉમંગ હતો. પણ કપડાં ખરડાએલાં હતાં.

અને એ માનવીએ એને પસંદ ન કરી.

પછી કાર્યસુંદરી આવી. એના નેણમાં સ્થિરતા હતી; વદન પર ગંભીરતા. મગજમાં તો આગગાડી દોડતી. વિચારો ને એનો અમલ, એમાં જ મગજ ઘૂંઘવાએલું હતું. એને બીજા શું કહેશે એની પડી નહોતી, એટલે એણે અંગની સજાવટમાં સમય બગાડ્યો નહોતો.

અને માનવીએ એને પણ નકાર ભણ્યો.

અને ત્યાં આળસરાણી આવી: આંખને આંજી દે એવું રૂપ હતું; હાથમાં આનંદનો પ્યાલો અને એમાં આરામનો શરાબ લઇને એ આવી હતી. સમયને લૂટતાં એને આવડતું હતું.

અને એ માનવી એના પર મોહી પડ્યો.

માનવીએ એની સાથે સંસાર માંડ્યો. શરૂમાં તો ઠીકઠીક ચાલ્યું અને એને સંતાનો થયાં: પહેલી જન્મી ચિંતા, બીજો જનમ્યો ક્લેશ, ત્રીજી જન્મી ઉપાધિ, ને ચોથો થાક.

ને પછી જોઈ લ્યો એના સંસારની મઝા!

રોજ સવાર પડે અને ઊંઘમાંથી ઊઠ્યો ન હોય ત્યાં ચિંતા એને જગાડે ને સતાવે. ઉપાધિ તો એને પજવે જ. ક્લેશ એનો સંગ ન છોડે. અને થાક તો એવો કે એના વિના થાકને ગમે જ નહિને! અને હજી જાણે કંઈ બાકી રહ્યું હોય તેમ આળસ એને પળ માટે પણ પોતાથી અળગો ન થવા દે.


સંસારની ઘટમાળ વિચિત્ર બની. એનું વ્યક્તિત્વ મરી ગયું પછી તો સમય જતાં માનવીને મોત વહાલું લાગવા માંડ્યું. રોજ ને રોજ કકળાટ વધ્યો, લડાઈટંટા ને ફિસાદ વધ્યાં. લોક એની મશ્કરી કરતા અને માનવીને મોં બતાવવું યે ભારે પડ્યું. આજે એ એટલો તો અકળાઈ ચૂક્યો છે કે ન પૂછો વાત.

તમારી જિંદગીનો સ્વયંવર રચાય ત્યારે યે વિચારી લેજો. આળસને કદી ય વરમાળ પહેરાવતા ના. કામ જેટલો થાક નથી લગાડતું એટલો આળસ લગાડે છે. આળસની પ્રીતિ ચિંતા, ક્લેશ અને કકળાટ જન્માવશે. માટે જિંદગીના સ્વયંવરમાં સદા સાવધ રહેજો.

(લોકનાદ) **સુકેતુ**



વિરહિણી રાધા : ચિત્રકાર · શ્રીમતી રાણી ચંદ



રંગોળી : ચિત્રકાર · શાન્તિલાલ શાહ

શ્રીમતી રાણી ચંદનું આલેખેલું 'વિરહિણી રાધા'નું આ ચિત્ર પારીસના કલાપ્રદર્શનમાં ફ્રેંચ કલાકોવિદોની ભારે પ્રશંસા પામ્યું હતું એ જાણીને આશ્ચર્ય થશે. આપણી પ્રાચીન પોથીઓમાં કે શહેર-ગામની ભીંતો પર આલેખાતાં ચિત્રોની ઘાટી પર શોભન શૈલીથી એ આલેખાયું હોવાની એની ગુણવિશેષતા છે. વચલી તકતીમાં સુખાસન પર અર્ધમૂર્છિત પડેલી રાધાની શુશ્રૂષા કરતી સખીઓ તથા બે બાજુની તકતીઓમાં આલેખેલી નિત્ય વ્યવસાયમાં પડેલી અન્ય ગોપીઓના એકેએકના આલેખનમાં અંગસ્થિતિનું જે વૈવિધ્ય ને ડોલન છે, અને રંગભરી પીંછીની સાદી ને જાડી રેખાઓમાં લોકશૈલીનું જે લાલિત્ય છે તે નોંધપાત્ર છે. એવી જ સાદી, જોમદાર, વહેતી રેખાઓ વડે કરેલું શ્રી શાંતિલાલ શાહનું આ ઉપરનું 'રંગોળી'નું ચિત્ર મ્હૈસૂરના પ્રદર્શનમાં પારિતોષિક પામેલું.

દિવાળીના

:ળદાર અંક કાઢવાનું તો

ુમાર' માટે(અત્યારની પ્રચલિત પદ્ધતિએ) શક્ય નથી. ંરંતુ અમે દર વખતે, 'કુમાર'ની જે વિશિષ્ટતા છે તે લા વિષયક એકાદ ખાસ લેખ, ચૂંટેલી વાચનસામગ્રી થા થોડી રંગછાંટવાળા મુદ્રણથી એ પર્વ માટેનો અમારો ાનંદ વ્યક્ત કરીએ છીએ. એ રીતે તૈયાર કરેલા આ ંકમાં પાંચેક વિવિધ ક્ષેત્રોની કલાના લેખોનો સુભગ યોગ ે. શ્રી કરમરકરની શિલ્પકલા, ગુજરાતની મસ્જિદોની ગતખ્યાત ને બેનમૂન સ્થાપત્યકલા, પ્રાચીન આભૂષણો- ી કલા, કચ્છની પુરાતન કલા, પટોળાંની વસ્ત્રકલા અને ગોળી માટેની આપણી કાગળકટાઈની કલા, ઉપરાંત ધુર મુલાયમ પહાડી ચિત્રકલાની શ્રેષ્ઠ રંગીન કૃતિ તથા ાધુનિક ચિત્રકલાના નમૂના આ અંકમાં છે, અને નિયત દ કરતાં દોઢો અંક આપ્યો છે. આર્થિક દૃષ્ટિએ અમારે ાટે એ સાહસ જ છે, કેમકે આવા ખાસ અંકોને પહોંચી ળવાનું (બલ્કે કેટલાકને મન તો તેમાંથી મોટી કમાણી રવાનું) મુખ્ય સાધન જે જાહેરખબરો, તેનો અભાવ મને સદા રહ્યો છે. પરિણામે અમારો મુખ્ય આધાર ાહકસંખ્યા ઉપર જ છે. 'કુમાર'ની લાક્ષણિકતા આજ ત્રીસ વરસે પણ અનન્ય અને બીનહરીફ રહી છે અને તેને હજી વધુ સમૃદ્ધ, સંગીન, રસમય તથા રંગભરી કરીને આપવાની વિવિધ સામગ્રીઓ, અભિનવ તરાહો અને અવનવી યોજનાઓનો પણ ભંડાર ભર્યો છે. પરંતુ એ બધાંને સાકાર થવાનો આધાર 'મિયાંના પાઉંમાં જૂતી' આવવા ઉપર છે. આજે તો જૂનાં સાધનો અને સાથીઓ તથા મર્યાદિત મૂડી વડે માનવપ્રયત્ન જે ટોચનું કામ આપી શકે તે આપવા અમે મથી રહ્યા છીએ.

આ સંસ્થાને લિમિટેડ કંપનીનું રૂપ આપ્યા છતાં (અને તેના શેર, સૌની શક્તિમર્યાદામાં સમાય તેવો માત્ર વીસ જ રૂપિયાની કિંમતનો રાખ્યા છતાં) સંસ્થા- ની મૂડી પણ માત્ર ચાળીસ ટકા જેટલી ભરાઈ છે. દેશમાં પૈસાની છોળ ઊડી રહી હતી ત્યારે ફરી પગભર થવાની અમારી મથામણો સામે જોવાની યે કોઇને પડી ન હતી, તો હવે જ્યારે મંદીની બૂમો પડાય છે અને છોળના સમયમાં રળેલી મૂડીને સલામત રાખવાની ચિંતામાં સૌ પડ્યા છે ત્યારે તો શી અપેક્ષા ને શી આશા?

છતાં અમે કલ્યાણકાર્યના શ્રેય વિષેની અને પરિ- શ્રમભર્યા પુરુષાર્થમાંની અમારી શ્રદ્ધા ગુમાવી નથી. અમારું ધ્યેય શુદ્ધ ને શ્રેયલક્ષી હશે અને અમારા કાર્યને પરસેવાથી પરિપ્લાવિત કરવાની અમારામાં શક્તિ હશે તો આ વણઝાર કોક દિવસે પણ દૂરનું પેલું ઝળાંહળાં થતું મંઝિલ દેખવા પામશે એવો અમને વિશ્વાસ છે.

એ શ્રદ્ધાને ટકાવી રાખનારું અમારું ખરું બળ અમારા ગ્રાહકો છે. એમની સંખ્યા ટીપેટીપે વધતી રહી છે. એમાં ભરતી આવે એ જ અમારી અપેક્ષા છે—કામના છે.

ઑક્ટોબર ૧૯૫૨
અંક ૩૪૬

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છુટક નકલ: બાર આના

આસોની રાત

આસોની રાત આલિ! આવી રળિયાત રે,
ચાંદરણે સોહ્ય રૂડાં ધરતીનાં ગાત રે.

સીમસીમની તે દૂર મેલીને કામળી, કુંજકુંજ રણકંતી ભોમ,
રોમરોમ માંહિ નહિં માતો આનંદ એમ ઝાંઝેરું ઝૂકતું વ્યોમ:
વરસે છે આજ ભલી વાસ પારિજાત રે...

આંહિંને તે આંગણે વીતેલી વેળ અને આવી છે આવતી કાલ,
બેઉની ય સંગ રમે તાલમહિં 'આજ' એની ઠમકેશી ચંચલ ચાલ!
મેઘના તે રંગકેરી આંહિં શી વિસાત રે...

એવી હવા છે, કોઈ એવી છે લ્હેર, મંન મૂગાને બોલવું અપાર,
વેણમહિં બોલના પુરાય રે અધીર, એનો ટહુકો રેલાય વારવાર:
અરધે અટવાય મારા હૈયાની વાત રે...

રાજેન્દ્ર શાહ

ક્યાં જાવું ?

તરંગોને તો દરિયો છે, ભલા આરાએ ક્યાં જાવું ?
વિચારો કાજ છે દુનિયા, આ દિલ મારાએ ક્યાં જાવું?

જીવનનો સાથ સ્વીકારું કે પાલવ મોતનો પકડું ?
નથી સમજાતું એના એક અણસારાએ, ક્યાં જાવું ?

નથી પડતું લગારે ચેન જેનાં દ્વાર વિણ દિલને
દિયે છે એ જ જાકારો, એ જાકારાએ ક્યાં જાવું ?

રુદનનું એ જ છે કારણ કે બે આંખો, સ્વપન લાખો,
ને હર સ્વપ્ને ફૂટે રસધાર, એ ધારાએ ક્યાં જાવું ?

મના રડવાની કરતાં પ્હેલાં સમજાવે મને કોઇ,
કોઈની યાદમાં તડપેલ અંગારાએ ક્યાં જાવું ?

ન ફાવ્યું તો ગયાં કરમાઇ પુષ્પો પાનખર આવ્યે,
ખરી શકતા નથી કંટક, એ દુઃખિયારાએ ક્યાં જાવું ?

મળી રહે છે સહારો દેહને કબ્રે સ્મશાને, પણ–
ઠરી ને ઠામ થાવા જીવ-વણઝારાએ ક્યાં જાવું ?

મરણનો સાથ પણ મળતો નથી એને, અરે કિસ્મત!
મરણ વાંકે જીવનનો ડોળ કરનારાએ ક્યાં જાવું ?

નહીં ટેલી શકું એને હું જાણું, છું છતાં ગાફિલ,
જીવન છોડી મરણના એક પડકારાએ ક્યાં જાવું ?

'આદિલ'

જાણી બુઝીને હું હવે આ આંસુને લ્હોતો નથી,
ફૂલનો બોજો કદી કો ડાળને હોતો નથી.

પ્રિયકાન્ત મણિયાર

અભાગા સાંપ્રત

· મિશ્ર ·

છે ના કશું સાંપ્રત પાસ, ના હતું;
ભાવી કને યાચત એ સદા યે!
એ લે ન લે ભાવિ તણી જ ભિક્ષા
ત્યાં ઝૂંટવી જાય જ ભૂત-ડાકૂ!
ભંડાર એનો લૂંટથી ભરાય, ને
રહે યાચવું સાંપ્રતને ફરીફરી!

અમૃત ઈ. શુક્લ

(૧) આસોની રાતના અગમ્ય આનંદનું વર્ણન: જરા નવી કલ્પનાઓથી અને 'ચાંદરણે સોહ્ય રૂડાં ધરતીનાં ગાત રે' જેવી મનમીઠી તળપદી બાનીથી. સીમસીમની તે=સીમાઓરૂપી વસ્ત્રને, બંધનને અળગું કરીને ભૂમિ નિઃસીમપણે રણકી રહી છે; આંહિંને તે આંગણે=વીતેલી વેળના ભૂતકાળ ને આવતી કાલના ભવિષ્ય વચ્ચે 'આજ' (વર્તમાન) એવા સમતાલથી અને ચાંચલ્યથી રમે છે કે એના નાનાવિધ આનંદરંગ મેઘધનુષને પણ ભુલાવી દે. મૂંગા મનને અપાર બોલવાનું થાય એવી એ આનંદની મૂંઝવણ છે. વ્યક્ત થવાને અધીરા બોલ વેણમાં યે પૂરા પકડાતા નથી, ત્યાં એ આનંદનો ટહુકો વચ્ચે વારંવાર રેલાયા કરે છે અને મારા હૈયાની વાત એમ વચ્ચે જ અટવાય છે. (૨) એવી જ હૃદયના તીણા દર્દની મૂંઝવણ આ બીજા કાવ્યમાં છે, જે, વચ્ચે આવતી એક શ્રેષ્ઠ કલ્પનામાં પરાકાષ્ઠાએ વ્યક્ત થઈ છે: ફૂલો તો, પોતાને ન ફાવ્યું તો પાનખર આવ્યે કરમાઈ ગયાં, પણ કાંટા કાંઈ ખરી શકતા નથી: એ દુઃખિયારાએ ક્યાં જવું? (૩) વર્તમાનકાળની અતિ ચંચળ ક્ષણિકતા વ્યક્ત કરતી એક નવા કવિની નવી કલ્પના: વર્તમાનકાળ તો અભાગિયો છે. તેની પાસે કાંઈ છે નહિ, તેમ હતું નહિ. તે ભવિષ્ય પાસે સદા માગતો રહે છે, ને હજી લે ન લે, ત્યાં તો ભૂતકાળ રૂપી લુટારો તે ઝૂંટવી જાય છે.

કવિતા (અનિયતકાલિક)નો ત્રીજો અંક આ અંક સાથે જ બહાર પડી જશે ⁓ પોસ્ટેજ સાથે ૦-૪-૯ ⁓ નવા વરસની ઉચિત ભેટ.

સજાવો

લેખક • જસુભાઈ શાહ

આજ ગુજરાતમાં રાત છે.
તિમિર ઘનઘોર, ને
હેમની રેખ ભૂંસ્યા પછી
નિકષપે રહીસહી સ્વર્ણની રજસમી,
તારલાની ગગનપે જીરણુ ભાત છે;
આજ ગુજરાતમાં રાત છે.

ને નિશામાં બધાં ભૂત તો સુપ્ત છે,
પણ નથી જોગી યે કોઇ જાગૃત અરે!
ધબકતી નાડી, રે બંધ કયમ શ્વાસ છે?
આજ ગુજરાતમાં રાત છે.


ગુર્જરી સાક્ષરો 'તર' અને 'તમ' બધા
આખરી સેજ પર આંખ મીંચી ગયા.




જગત-કાદંબરીના શિખર પર ધજા
રોપી ગો. મા. ત્રિ.એ
સાક્ષરી મજલ પર
વિક્રમી આંક આંકયો હતો...



ડેલીએ લટકતી ઝાલરે શાંત છે.
આજ ગુજરાતમાં રાત છે.





બોધ ધીમેશથી મિષ્ટ દલપત્તનો
ગુર્જરીની રગેરગમહીં વિસ્તર્યો,
કલમ-જોધ્ધો બની ઘૂમી નર્મદ વદ્યો.



'કાન્ત'ની કાન્તિ ને 'મણિ'તણું તેજ
ને ઓજ બલવતની
બલવતી કલમનો;

કાળ-સ્થળનાં બધાં બંધનો 'લંઘીને
વિશ્વગીતા રચી ન્હાનલે
કલ્પના-ભોંય પર શબ્દ-મહુવર વડે
શૈલીની સર્પિણીને નચાવી હતી...
પ્રેમ ને શૌર્યનાં મોતી વિખરેલ કૈં
વીણી મેઘાણીએ એકસૂત્રી કર્યો
લોકના કંઠનો હાર એકાવળો....

યાદ કોને કરું? કવણને વિસ્મરું?
સૌ ગયા!!
ગુર્જરી આજ જાણે નધણિયાત છે,
આજ ગુજરાતમાં રાત છે.

આજ અંધારને ડારતા
આલબેલી સ્વરો શ્રાવ્ય ના,
પ્રહરની પ્હોંચ શા ના ટકોરા બજે,

કાલની વાત છેઃ
રાજ્યની ખટપટે
દ્વારકામાંહી સંકેલીં'તી
રમ્ય લીલા કનૈયા તણી...
આજ ઇતિહાસ તેને ફરીથી લખે
ગુર્જરી અસ્મિતાઅ-સ્મિતાશી દીસે.



રાત્રિને રેફ બે; આશ દ્વિરેફની;
કિન્તુ તે શું ધરે?
સ્વૈરવિહારની શેષમાં શું બચ્યું?
વહી વિના મેળ કયાંથી મળે?
ગદ્યના ગગનમાં ધૂમકેતુ હતો,
તપ્ત અંગારના રજકણોના સમા

છેલ્લાં થોડાં વર્ષોથી ગુજરાતી સાહિત્યમાં સર્જન મંદ પડયું છે યા ઊતરતી કોટિનું બન્યું છે, એ હકીકત ઉપર અંગુલિનિર્દેશ કરતા આ કાવ્યમાં, કવિએ હળવી શૈલીમાં એકેએક જાણીતા સાહિત્યકારનાં તથા તેની કૃતિઓનાં નામ ગૂંથીને શ્લેષ સાથે સચોટ કટાક્ષો કર્યા છે. કવિની શક્તિની પ્રતીતિ તો એમણે શરૂની ૩-૪-૫ લીટીઓમાં વાપરેલું અભિનવ-સુંદર રૂપક જ બતાવી દે છે. લીટી ૭-૮: સરખાવો 'યા નિશા સર્વ ભૂતાનાં'; શરૂમાં ગોવર્ધનરામથી માંડી મેઘાણી સુધીનાને અંજલિ આપીને, તેમના ગયા પછી હવે ગુજરાતમાં વ્યાપેલી શૂન્યતા વ્યક્ત કરી છે. ગો.મા.ત્રિ.=ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી. 'લંઘીને=ફલ્લંઘીને; પ્રહરની પ્હોંચ શા=સમયના ટકોરા પડે છે તે જાણે કે કાળ ભગવાન પાસેથી આપણને કલાકો મળે છે તેની પહોંચ આપતા જઇએ છીએ એવી કલ્પના; રમ્ય લીલા કનૈયા તણી= જાણે હજી ગઇ કાલે જ મહાભારત વેળા રસલીલા સંકેલી કૃષ્ણે રાજકારણ અપનાવ્યું હતું તેમ કનૈયાલાલ મુનશીએ સાહિત્યલીલા સંકેલી રાજકારણ લીધું: 'લીલા'માં લીલાવતી મુનશીનો શ્લેષ; અ-સ્મિતા=મુનશીએ યોજેલા શબ્દનો શ્લેષ; 'દ્વિરેફ' (અને 'રામનારાયણ') શબ્દોમાં જેમ બે 'ર'કાર છે, તેમ 'રાત્રિ' શબ્દમાં પણ છે, તે ગુજરાતમાં વ્યાપેલી સર્જન-રાત્રિ સાથેનો મેળ મેળવી એગનામાં આવેલી શિથિલતા નિર્દેશે છે: 'સ્વૈરવિહાર' અને 'શેષનાં કાવ્યો'ના શ્લેષ; 'રજકણ', 'તણખા', 'જલબિંદુ', 'ઇતિહાસદર્શન', 'અવશેષ' વગેરે ધૂમકેતુની કૃતિઓનાં નામો યોજીને કરેલી ટકોર; એ જ રીતે રમણલાલ દેસાઈની કૃતિઓનાં નામ 'કોકિલા' વગેરેની યોજના; સાહિત્યપ્રિય=ચુનીલાલ વર્ધમાન શાહ: 'જિગર અને અમી' તથા 'નવું સ્ટેશન' (ટૂંકી વાર્તાઓનો સંગ્રહ) એ કૃતિઓનો ચતુર ઉલ્લેખ-યોજ અને

દિવાળી

છંદ · પરંપરિત ઝૂલણા

સુખે તણખા પરે છાંટી જલબિન્દુ,
ઇતિહાસ-અવશેષમાં ભળી ગયો.



કોકિલા સાદ દેતી હૃદયનાથને,
ને રમણ ગલી ગલી અપ્સરાને ઢૂંઢે,
અગ્નિ ભારેલ ના ફેરથી પ્રજ્જ્વલે,
પૂર્ણિમા ક્ષિતિજ પર ફેરથી ના ખીલે.





જિગર આખું અમીથી ભરેલું છતાં
તેલી ગાંગો અને ભોજ જુદા ગણ્યા
તેથી સાહિત્યપ્રિય!
આવી રંગત કશી ના નવા સ્ટેશને.
સાગરી સાહસે
બાંકડા બહાદુરો સંગ હિલ્લોળતો
બેલી ગુણવંત પણ,
ધવલ સઢને ત્યજી, ધવલપટ 'કર્ષણે
'મોજ'ને લપસણે ઢાળ લપસી પડ્યો.





કોક બોલ્યું હતું:
'જેહને ઢૂંઢતો હું ઝમીં-આસમાંમાં
મને લાધ્યું મારા હૃદયના ખૂણામાં.'
પછી સત્યને શોધવા ઠેઠ દક્ષિણમાં
સુંદરમ્ શેં સિધાવ્યા હશે?!
આજ શંકર-ઉમા નિંદરાસન મહીં
કોણ જાણે કયી સાધના ઝૂલ છે?
કે હતી ઘરમહીં ગોદડી ગુજરીની
તે ય થૈ ગુલ છે?



તખ્ત પર શી છટા? શી અદાકારી?
શા તાળીના ગડગડાટો? અને
પ્રેક્ષકોના પુકારો 'વનસ્મોર'ના,
તોય કાં ચંદ્ર અદૃશ્ય નેપથ્યમાં!?
શી લતા પાંગરી બાગ ગુલાબની!
ત્યાં કવિતા સ્ફુરી, નવલિકા રહી ગઈ,
ને પછી.
'ઊભી વાટે ઊડી શેઠની પોતડી.'
કો કલાકારની કુશળતાથી ભરી
વિવિધ રેખા ધબકતા જીવનની ધરી,
પણ પછી, શહેરની શેરી કે
સડક પર પગથીની વસતિના

જૂજવા લોકમાં જેંતિભઇ ક્યાં ગયા
કે હજી હાથ લાગ્યું પગેરું નથી!
ગામડામાં હળેલા-મળેલા જીવે
શહેરની ઉલ્ઝને રૂપ અંકો દીઠાં,
નકલ પાછળ જતાં અસલ સરકી ગયું,
ને પનાલાલની શહેરની સુરભિની
ગંધ આજે હવામાં નથી.
ને પછી
ઝબક-દીવડા ઘણા...
હજુર હાજર છતાં હાજરીમાં નથી,
કોક ડરપોકનો યે ખુંખારો નથી.
ગલી ગલી સાવ સુનકાર
ને ગાઢ અંધાર છે,
કાલના કલમ-ધર
આજ સૌ ક્લાંત છે,
આજ ગુજરાતમાં રાત છે.
દૂરથી ઘુવડ ને ચીબરી સાદ કર્કશ કરે:
'આ બધું બૃહદ બંગાળ
ને શેષ મહારાષ્ટ્ર છે.'
ને છતાં કોઇ બુલબુલ ના ટહૌકતું,
'મારું આ મારું ગુજરાત છે.'
આજ ગુજરાતમાં રાત છે.

પદ્યની પૂર્ણિમા શરદ-માણેકની
રાજતી શુભ્ર જ્યોત્સ્નાભરી
તેથી તો,
ગદ્યના કૃષ્ણપક્ષે ય દીપ પેટવી
બારીએ બારણે,
આંગણે ઓટલે,
ઘરઘરે થળથળે,
કાળી કાજળ અમાવાસને
સેંકડો પૂર્ણિમા શરમથી પગ પડે
જ્વલિત એવી સજાવો દિવાળી, અને
ચકિત થૈ લોક કહે,
'રાતની શી અમીરાત છે!
આજ ગુજરાતમાં રાત છે?!'

ગાંગા તેલીના ('અવંતીનાથ'ના મુખપૃષ્ઠ પર ટાંકેલા) દોહરાનો નિર્દેશ કરીને; ગુણવંત=ગુણવંતરાય આચાર્ય; ધવલપટ'કર્ષણે=સિનેમાના સફેદ પડદાના આકર્ષણે: સાગરની સાહસકથાઓના ધોળા સઢની સૃષ્ટિ છોડી સિનેમાસૃષ્ટિમાં પડ્યા અને 'મોજમજા'ના તંત્રી થયા તે; સુંદરમની પોતાની જ એક કાવ્યપંક્તિનો ઉલ્લેખ કરીને તેઓ હવે સત્ય શોધવા (સાધના કરવા) ઠેઠ દક્ષિણમાં (અરવિંદ આશ્રમમાં) ગયા તેનો નિર્દેશ; શંકર-ઉમા=ઉમાશંકર જોષી: 'ગુજરીની ગોદડી' નામની એમની ટૂંકી વાર્તાના ઉલ્લેખ વડે કરેલો કટાક્ષ; ચંદ્ર=ચંદ્રવદન મહેતા-એક કાળે અવેતન રંગભૂમિના એ ઝનૂની પુરસ્કર્તાની નટ તરીકેની કારકિર્દીનો ઉલ્લેખ; ગુલાબ=ગુલાબદાસ બ્રોકરની 'લતા' તથા 'ઊભી વાટે'ની વાર્તાઓના નામના શ્લેષ; જેંતિભાઇ=જયંતી દલાલ: 'રેખા' માસિક તથા 'શહેરની શેરી', સડક પરની પગથીની વસતિ વગેરેમાં તેમની કૃતિઓના ઉલ્લેખ સાથે તેઓ રાજકારણમાં જનતાની સેવામાં ખોવાઇ ગયા તે પર ટકોર; 'મળેલા જીવ', 'ઉલ્ઝન' (સિનેચિત્ર), 'સુરભિ' વગેરેના લેખક પન્નાલાલ પટેલની ગ્રામજીવનના આલેખનની ઝમક શહેરી જીવનની કથાઓમાં કથળી ગઇ છે; ઝબક-દીવડા=ઘણા યે ગૌણ લેખકો હાજરાહજૂર હોવા છતાં અસ્તિત્વ નહિવત છે; બૃહદ બંગાળ ને શેષ મહારાષ્ટ્ર=મોટા ભાગની બંગાળીમાંથી અને હવે રહીસહી મરાઠીમાંથી થતી અનુવાદિત નવલકથાઓ પર ટકોર; પદ્યની પૂર્ણિમા=કવિતામાં તો આજે ગુજરાત હિંદની પ્રાંતભાષાઓમાં આગલી હરોળમાં છે, પણ ગદ્યમાં અંધારું છે. તેની અમાસને ઠેરઠેર તેજસ્વી કૃતિઓના પ્રકાશમાન દીપકો પ્રકટાવી એવી તો શણગારીએ કે તેના પ્રકાશ આગળ પૂનમ પણ શરમાઈ જાય અને એ સમૃદ્ધિ જોઈ લોકો કહે કે 'રાતની રાણીની શી અમીરાત છે!'

પોતાની શિલ્પકલાથી જગતમાં ભારતને ખ્યાત કરનાર

વિનાયકરાવ કરમરકર

કુમાર'ના વાચકોને તો એ નામ સુપરિચિત છે. એમણે જે અનેક પ્રભાવશાળી શિલ્પકૃતિઓ નિષ્પન્ન કરી છે તેનાં ચિત્રો વારંવાર 'કુમાર'ના પાછલા અંકોમાં આવ્યા કર્યાં છે; અને ૧૨૩મા અંકમાં તેમનો વિસ્તૃત પરિચય પણ આવી ગયો છે. ગુજરાત-સૌરાષ્ટ્રનાં સુપ્રસિદ્ધ નરનારીઓ ને રાજામહારાજાઓ જેટલા જ આમ જનતાનાં પણ દિલચસ્પ શિલ્પો તેમણે કર્યાં છે; અને પ્રાણીશિલ્પમાં તો તે સિદ્ધહસ્ત છે તેનો હૃદયંગમ ચિતાર આ નીચે ઉતારેલા શ્રી ગોડસેના લેખમાં રજૂ થયો છે. અનેક કલાકારબંધુઓને હાથ આપી સહાય કરનાર આ અભિજાત શિલ્પકારનું હૃદય માત્ર માનવપ્રેમથી જ નહિ પણ પ્રાણિમાત્ર પ્રત્યેની ભૂતદયાથી કેટલું આર્દ્ર છે તેની તે પરથી પ્રતીતિ થશે. ગયા વર્ષના ઑક્ટોબરની બીજી તારીખે તેમને ૬૦ વર્ષ પૂરાં થયાં તેનું ગૌરવ કરતો એક સમારંભ ગઈ તા. ૧૬મી ઑગસ્ટે મુંબાઇમાં સર કાવસજી હૉલમાં ભારતના અર્થમંત્રી શ્રી ચિંતામણરાવ દેશમુખના અધ્યક્ષપણા નીચે થયો હતો. 'કુમાર' તેમના આયુષ્યના આ સુભગ પ્રસંગે તેમની કલાની સેવાઓ ને સિદ્ધિઓ માટે અભિનંદન રૂપે આનંદપૂર્વક તેની નોંધ લે છે.

કોલાબા જિલ્લાના સાસવણ નામના નાના ગામડામાં તેમના પિતા પાંડોબા (પાંડુરંગ) એક કીર્તનકાર હતા અને ઘરના ખર્ચને પહોંચી વળવા ગણપતિની મૂર્તિઓ બનાવવાનો ધંધો કરતા. વિનાયકરાવ પિતાને એ કામમાં મદદ કરતા. ત્યાંથી તેમની બુદ્ધિની પરખ કરીને અલીબાગના આસિ૰ કલેક્ટર ઑટો રૉથફીલ્ડે તેમને મુંબાઇની સ્કૂલ ઑવ આર્ટમાં મોકલ્યા જેમાંથી પસાર થઈ ૧૯૨૦માં તેમણે કલકત્તામાં સ્ટૂડિયો શરૂ કર્યો. ફરી રૉથફીલ્ડના ઉત્તેજનથી તે ધાતુપ્રતિમાનું કામ શીખવા લંડન ગયા, જે દરમ્યાન તેમના ભાઇ દિનકરરાવે સ્ટૂડિયો સંભાળ્યો. એ ભાઈના અકાળ મૃત્યથી નાનાને બહુ આઘાત થયો. ગરીબ કલાકારોને કેવી હાડમારી વેઠવી પડે છે તેનો પૂર્ણ અનુભવ નાનાને હતો એટલે, તેમણે કલાવંતોને જીવનભર પેટ ભરીને અનાજ અને અંગરક્ષણ માટે વસ્ત્ર મળતાં રહે તે માટે હમેશાં પ્રયત્ન કર્યો છે. પોતાને કળા પ્રાપ્ત કરવામાં જે ક્લેશનો અનુભવ થયો છે તે યાદ રાખી તેમણે અનેક કલાકારોને જાતે સહાય કરી છે યા અપાવી છે અને સહાનુભૂતિ દાખવી છે.


કલકત્તામાં તેમણે કવિવર ટાગોર અને સુરેન્દ્રનાથ બૅનરજીની જે પ્રતિમાઓ કરી તેથી તેમની પ્રસિદ્ધિ થઇ હતી. ૧૯૨૮માં ડૉ.ભાજેકરે એમને મોટો આશ્રય આપ્યો અને પોતાની હયાતી પર્યંત સદોદિત મદદ આપ્યા કરી એ વાત શ્રી કરમરકર બહુ કૃતજ્ઞતાપૂર્વક કહે છે. તેમની મદદથી તારદેવ આગળ તેમણે મોટું શિલ્પગૃહ ઊભું કર્યું. એ સ્થાન મુંબાઇનું એક કલાધામ બન્યું હતું. એમની લોકખ્યાત શિવાજીની પ્રતિમા ત્યાંથી જ સર્જાઈ. શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ અને તેમના પૂર્વજોની પ્રતિમાઓ પણ ત્યાં જ નિર્માણ પામી તેમજ લોકજીવનનાં અનેક પાત્રો અમર થયાં. હરિપુરા કૉંગ્રેસ વખતનું ૧૪ ફૂટ મોટું સ્વ. વિઠ્ઠલભાઇનું સિમેન્ટનું અતિકાય મસ્તક એ એક પરાક્રમી કૃતિ બની હતી, અને ગુજરાતને તે નાનાની ઉદાર દેનગી હતી. આજે તે બારડોલીમાં મોજૂદ છે. તારદેવની જમીનનો કરાર પૂરો થતાં ત્યાંથી સ્ટૂડિયો ઉઠાવી લેવો પડયો. ત્યાર પછી એમને કેટલાક મહિના બીમારી લાગુ પડી. પણ એમની કલા તરફ આદર ધરાવતાં ભાટિયા સન્નારી પ્રેમાબાઈ રંગવાળાએ વૉર્ડન રોડ (2 A) ઉપરના પોતાના બંગલાના કૉમ્પાઉન્ડમાં જ એમને હવે એક નાનો મઝાનો સ્ટૂડિયો બનાવી આપ્યો છે જ્યાં તે કામ કરી રહ્યા છે.



દસ ભાંડુઓમાં સૌથી નાના વિનાયકરાવ અથવા નાનાસાહેબ કરમરકરનો જન્મ ઇ.સ.૧૮૯૨માં મુંબઇના અલીબાગ તાલુકાના સાસવણ ગામમાં થયો. પરંપરાની જાગીર પૂર્વજોએ વેડફી નાખેલી હોઈ પિતા મૂર્તિઓ બનાવવાનો ધંધો કરતા. તેમને મદદરૂપ થવા, નહિ જેવું પ્રાથમિક શિક્ષણ લઇ તેમાં પડયા. ગામડાની ભીંત પર કરેલાં નાનાનાં ચિત્રો આસિ૰ કલેક્ટર ઑટો રૉથફીલ્ડની નજરે ચડતાં તેણે સ્કૉલરશિપ આપી મુંબાઇ મોકલ્યા. ત્યાંની કળાશાળામાં દિવસે શિલ્પકામ સાથે રાત્રિશાળામાં રાત્રે અંગ્રેજી શીખતા ગયા અને ૧૯૧૩માં અભ્યાસને અંતે શાળાનો સર્વોચ્ચ મેયો મેડલ મેળવ્યો. ધંધા માટે થોડો સમય મુંબાઈ રહી કલકત્તા પાંચ વર્ષ ગાળ્યાં અને પછી શુભેચ્છકો તથા પ્રશંસકોની સહાયથી નાણાંની મદદ લઇ ઇંગ્લંડ ગયા. ત્યાં જઇને પ્રથમ જ કરેલું કે૰ રૉબર્ટસન નામના શિલ્પીનું બસ્ટ એટલું વખણાયું કે ૧૯૨૧ના રૉયલ ઍકેડેમી પ્રદર્શનમાં મુકાયું જે માન ખુદ ઇંગ્લંડના કલાકારો માટે દુષ્પ્રાપ્ય મનાય છે. ત્યાં દોઢ વર્ષ ગાળી, ધાતુ ઢાળનારા કારખાનામાં વિદ્યાર્થીને દાખલ કરતા ન હોઈ મજૂર તરીકે પ્રવેશ મેળવ્યો અને એ કળા શીખી ૧૯૨૨માં હિંદ આવી ફરી ધંધો શરૂ કર્યો. ૧૯૨૫માં કોલ્હાપુર મહારાજાનાં રાજમાતાની પ્રતિમા કરી, તેથી એમણે શિવાજીની પ્રચંડ પ્રતિમાનું કામ તેમને સોંપાવ્યું. તે અશક્ય ગણાતું કામ વખતસર અણીશુદ્ધ પૂરું કરી પોતાની શક્તિનો શંખધ્વનિ કર્યો. તે પછી વડોદરાના ખંડેરાવ મહારાજનું, ગોંડળના મહારાજા ભગતસિંહજીનું વગેરે અનેક નામી શિલ્પો એમણે કર્યાં. હમણાં ચાર માસ અમેરિકા જઇ આવ્યા અને હાલ મુંબાઈમાં જ પોતાનું શિલ્પ-કાર્ય ચલાવે છે.

એમને ધંધાદારી શિલ્પકૃતિઓ કરવાથી કદી સંતોષ થયો નથી. એમનું મન તો ભારતની સુપ્રસિદ્ધ ઇલોરા અને શ્રમણબેલગુળની પ્રચંડ કૃતિઓની સ્પર્ધા કરવા તલપે છે. એમણે મુંબઇ બંદર નજીકના એક ટાપુ પર બ્રિટિશનો સામનો કરનાર સરદાર આંગ્રેની વિરાટ પ્રતિમાનું સ્વપ્ન કર્યું હતું; પશ્ચિમ ઘાટના ડુંગરોના એક પ્રચંડ શિખરને કોતરી ગાંધીજીનું મસ્તક ઉતારી આપવા પણ હામ ભીડી; બોરીવલીની જાગીરમાં પર્વત-શિખર જેવી બાવન ફીટની ગાંધીજીની પ્રતિમાનાં પ્રમાણો ઘડયાં; જબલપુર કૉંગ્રેસને ૨૪૦૦ ચોરસ ફીટના ઇંટના મહાલયમાં ગાંધીજીની પ્રતિમા કરી આપવા પ્રસ્તાવ દીધો અને છેવટે દિલ્હીમાં ગાંધીજીની જ પ્રતિમાની આકૃતિનો, પ્રતિમાના પોલાણમાં ઊભા કરવાના ગાંધી સ્મારકભવનનો અપૂર્વ નમૂનો પૂરાં કામો તથા હિસાબો સાથે રજૂ કર્યો. પણ આ મહાપ્રાણ કલાકારની એવી એવી આરઝૂ પૂરે એવા દિલાવર અને કલાભક્ત દેશભક્ત કે વીરપૂજક રાજપુરુષો કયાં છે? હા; એ અમેરિકા ગયા ત્યારે ત્યાંના પ્રવાસમાં તેમનું કવચિત બહુમાન થયું હતું. પણ આજે તો આ કલાકાર મનુષ્યોનાં દર્દો ને રાજસંચાલકોની જનતા તરફની વિમુખતા





૧૧૦ ફૂટ ઊંચી ગાંધીજીની અર્ધ પ્રતિમાની જ આકૃતિમાં 'ગાંધી-સ્મારક-ભવન' માટેની શ્રી કરમરકરની યોજના, જેના પોલાણમાં, બીજા ચિત્રમાં દર્શાવ્યા પ્રમાણેના જુદાજુદા માળમાં મોટા ખંડો તથા ગૅલેરીઓ હશે. તેમાં કચેરીઓ તથા કલાપ્રદર્શન અને ગાંધી સાહિત્યના ઓરડાઓ હશે. છેક ઉપર મગજના ભાગમાં વાચનાલય હશે ને લલાટ આગળના ભાગમાં ઊભા રહી સમગ્ર શહેરનું દર્શન કરી શકાશે. અંદર પ્રકાશ આવવા માટે મસ્તકના પાછળના ભાગમાં કાચની મોટી બારીઓ હશે.

પ્રતિ દુઃખિત થતા, પ્રાણીઓ ને અનાથ જનતાની પ્રતિમાઓ કરવામાં પોતાની કલાસાધના સંભાળી રહ્યા છે. આજે ગમે તે સ્થિતિમાં તેમની ચંચળ અંગુલિઓ તો કંઈ ને કંઈ સર્જન કરતી જ રહે છે અને તેમના ચિત્તને સંસારના ઉદ્વેગોથી બચાવે છે. **રવિશંકર રાવળ**

મુંબાઈમાં ગિરગામના નાકા પરના પોર્ટુગીઝ દેવળ આગળથી ઑપેરા હાઉસ તરફ ઝડપભેર જઈ રહેલી એક ડૉજ મોટરનો વેગ એકદમ કમી થઇ ગયો અને થોડેક અંતરે જઈ ફૂટપાથની બાજુમાં ગાડી ઊભી રહી ગઈ. સુપ્રસિદ્ધ શિલ્પકાર નાનાસાહેબ કરમરકર ગાડીમાંથી બહાર નીકળ્યા ને ફૂટપાથ ઉપર અસ્તવ્યસ્ત પડેલા એક કૂતરાને ધારીને જોવા લાગ્યા. વૉટર સ્પૅનિયલ જાતનો એ કૂતરો હતો, પરંતુ તે વખતે તેની અવસ્થા ગંભીર ભયમાં હતી. અંગ ઉપર જીવાત વળગેલી હતી, ચામડી બધી સડી ગઈ હતી, તે પર માખીઓ બણબણતી હતી, પાંસળીઓનાં હાડકાં ગણી શકાય એટલાં બહાર આવી ગયાં હતાં, ડોક મરડાઈ ગઇ હતી અને આંખોનું તેજ ગુલ થયું હતું. અક્ષરશઃ મૃત્યુની રાહ જોતા પડેલા આ કૂતરા પર વેગભર ધસતી ગાડીમાંથી નાનાનું લક્ષ ગયું અને તેણે ગાડી થંભાવી દીધી. એ કૂતરાનો માલિક કોણ, તેને અહીં કોણે આણ્યો ને પડતો મૂકયો વગેરે તપાસ તેમણે બાજુની દુકાને કરી, પરંતુ કોઇને કશી જ માહિતી નહોતી, એટલું જ નહિ પણ આવી સ્થિતિમાં તે પડેલો હતો તે વિષે કોઈના મનમાં કશી ખટક પણ નહોતી.

'ભાઇ, કોણ જાણે કોનો યે છે. સવારનો તે અહીં એમ મરતો પડેલો છે. મ્યુનિસિપાલિટીની ગાડી આવશે ત્યારે ભંગી ટાંગે ઝાલી લઈ જશે!' દુકાન પરના ગૃહસ્થે આટલી માહિતી આપીને મોંમાંથી પાનની પિચકારી કૂતરાની દિશામાં ફૂટપાથ પર ઝાપટી. રસ્તા પર પડેલા બિનવારસી કૂતરા માટેની તેની લાગણીનું ચિત્ર ફૂટપાથ પરના ફલક પર એ રીતે રંગમાં આલેખાઈ ગયું.

'જુઓ સાંભળો; હું આ કૂતરાને લઈ જાઉં છું. તેનો કોઇ ધણીધોરી થઈ તપાસ કરતું આવે તો કૃપા કરીને આ સરનામું આપજો.' આમ કહી નાનાએ પોતાનું કાર્ડ આપ્યું ને કશા પણ સંકોચ કે ત્રાસ વિના તે કૂતરાને એકદમ ઊંચકીને પોતાની ગાડીમાં લીધો. આજુબાજુના લોકોને તો એ બધું વિચિત્ર લાગ્યું. પણ નાનાએ તે એટલી બધી આત્મીયતા અને લાગણીથી કર્યું કે કૂતરાનું ધૂળે ભરેલું ગંધાતું સ્વરૂપ, પોતાના અંગ પરનાં ઊંચાં કપડાં, અખિલ ભારતીય પ્રસિદ્ધિના શિલ્પકાર તરીકેની કે સામાજિક પ્રતિષ્ઠા, એમાંની કોઇ પણ

શ્રી રવિશંકર રાવળે આલેખેલા શ્રી કરમરકરની આબેહૂબ આકૃતિ દર્શાવતા રેખ્ય



વાત તેમની આડે નડી નહિ. આ પ્રસંગ ટાંકતાં, તૃષાથી વ્યાકુળ થઈ ગરમીમાં તરફડતા ગધેડાના મોંમાં રામેશ્વર માટેની ગંગાની કાવડ ઠાલવતા એકનાથની મને યાદ આવે છે. નાથની એ ભૂતદયા નાનામાં પૂરેપૂરી છે. એની જેમ જ કોઈ પણ પાપપુણ્યના અથવા કોઈ પણ સામાજિક પ્રતિષ્ઠાના ભૂતની બીક ન રાખવાનું નાથનું ખમીર અને આત્મવિશ્વાસ નાનામાં ભરપૂર છે. જીવનનાં મૂલ્યો નિશ્ચિત હોય તો એવાં કોઈ પણ ભૂતથી મનુષ્ય બીતો નથી.

કૂતરાને ઘેર લઈ જઈને નાનાએ તેને નવડાવી સ્વચ્છ કરી ઔષધ લગાડ્યાં. બે માસમાં તો તે ઓળખાય નહિ એવો બદલાઈ ગયો. સાવ સુદામા જેવો ઘરમાં આવ્યો હતો એટલે નાનાએ તેનું નામ સુદામા રાખ્યું હતું. સુદામા પાણીમાં તરનારો (વૉટર સ્પૅનિયલ) કૂતરો હતો. નાનાના ઘર પાસેના સમુદ્રમાં ભરતી આવે ત્યારે સુદામો ખૂબ બેચેન થઇ જાય. નાનાની પરવાનગી મળે કે લાગલો જ કૂદી પડે ને તરનારાઓની ઇર્ષ્યા કરતો હોય તેમ કલાકો સુધી ભરતીમાં તરે, ને નાના તેને નિહાળતા કલાકો સુધી કાંઠા પર ઊભા રહે!





શ્રી કરમરકરના પ્રાણી-પ્રેમનાં બે શિલ્પ: હાથમાંથી ખાતા બકરીની લાક્ષણિક છટા ને ગોદમાં ભરાએલા ગલુડિયાને મળતી હેતની હૂંફ તેમની શક્તિની પ્રતીતિ આપશે.

પ્રાણીઓનો નાનાને અતિશય નાદ છે. પ્રાણી પાળવાનો શૉખ તો ઘણાને હોય છે. અનેક શ્રીમંતોને ઘેર જાતજાતનાં કૂતરાં-બિલાડાં ને પક્ષીઓ પાળેલાં હોય છે; તેમના માલિકોની ઇચ્છા પ્રમાણે એ પ્રાણીઓની યથાયોગ્ય બરદાસ્ત પણ થાય છે. પણ માલિકોની અને તેમની વચ્ચે કશો સંપર્ક કદી થતો હશે કે નહિ તેની શંકા છે. શ્રીમંતાઇનો વૈભવ દેખાડવાને જ તેમની યોજના ઘણે ભાગે થાય છે. વળી ફૅશનની ખાતર પ્રાણી પાળનારાઓનો પણ એક વર્ગ છે. કૂતરાનો પટ્ટો હાથમાં લઇને સંધ્યાકાળે રૂઆબથી ફરવા નીકળેલા શૉખીનોને તેમનો કૂતરો હાથમાંની લાકડી કે છત્રી જેવી જ એક શોભાની વસ્તુ લાગે છે. કૂતરાની તેઓ સંભાળ રાખે છે, પણ જેવી સ્વકીયતાથી તેઓ પોતાના બૂટની કાળજી લે છે એવી જ કૂતરાની સંભાળ માટે તેમને હોય છે. કેટલાક વળી ઘર-બગીચાનું રખોપું કરવા કે ઉંદર-ઘૂસનો ત્રાસ કમી કરવા કૂતરાં-બિલાડાં પાળે છે, તો કેટલાક હોંશીલા વળી પોતાનાં જનાવરોને કંઇ ને કંઇ કરામત શીખવી રાખે છે ને કોઈ મહેમાન






ઘેર આવે તેની સામે કસરત-માસ્તરની ઢબ પોતાના લાડકાઓ પાસે નિરનિરાળાં કામો કરાવી બતાવવામાં મોટું ભૂષણ માને છે. આમ, કોઇ શ્રીમંતાઈના વૈભવ તરીકે, કોઈ ફૅશન ખાતર, કોઈ ઉપયોગી નોકર માનીને તો કોઇ વહાલગરું રમકડું સમજીપ્રાણીઓને પાળે છે. પણ પાળેલાં પ્રાણી પાસેથી કોઈ પણ પ્રકારની અપેક્ષા ન રાખતાં ફક્ત મિત્ર કે દોસ્ત ગણીને પોતાના કુટુંબની એક વ્યક્તિની જ પેઠે તેને રાખનાર નાના કરમરકર જેવા વિરલ હશે. તેમના એ શૉખમાં ઉપર કહેલા સર્વ શૉખ સમાવી શકાય, પણ પાળેલાં પ્રાણી તરફ જોવાનું તેમનું દૃષ્ટિબિંદુ નિરાળું છે. નાના કહે છે એવાં છોટાંમોટાં કામો પોતાનાં પાળેલાં પ્રાણીઓ પણ કરે છે. પરંતુ તે લાચાર સર્કસવૃત્તિથી નહિ, પણ આનંદી મિત્રની સેવાવૃત્તિથી.

પ્રાણિમાત્ર પર નિષ્કામ ને નિર્વ્યાજ પ્રેમ એ નાનાના જીવનનું એક મહત્ત્વનું સૂત્ર છે. ને તેથી એ મૂક જીવો સાથે તેમને એકદમ નેહ લાગે છે. મોર, બિલાડી, બકરી, સસલું, ગાય, બળદ, હરણ, કૂતરાં એવાં ભિન્નભિન્ન વૃત્તિનાં પ્રાણીઓની પણ નાના પર તો એકસરખી જ માયા લાગી જણાય છે. અતિ ભયંકર ગણાએલી એક કૂતરી નાના સાથે અત્યંત પ્રેમળપણે વશ થયાનું ઉદાહરણ છે. એક વાર નાના કલકત્તામાં એક શ્રીમત બાઇને ઘેર પ્રતિમા કરવા ગયા. એ બાઇના શ્રીમંતી ઠાઠ સાજમાં એક મોટો શેફર્ડ કૂતરો બંગલાની પરસાળમાં બેસી રહેતો, જેને જોઇને કોઈ અજાણ્યો બંગલાના દરવાજામાં પગ મૂકવાની હામ કરી શકે નહિ. પહેલે દિવસે નાના બંગલાના આંગણામાં આવતાં જ નિત્ય પ્રમાણે એ કૂતરો ઘુરકાટ કરતો તેમના શરીર પર ધસી આવ્યો, ને ખભા પર પગ મૂકીને ઊભો

ઉપર: 'ગોપ', ડાબી બાજુ 'શ્રમજીવી'; કાઠિયાવાડના વસવાટ દરમ્યાન એમણે ત્યાંનાં ગ્રામપાત્રોને જે મૂર્ત સ્વરૂપ આપ્યાં છે તે તેમની કલ્પનાકૃતિ અને હસ્તલાઘવની સાખ પૂરે છે. પાત્રોનાં અંગસૌષ્ઠવ ને સુકુમારતા તે મનોહરરીતે અને અચૂકપણે રજૂ કરી શકે છે.



પ્રારબ્ધ સામે પુરુષાર્થનો આવો પ્રચંડ પ્રયત્ન એ શિલ્પકારને પણ જીવનમાં કરવો પડ્યો છે.

થયો, પણ નાનાએ તેને એવી શાંતિથી બુચકાર્યો કે તત્કાલ કૂતરાનો આવેશમાત્ર ઓગળી ગયો ને એકબે દિવસમાં તો તેમની ગાઢ મૈત્રી જામી ગઈ. અને પછી તો એ મૂંગા પ્રાણીને નાનાનો એવો તો નેહ લાગ્યો કે પ્રતિમાનું કામ પૂરું કરી નાના જ્યારે ઘેર જવા તૈયાર થયા ત્યારે રાજમહેલ જેવો એ બંગલો તજી કૂતરો પણ નાનાની બે ઓરડાવાળી સૃષ્ટિમાં આનંદથી રહેવા તૈયાર થઈ ગયો! આવા અનુભવો તો નાનાના જીવનમાં ઘણા ભર્યા છે. આ પરથી નાનાએ પ્રાણીશાસ્ત્રનો કોઈ ગહન અભ્યાસ કર્યો છે યા પ્રાણીની સાંકેતિક ભાષા તેને અવગત (અનુ. પૃ. ૩૮૧ ઉપર)



ચૌદ ટન કાંસાની ધાતુમાં એક જ ઢાળે તૈયાર થએલી, શ્રી કરમરકરની વિજયપતાકા સમી પૂનામાં શિવાજી મિલિટરી કૉલેજ પાસેની શિવાજી મહારાજની આ પ્રચંડ પ્રતિમા હિંદભરમાં એવી પ્રથમ અને એક જ છે. આ મૂર્તિનો ઢાળો કરવાનું મહાભારત કામ મોટીમોટી કંપનીઓએ લેવા ઘસીને ના પાડી હતી. એના ઢાળાનું બીબું ખોલવાના વખતે માનવસાગરની ત્યાં મોટી છોળ આવેલી. સૌની આતુરતા ને ઘોંઘાટ વચ્ચે જ્યારે પાતાળમાંથી નીકળતા કોઇ દેવ સમો ધાતુનો એ ઘોડેસવાર આગ્નિશુદ્ધ લોકોના સાગર વચ્ચે ઊભેલો દેખાયો ત્યારે માનવમેદનીએ આનંદનો પોકાર કર્યો, જાણે કલાકારનો કીર્તિધ્વજ ફડફડાટ કરતો ઊંચકાયો, ને જગત આખું જાણે તેમ ભારતીય કલાપ્રતિભાનું તેજ ઝળહળી રહ્યું, કેમકે દુનિયાભરમાં આ રીતે ઢળાએલા, આવડા મોટા કદનાં, સળંગ એક જ ઢાળાનાં પૂતળાં આંગળીને વેઢે ગણાય એટલાં જ છે. હિંદમાં તો એકે નથી.



વિધાતા બાજી માંડે છે ને માનવી ખેલવા નીકળે છે ★

ગાંડી

લેખક શિવશંકર પુ. જોષી

વિનોદરાયનું મન આજે બહુ શાંતિ અનુભવતું હતું. એમની પુત્રીનાં આજે લગ્ન હતાં. આજે તેમને એક મહાન ફરજ પૂરી કર્યાનો સંતોષ અને એક મોટા ઋણમાંથી છૂટકારો મેળવ્યાની ફક્ત નિરાંત જ નહિ પણ બીજી યે કેટલીક લાગણીઓ થતી હતી. એમને લાગતું હતું કે વિધાતાએ પોતાની સામે માંડેલી બાજી પોતે જીતી નહિ તો ટાળી તો શક્યા છે.

અડતાલીસ વર્ષ! લગભગ અર્ધી સદી જે પોતે જીવી ગયા હતા એ બધાં ય વર્ષોનો અંતિમ હેતુ ફક્ત આજનો એક દિવસ જ હતો. એ આખા જીવનને અત્યારે યાદ કરીને ફાયદો પણ શું? વિનોદરાયે એક નિઃશ્વાસ મૂક્યો ને બાજુ પર નજર કરી ત્યાં એમની આંખમાં ફરીથી આનંદની એક ચમક આવી ગઈ. કેવી રૂપાળી લાગતી હતી કાન્તા! વાત્સલ્યનો એક ઊભરો એમના હૈયા પર ફરી વળ્યો. બસ! હવે તો એ થોડા જ કલાકની એમની મહેમાન હતી. અઢાર અઢાર વર્ષો સુધી પોતાના નીરસ, લુખ્ખા જીવનમાં પ્રાણ અને મિઠાશ ભરી આજે એ 'પોતાને' ઘેર જતી રહેવાની.

વિનોદરાય ખંડમાંથી બહાર આવ્યા: ચોગાનમાં તો લગ્નનું ખરેખરું વાતાવરણ હતું. એક બાજુ સ્ત્રીઓ ગીત ગાતી હતી તો બીજી બાજુ છોકરાંઓ હોહો કરીને વાતાવરણ ધમાલિયું કરી મૂકતા હતા. શહેરની એક પ્રખ્યાત બૅન્ડપાર્ટીનાં વાજાં અને અબુખાંની શરણાઇ મીઠા સ્વરો રેલાવી રહ્યાં હતાં. લગ્નની બીજી બધી તૈયારીઓ પૂરી થઈ ગઈ હતી અને કન્યાને પધરાવવાની જ વાર હતી.

એટલામાં છોકરાઓએ એક જોરદાર અવાજ કરી વાતાવરણ ગજાવી મૂક્યું. બધા ચમકી ઊઠ્યા. વિનોદરાયે પાછળ જોયું તો ખબર પડી કે છોકરાંઓ એક સ્ત્રીની આસપાસ ફરી વળ્યા હતા.

'અરે, એ તો લીલા ગાંડી...' કોઇક બોલી ઊઠ્યું. પણ બોલનાર તરત જ ચૂપ થઈ ગયો. લીલા તો વિનોદરાયની પત્ની અને અત્યારે જેનાં લગ્ન હતાં તે કાન્તાની મા હતી. વિનોદરાયના હૈયામાં જે છૂપો વિષાદ ભર્યો હતો તે ફરી જોરથી ઊછળી આવ્યો. એમની આંખમાં ફક્ત આંસુ જ ન આવ્યાં, બાકી એમનો ચહેરો કોઇનું પણ હૃદય પિગાળી નાખે એવો દયામણો થઈ ગયો. લીલા ગાંડી હતી, છતાં એ તેમની પત્ની તો હતી જ. ક્યારનું એમને થતું હતું, કાન્તા—મારી લાડકીનાં—મારી એકની એક દીકરીનાં લગ્ન! કેટલી ખુશ થાય એની મા જો અત્યારે એને જુએ તો? પણ પોતાની પુત્રીનાં આજે લગ્ન છે એની પણ એને ખબર હશે કે કેમ? અને ખબર હોય તો યે શું? અને પોતાની પત્ની ગાંડી થઈ ગઈ એ દિવસ પણ એમને યાદ આવ્યો.

અઢાર વર્ષ પહેલાંનો એક આવો જ પ્રસંગ હતો. આ જ સ્થળે—શહેર સેવાસદનના આ જ ચોગાનમાં એમના એક મિત્રની કન્યાનાં લગ્ન હતાં. લગભગ આવું જ વાતાવરણ હતું. છોકરાંઓ ઉપરના માળ પર તોફાન કરતાં હતાં. પોતે મિત્રને કોઇ કામમાં મદદ કરી રહ્યા હતા અને લીલા સ્ત્રીઓના સમૂહમાં બેઠી હતી. પોતાને એક પુત્ર પણ હતો—અનિલ. પાંચ વર્ષનો હશે એ તે વખતે. અને હતો ય કેવો મઝાનો? એના કાળા વાંકડિયા વાળ અને કૂમળું ગુલાબી મોં જોઈને જ સૌ કોઈ મુગ્ધ થઇ જતું. અનિલની યાદે વિનોદરાયની આંખો ભરાઇ આવી. તે વખતે એ બીજાં તોફાની બાળકો સાથે ન રમતો હોત તો? શા માટે પોતે એને છુટ્ટો મૂક્યો? ઉપરના માળ પર જ્યાં બીજાં છોકરાંઓ હતાં ત્યાં અનિલ પણ હતો. એ બધાં સીડીના કઠેડા પરથી લપસતા હતા. અને ઓચિંતી જ છોકરાંઓએ કેવી ભયંકર ચીસ પાડી દીધેલી! વિનોદરાય એની કલ્પનાથી અત્યારે પણ કંપી ઊઠ્યા. એ આખું દૃશ્ય એમની આંખ સામે ખડું થઇ ગયું. બધા ત્યાં દોડી ગએલા. એક છોકરો ઉપરથી પડી ગયો હતો. તે વખતે પોતે ધારેલું કે કોઈક પડી ગયું હશે, કોઇ છોકરાનો હાથ–પગ મરડાઇ ગયો હશે. પરંતુ જ્યારે પોતાની પત્ની લીલાની કારમી ચીસ તેમણે સાંભળી ત્યારે હાંફળા હાંફળા બની પોતે ત્યાં કેવા દોડી ગએલા? અને પોતે વિચારેલું, લીલાએ શા માટે આમ બધે દોડાદોડી કરવી જોઇએ? પોતાની સ્થિતિનો—અરે, પેટમાં રહેલા આઠ માસના બાળકનો તો વિચાર કરવો જોઇએને? ત્યાં પહોંચી જ્યારે એમણે લોહીથી ખરડાએલા અને પોટલાની જેમ ગૂંચળું વળી પડેલા અનિલને જોયો ત્યારે તો એમના હોશકોશ જ ઊડી ગએલા. અનિલનું માથું ફાટી ગયું હતું. એને તપાસી જોયા બાદ પોતે જ્યારે રડતા અવાજે કહેલું કે 'અનિલ મરી ગયો' ત્યારે લીલાએ નાખેલી ચીસના પડઘા અત્યારે પણ આ મકાનની દીવાલોમાંથી ઊઠતા હોય એમ વિનોદરાયને લાગ્યું. ત્યાં,—અત્યારે જ્યાં છોકરાંઓ રમતાં હતાં એ જ સ્થળે! પણ લીલાની તે વખતની કારમી ચીસ કરતાં તો થોડીવાર પછી એણે જે અટ્ટહાસ્ય કરેલું તે વધુ ભયંકર હતું. બધાંને પહેલાં તો ખૂબ નવાઈ લાગેલી. લીલા ખડખડાટ હસતી હતી...બસ! ત્યારથી જ લીલા ગાંડી થઇ ગઈ.

વિનોદરાયના શરીર પરથી એક ધ્રુજારી પસાર થઈ ગઈ. કાન્તાનો લગ્નનો દિવસ જેમ જેમ નજીક આવતો જતો હતો તેમ તેમ એમને આ બધું બહુ યાદ આવતું હતું. જીવનનાં પાછલાં વર્ષો જ્યારે યાદ આવતાં ત્યારે એમનું મન ખિન્ન થઇ જતું અને એક જિગરતોડ નિરાશા એમના મગજને ઘેરી લઇ એમની વિચારશક્તિને ક્ષીણ કરી મૂકતી.

તે વખતે તો લીલાને જેમતેમ કરીને સંભાળી લીધી. પણ ખરી મુસીબત તો ત્યાર પછી જ શરૂ થઇ. લીલા ગાંડી થઇ ગઈ એ ચિંતા કરતાં પણ વધુ ચિંતા તો લીલાને બાળક આવવાનું હતું તેની હતી. ગાંડપણમાં તે શું કરી બેસે એનો શો ભરોસો? લીલાને બાળક

આવશે? આવે તો તે બચશે? અને જો બચે તો લીલા પોતે બચશે કે કેમ? અરે, એ બન્ને બચે તો ય શું? બાળક પણ ગાંડું નહિ થાય ને?

વિનોદરાયનું માથું ભારે થઈ આવ્યું. પાસે પડેલી એક ખુરશી પર કપાળે હાથ દઈ તેઓ બેસી ગયા. અનિલની મનોહર મૂર્તિ તેમની સામે તરી આવી, ને એના બાલપણની લીલાઓની યાદ સાથે જ લીલાની તે વખતની સુંદર મૂર્તિ પણ આંખ સામે આવી ઊભી. અત્યારના જીવનમાં અને વીસેક વર્ષ પહેલાંના જીવનમાં કેટલો બધો ફેર? તે વખતે પોતાનું ગૃહજીવન કેટલું ચિંતારહિત, સંતોષી ને સુખી હતું? નાનપણમાં જ પોતાનાં માબાપ મરી ગએલાં, છતાં કાકાની છત્રછાયામાં રહી પોતે કરેલા અભ્યાસ અને લીધેલી તાલીમથી એક સધ્ધર પેઢીમાં મુનીમ તરીકે નિરાંતનો રોટલો ને પ્રતિષ્ઠાનો મોભો રળતા હતા. ને એમનું નાનકડું ઘર અનિલના મીઠા અવાજથી ગુંજવા લાગ્યું ત્યારે તો એમને થયું સ્વર્ગ શું આથી વિશેષ હશે?

છતાં કેટલું જલદી ફરી ગયું એ આખું જીવન? તેમને લાગ્યું કે પોતે રડી દેશે. પણ એટલા બધા પોચા હૈયાના એ હોત તો આ દિવસની રાહ જોવાનીયે ધીરજ શું રહેત એમનામાં?

છેવટે લીલાએ એક કન્યાને જન્મ આપ્યો. પ્રસૂતિ કોઇ પણ પ્રકારના ખાસ જોખમ વિના થઇ, પણ લીલા અવારનવાર ફૂદકા મારવાની બહુ કોશિશ કરતી. એને ભરોસે છોકરીને તો રખાય તેમ હતું જ નહિ. એટલે છોકરીને ઉછેરવાનું કામ પોતાને જ કરવાનું હતું ને? તેમને થોડો સમય નોકરી છોડી દેવાની ફરજ પડી; જોકે શેઠ તરફથી મળતી મદદનો એમને સહારો હતો.

જીવન એમ જ વ્યતીત થતું ગયું. લીલાને ગાંડાની ઑસ્પિટલમાં દાખલ કરી પોતે જ્યારે ફરી નોકરી પર ચડયા ત્યારે એમનો પગાર પણ થોડો વધ્યો. ઑસ્પિટલની સારવારથી ન વળતાં લીલાને પછી ત્યાંથી તેડાવી લઇને એક માનસશાસ્ત્રીની સારવાર હેઠળ પણ એને મૂકી જોઈ. પણ પરિણામ કંઇ ન આવ્યું. લીલા જોરથી હસવા અને કુદકા મારવા સિવાય ખાસ કંઈ ધમાલ કરતી નહિ. ઘેર આવ્યા પછી એ આખો દિવસ શેરીમાં ફર્યાં કરતી. અને વિનોદરાયે એને એમ કરતી અટકાવવાના પ્રયત્નો કરી જોયા ત્યારે ઘરમાં બેસી એ રડયા કરતી. એટલે જ તો એને મુક્ત રાખવી પડેલીને?

ધીમેધીમે બધાં એનાથી ટેવાઇ ગયાં અને એનું ગાંડપણ એક સાધારણ વસ્તુ બની ગઈ. ગમે ત્યાં એ ખાઈ લેતી અને સૌકોઈ એને ખાવાનું પણ પ્રેમથી આપી દેતું. એની સલામતી વિષે ખાસ ચિંતા રાખવા જેવું હતું નહિ. રાતે ક્યારેક એ પાછી ન ફરતી તો વિનોદરાય એને શોધવા નીકળતા. એ ક્યાંક સૂતેલી દેખાતી: ક્યારેક તો સાથે એકાદ બિલાડીનું બચ્ચું કે ગલૂડિયું પણ હોય.

આમ કેટલાં યે વર્ષો વીત્યાં. કાન્તા મોટી થતી ગઈ. વિનોદરાયનું જીવન ફક્ત એક યંત્ર જેવું જ હતું. એમની જિંદગીમાં રસ જેવું કાંઈ હતું જ નહિ. કાન્તા મોટી થાય ને પરણીને સાસરે જાય,– બસ! એની જ તેઓ રાહ જોઇ રહ્યા હતા. કોઈ રણની મુસાફરી સમા એ લુખ્ખા, સૂકા ને વેરાન જીવનમાં જો ક્યારેક મીઠા, શીતળ જળની વીરડી દેખાતી તો એનું કારણ ફક્ત કાન્તા જ હતી! એની મા જેવો જ રૂપાળો એનો ચહેરો, શાંત સ્વભાવ ને પહેલે જ પરિચયે સૌને ગમી જાય એવી એની વિનય-વિવેકપૂર્ણ રીતભાત એમની આંતરડી ઠારતી. નાની હતી ત્યારે તો લીલાની સાથેસાથે એ પણ બધે ફર્યા કરતી. તે વખતે પોતાને એકની નહિ પણ બંનેની સંભાળ રાખવી પડતી. ધીમેધીમે કાન્તા સમજણી થઇ, ને જ્યારે એને ખબર પડી કે એની મા તો ગાંડી છે, બધા એની ઠેકડી કરે છે, ગામનાં છોકરાં એને હેરાન કરે છે, ત્યારે એ બધું જાણતાં એને દુ:ખ થતું. લીલા ઘરમાં બેસતી ત્યારે એ તેની સાથે વાતો કરવાના ઘણા યે પ્રયત્નો કરતી, પણ લીલા એને હસવા સિવાય બીજો કશો ઉત્તર જ આપતી નહિ. લીલાને ક્યારેક કલાકો સુધી શાંત બેઠેલી જોઈ કાન્તાને કેટલો આનંદ થતો! પોતે ઘેર પાછા ફરતા ત્યારે તે સામેથી દોડી આવતી ને કહેતી: 'ભાઇ, બાને સારું થઈ ગયું!' પણ એની એ આશા સાચી ન પડતી ત્યારે કોઈ વાર ખિન્ન થઇને તે પૂછતી, 'ભાઈ, બા કોઈ દિવસ ડાહી નૈં થાય?' ને ત્યારે પોતે ધરપતથી ઉત્તર આપતા, 'અરે, ડાહી કેમ નહિ થાય? એક દિ' તારી બા જરૂર ડાહી થઇ જશે.'

જ્યારે પણ લીલા શાંત બેઠેલી દેખાતી ત્યારે કાન્તા તેલનો શીશો ને કાંસકો લઇ સંભાળથી એના વાળ ઓળી દેતી. ક્યારેક એ ખાસ ધમાલ ન કરતી ત્યારે તે એને નવડાવી ધોવડાવી બીજાં કપડાં પણ પહેરાવી દેતી. લીલા જમી છે કે નહિ, તરસી છે કે ભૂખી, એ બધી બાબતોનું ધ્યાન અને કાળજી હવે એ રાખતી થઇ ગઈ હતી. વિનોદરાયને પણ એને લીધે કેટલી નિરાંત હતી! બહુ શરૂઆતમાં સંસારમાંથી ભાગી જવાના એમને આવેલા નબળા વિચાર પણ આને લીધે જ અદૃશ્ય થઈ ગએલાને? અને પછી તો પોતે પણ નસીબ સામે કમર કસીને દાવ માંડેલો. આજે તેઓ એ દાવ જીતી ગયા લાગતા હતા...

'વિનોદ! એ વિનોદ!' પોતાના મિત્રનો અવાજ સાંભળતાં વિનોદ-

સુભાષિત

एकादशस्थे गोविन्दे मुकुन्दे श्रीनिकेतने ।
किं कुर्वंति ग्रहाः सर्वे शनि जीवकुजादयः ॥

અનુવાદ

રમાપતિ રહે લાભે, ગોવિંદ ધનભાવમાં,
શનિ આદિ ગ્રહો સર્વે, ગુરુમંગલ શું કરે?

[વિવરણ: આ શ્લોક માટે ફલજ્યોતિષની થોડી પરિભાષા સમજવાની જરૂર છે. જન્મગ્રહોની કુંડલીમાં બાર સ્થાનો કરેલાં છે તેને 'ભાવ' કહે છે, અને એમાંથી જોવાનાં ફલ પ્રમાણે એનાં નામ પણ પાડેલાં છે. એ રીતે બીજા સ્થાન (અથવા 'ભાવ')માં ધનપ્રાપ્તિ જોવાય છે તેથી તેને 'ધનભાવ' કહે છે. એ જ શ્રી નિકેતન. અગિયારમા સ્થાનમાં લાભ જોવાય છે તેથી એને 'લાભસ્થાન' કહે છે. ગ્રહોમાં સારા ને ખોટા ગ્રહો હોય છે, તે પોતાના ગુણ પ્રમાણે સારું કે ખરાબ ફળ આપે છે. આ શ્લોકમાં કવિ કહે છે કે હરિ, ગોવિંદ—એટલેકે પરમેશ્વર પોતે જ ધન અને લાભનાં સ્થાનોમાં બેઠેલા હોય તો શનિ, મંગળ, ગુરુ વગેરે ગ્રહો શું કરી શકવાના છે? અર્થાત્ ઇશ્વરની કૃપા હશે તો જ કાંઈ પણ મળશે, બાકી બધું વ્યર્થ.

આજકાલ જ્યોતિષથી પોતાનું ભવિષ્ય અને લાભહાનિ જાણવા લોકો ખૂબ દોડાદોડી કરે છે. એ માટે એક ટીકા સાચી છે કે શ્રદ્ધાળુ લોકો જે ખરું પડે છે તે જ કહે છે, જ્યારે અશ્રદ્ધાળુઓ જે ખોટું પડે છે તે કહે છે. ફલજ્યોતિષની વૈજ્ઞાનિક ચર્ચાને અહીં સ્થાન નથી; પરંતુ ઈશ્વરમાં શ્રદ્ધા રાખી પુરુષાર્થ કર્યા કરવો એ જ સાચો માર્ગ છે. આપણામાં જે કહ્યું છે કે ઈશ્વરકૃપા, ઘરડાંનું પુણ્ય અને આપણો પ્રયત્ન હોય તો બધાં સારાં વાનાં છે એ વાત તદ્દન સાચી છે. **ર.ભી.**]

રાય સાવધ થયા. કન્યાને પધરાવવાનો સમય થઈ ગયો હતો. વિનોદરાય પાછા ઉમંગમાં આવી ગયા: 'હં! શું કાન્તાને બોલાવવી છે, એમ ને?' કહી તેઓ અંદરના ઓરડા તરફ જવા ઊભા થયા. છોકરાંઓ લીલા સાથે હજી પણ તોફાન કરી રહ્યા હતા. એટલામાં કોઇ મોટા માણસે એમને ધમકી આપી અને બધા હુરિયો કરતાક ને સીડી પર ચડી ગયા. લીલા એ બધાંની વચ્ચે જ હતી.

તેઓ કન્યાને પધરાવવાનું સૂચન કરવા હજી અંદર જાય છે ત્યાં તો ઉપરથી લીલાનું એક ભયંકર હાસ્ય સંભળાયું અને તેની તથા બાળકોના ઘોંઘાટ વચ્ચેથી એક તીણી ચીસ સંભળાઈ. વિનોદરાયના પેટમાં ફાળ પડી. બધા ત્યાં દોડી ગયા. અંદરથી બધી સ્ત્રીઓ પણ બહાર આવી ગઈ. એક નાનો છોકરો ઉપરથી પડી ગયો હતો અને એનું માથું ફાટી ગયું હતું. એને તપાસી જ્યારે કોઇકે કહ્યું કે 'મરી ગયો લાગે છે' ત્યારે તો બધા ડઘાઇ જ ગયા!

'પેલી લીલાએ ધક્કો માર્યો હશે' એક સ્ત્રી બોલી ઊઠી બધા લીલાને પૂછવા લાગ્યા 'કોણે ધક્કો માર્યો?'

'હીહીહી....હીહી....ધક્કો!...હીહી કૂદકો!' એમ કહેતી હસતી હસતી લીલા પડેલા બાળક સામે જોવા લાગી. ત્યાં તો પાછળથી એક છોકરો બોલી ઊઠયો: 'ગાંડીએ ધક્કો નથી માર્યો. એ પોતાની મેળે જ પડી ગયો.' સાથે બીજા બેચારે પણ એને ટેકો આપ્યો. લીલા ફાટી આંખે છોકરા સામે જોઈ જ રહી હતી. થોડી વારે એ ઓચિંતી બોલી ઊઠી: 'અનિલ પડી ગયો?'

બધાએ જોયું કે એની બોલવાની ઢબ બદલાઇ ગઈ હતી. એ ગંભીર બની ગઇ હતી અને ગાંડા માણસની આંખમાં જે એક વિચિત્ર પ્રકારનો ભાવ હોય તે એની આંખમાંથી હવે અદૃશ્ય થઈ ગયો હોય એમ લાગતું હતું! વિનોદરાય ચકિત થઈ ગયા!

'અનિલ પડી ગયો? વાગ્યું તો નથીને બહુ?' કહી એ નીચી નમી. 'અનિલ નથી આ તો—કોઇ બીજું છે...' એમ એ બોલી ત્યાં તો એની નજર વિનોદરાય પર પડી અને એ જોરથી દોડી એમને બાઝી જ પડી! વિનોદરાયે એને જરા દૂર કરવાનો પ્રયત્ન કર્યો ત્યાં એ પોતે જ સમજી ગઈ કે આટલાં બધાં માણસો વચ્ચે આમ કરવું સારું નહિ. પોતાના વાળ જરા સરખા કરી એણે માથે ઓઢયું, અને જ્યારે એ થોડી શરમાઇ ત્યારે તો બધાંને ખાત્રી જ થઈ ગઇ કે એનું ગાંડપણ દૂર થઈ ગયું હતું. તે દરમ્યાન કોઈ મરેલા છોકરાનાં માબાપને ખબર દઇ આવ્યું.

વિનોદરાયના મન પર કેટલી યે લાગણીઓ એકીસાથે ફરી વળી. લીલા ગાંડી મટી ગઈ એ એમને માટે શું ઓછું હતું? એમનું આખું જીવન સુધરી ગયું. પણ કાન્તાને ખબર પડી એ વાતની? 'અરે કાન્તા ...!' એમણે બૂમ પાડી. પણ કાન્તા તો એ ધમાલ સાંભળી એમની બાજુમાં જ આવીને ઊભી હતી. વિનોદરાયની નજર એના પર પડી ત્યારે કાન્તા મરેલા છોકરા તરફ એકી ટશે જોઇ રહી હતી.

'કાન્તા! જો હું નહોતો કે'તો? તારી બા ડાહી થઈ ગઇને?' એમણે કાન્તાને કહ્યું.

પણ કાન્તાની નજર તો છોકરાના માથામાંથી નીકળેલા લોહી પર ખીલાની પેઠે ખોડાઈ ગઈ હતી.

'કાન્તા! કાન્તુ! આ શું કરે છે?' વિનોદરાયે જોરથી એનો ખભો હલાવ્યો. બધાંનું ધ્યાન કાન્તા તરફ દોરાયું. અને ત્યાં તો એણે બધાંને ચમકાવી મૂકે એવું ભયંકર હાસ્ય કર્યું! સૌ ડરી ગયા. બસ, થયું! એ ગાંડી થઇ ગઈ હતી!

વિનોદરાયની બંને આંખો પર આંસુનાં બે બિન્દુ ચમકી રહ્યાં.

વિનાયકરાવ કરમરકર (અનુસંધાન પૃષ્ઠ ૩૬૮થી)

થઈ છે એવું માનવું નહિ. એ તો આપણી ઘરગથ્થુ ભાષામાં જ તેમની સાથે વાતો કરે છે. પરંતુ તેમના બોલવાનો આશય તેઓ તુરત ને અચૂક સમજી લે છે અને બરોબર તે પ્રમાણે વર્તે છે. નાના કહે છે કે, આ મૂંગી દુનિયામાં ભાષા કરતાં ભાવનાનાં વચનોની કિંમત છે.

એક વાર એક બિલાડી નાનાને દ્વારે આવીને બેઠી. અનાથાશ્રમમાં આશ્રય માટે અરજી લઇને આવેલા કોઈ અરજદારની દીન વાણીનાં લક્ષણો તેના ચહેરા પર નાનાને સ્પષ્ટ દેખાયાં. બિલાડીને જોતાં જ નિશા અને હીરાએ પોતાની જાત પ્રમાણે ફાળ ભરી, પણ નાનાએ તુરત તેમને રોકી બિલાડીને પાસમાં લીધી, તેની પીઠ પર હાથ ફેરવી તેની અરજી મંજૂર રાખ્યાનું તેને સમજાવ્યું, ને કૂતરાંઓને સ્પષ્ટ હુકમ આપ્યો 'હીરા! નિશા! આજથી આ આપણી પાસે રહેવાની છે હોં કે? તેને કોઈ પણ પ્રકારનો ત્રાસ આપવાનો નથી.' પોતાના હાથમાંથી શિકાર ગુમાવ્યો તેથી હીરાએ થોડો શોર કર્યો, પણ નાનાની સખત તાકીદનું ઉલ્લંઘન કરવાની તેની હિંમત નહોતી. નાના કહે છે કે પછીથી એ બિલાડીનો વાળ સુદ્ધાં કૂતરાંએ જોખમાવ્યો નથી.

આ પાળેલાં જાનવરો માટે નાના જાતે જ હમેશાં કાળજી લે છે. તેમનાં ખાનપાન, આરોગ્ય વગેરે કોઇ બાબત નોકરો કે ઘરનાં માણસોને સોંપતા નથી. ગયે વર્ષે અમેરિકા ગયા ત્યારે તેમનું અરધું ચિત્ત ઘરમાં કૂતરાં બિલાડાંમાં જ રહ્યું હતું. અને ચાર મહિને પાછા આવ્યા ત્યારે તેમનાં પ્યારાં કૂતરાંએ તેમનું જે સ્વાગત કર્યું તે જોઈ મળવા આવેલા દરેક જણની આંખોમાં અશ્રુ ઉભરાયાં હતાં.

થોડા દિવસ પહેલાં તેમની કૂતરી નિશા મરી ગઈ. તે બીમાર પડી ત્યારથી ઠેઠ તેના શબને અગ્નિદાહ આપવા સુધી નાના જાતે રોકાઇ રહ્યા હતા. મુંબાઇના ઉત્તમોત્તમ ડૉક્ટરો પાસે તેની તબિયતની તપાસ કરાવી, સુસજ્જ ઑસ્પિટલમાં તેના પર શસ્ત્રક્રિયા કરાવી ને ત્યાં તેની સંભાળ માટે નર્સની પણ ગોઠવણ કરી. વળી જાતે તેના બિછાના પાસે સતત બેસીને તેની સાથે વાત કરી ધીરજ આપતા. ઑપરેશન પત્યા પછી ચારપાંચ દિવસ તો કૂતરીની તબિયત ઘણી સુધરી, પણ ફરી ઊથલો આવતાં તેનો અંત આવ્યો. એ કૂતરી માટે બધાંને એટલો બધો ચાહ થયો હતો કે ડૉક્ટરો, નર્સ, વેટેરીનરી કૉલેજના વિદ્યાર્થીઓ, સૌને તેના મૃત્યુનો કકળાટ થયો અને એ બધાંએ તેના અંત્યવિધિમાં ભાગ લીધો. પોતાની પ્રિય કૂતરીની અંત્યવિધિ નાનાએ હિંદુ પદ્ધતિ પ્રમાણે સંપૂર્ણ દહનક્રિયાથી કરી. હજુ પણ 'નિશા'ની યાદ આવતાં તેમની આંખમાં આંસુ આવી જાય છે અને શબ્દો ગળગળા થઈ જાય છે.

નાનાના મત પ્રમાણે પ્રાણી-જગતમાં બે જ બાબતોનું બહુ મહત્ત્વ છે: પ્રેમ અને પ્રામાણિકપણું. પ્રાણીઓ પર ખરો પ્રેમ બતાવશો તો એનો બદલો મૂંગા જીવો સવાયો પ્રેમ કરી વાળી દેશે. એ જગતમાં ઢોંગને જરા પણ અવકાશ નથી. તેમની ઘ્રાણેન્દ્રિય એટલી તીવ્ર હોય છે કે ઢોંગ તરત તેમને કળાઈ જાય છે.

નાનાનું શિલ્પકલા પરનું પ્રભુત્વ અસામાન્ય છે. શિલ્પકલાના તંત્રવિધાનમાં તે ઉસ્તાદ છે. એ કલા પરની તેમની પાકી હથોટીની પ્રતીતિ તેમની કોઇ પણ કૃતિમાંથી મળશે. પરંતુ તેમનું 'પ્રાણિશિલ્પ' ઉપર કહી તે દૃષ્ટિથી મહત્ત્વનું છે. તેમાં તેઓનું શ્રેષ્ઠત્વ આટલું વિશેષ છે તેનું કારણ પ્રાણીમાત્ર ઉપરનો પ્રેમ એ જ તે શિલ્પોનું અધિષ્ઠાન છે તે છે. કરમરકરની બીજી શિલ્પકૃતિઓ પર અનેક સંપ્રદાયોના સંસ્કાર પડેલા જણાશે, પરંતુ પ્રાણીશિલ્પમાં તેમની ભૂમિ નિશ્ચિત છે.

—દ. ગ. ગોડસે



અમદાવાદમાં રાણી રૂપમતીની મસ્જિદ


ગુજરાતનું મુસ્લિમ સ્થાપત્ય

લેખક
રત્નમણિરાવ ભીમરાવ

ભારતના પ્રાચીન સ્થાપત્યમાં ગુજરાતના સ્થાપત્યનું વ્યક્તિત્વ વિશિષ્ટ છે તેમજ ગુજરાતના મુસલમાન સ્થાપત્યમાં પણ હિંદના બીજા મુસ્લિમ સ્થાપત્યને પડછે એક સૌંદર્ય-વિશેષતા રહેલી છે એમ નામાંકિત કલાવિવેચકો અને કોવિદોએ જાહેર કર્યું છે. એમાં અમદાવાદની જુમામસ્જિદ, રાણી રૂપમતીની મસ્જિદ તથા સીદી સૈયદની મસ્જિદ, રાણી સિપ્રી ને મુહાફિઝખાંની મસ્જિદો, ચાંપાનેર, ખંભાત, ધોળકા અને સરખેજની મસ્જિદો તથા રોઝા વગેરે અનેક સ્થાપત્યરત્નો જગતના નામાંકિત કોવિદોની પ્રશંસા પામ્યાં છે. આ લેખાવલિ*માં એ પૈકી પહેલાં ત્રણ સ્થાપત્યરત્નોનો પરિચય આપવામાં આવ્યો છે. –તંત્રી

ગુજરાતના મુસલમાન સ્થાપત્યનો કોઈ પણ અવશેષ જોતાં પહેલાં એ અવશેષોની સામાન્ય રૂપરેખાનો ખ્યાલ મેળવી લેવો ઇષ્ટ છે. આજે એ અવશેષોમાં મુખ્યત્વે મસ્જિદો અને દરગાહો (રોઝા) જ નજરે પડે છે. એમાંથી પ્રથમ મસ્જિદોનો વિચાર સાદી, અપારિભાષિક ભાષામાં તથા ખૂબ ટૂંકામાં કરીએ.

મસ્જિદ એટલે મુસલમાનભાઈઓનું પરમેશ્વરની પ્રાર્થના કરવાનું પવિત્ર મંદિર. મુસલમાનો માત્ર એક સર્વવ્યાપી મહાન પરમેશ્વરને માને છે અને મૂર્તિને બિલકુલ માનતા નથી, એટલે મસ્જિદોમાં મૂર્તિને સ્થાન જ હોતું નથી. મુસલમાનોનું સૌથી પવિત્ર સ્થળ અરબસ્તાનમાં મક્કા છે. એમનામાં હમેશાં મક્કાની દિશા તરફ મુખ કરીને ઈશ્વરપ્રાર્થના કરવાનો રિવાજ હોવાથી અને મક્કા આપણા દેશથી પશ્ચિમ તરફ હોવાથી મુસલમાનો હમેશાં પશ્ચિમ તરફ મુખ કરીને પ્રાર્થના કરે છે. એટલે આપણે ત્યાં બધી મસ્જિદો હમેશાં પૂર્વાભિમુખ (પૂર્વ તરફના દ્વારવાળી) હોય છે, અને એમાં પશ્ચિમ તરફની ભીંતમાં મક્કા શરીફની દિશાનું સૂચન કરતા મહેરાબ મૂકેલા હોય છે. એ તરફ મુખ રાખી પ્રાર્થના કરવામાં આવે છે. (જુઓ બાજુનું ચિત્ર.)



ઈશ્વરપ્રાર્થના તો જોકે ગમે તે સ્થળે થઈ શકે છે, પરંતુ માણસજાતને પોતાની રુચિ પ્રમાણે ઈશ્વરસ્તવન કરવા માટેનાં સ્થળોની ટેવ પડેલી છે. દરેક દેશમાં, દરેક ધર્મમાં, દરેક પ્રજાએ આ પ્રમાણે પોતાની રુચિ પ્રમાણે સ્થળો બનાવ્યાં છે. હિંદુઓએ મંદિરો બાંધ્યાં, મુસલમાનોએ મસ્જિદો બાંધી, પારસીઓએ અગિયારીઓ બાંધી, ખ્રિસ્તીઓએ ચર્ચો ને યહૂદીઓએ સાઇનેગૉગ બાંધ્યાં. સાદી ભાષામાં કહીએ તો મસ્જિદ એટલે એક વિશાળ ઓરડો. એમાં પૂર્વમાંથી પ્રવેશ કરી પશ્ચિમ તરફ મુખ કરવાનું હોય છે, એટલે એની લંબાઈ હમેશાં ઉત્તર-દક્ષિણ જ હોય છે. આટલી તેને માટેની મુખ્ય વાત ધ્યાનમાં રાખીને પછી મસ્જિદની બાંધણીમાં જે જે વિશેષતાઓ જણાય એ માત્ર જુદાજુદા દેશ અને પ્રજાનાં માનસ, સાધન તથા સંસ્કાર પ્રમાણે યોજેલી બાંધણી છે એમ સમજવું.



મુસલમાનો ભારતમાં વિજેતા બનીને સ્થિર થયા, ને મસ્જિદની બાંધણીના આ સિદ્ધાંતો પશ્ચિમથી પૂર્વ તરફ લાવ્યા એ સમયે આપણે ત્યાં હિંદુ બાંધણીના સિદ્ધાંતો પાકા થયા હતા અને એનાં ઉત્તમ પ્રકારનાં દૃષ્ટાંતો દેશભરમાં ઊભાં હતાં. હિંદુ અને મુસલમાન ધર્મના સિદ્ધાંતોમાં કેટલોક મૌલિક ફેર હતો. બંનેના આચારવિચાર-

ગુજરાતની મસ્જિદનો સામાન્ય ખ્યાલ આપતું આલેખન: એમાં મૂર્તિના ગોખને સ્થળે પશ્ચિમ તરફની ભીંતમાં (મક્કા શરીફની દિશામાં) મહેરાબ મૂકેલો હોય છે, જેની સામે મુખ કરી સૌ પ્રાર્થના કરે છે. આ ચિત્રમાં નીચેના ભાગમાં વચ્ચોવચ એ મહેરાબ દેખાય છે. એ શુદ્ધ હિંદુ સ્થાપત્યપરંપરા ધરાવે છે. માત્ર તેમાં વચ્ચે મૂર્તિને બદલે ચિરાઘનું સુશોભન હોય છે જેમાં મોટે ભાગે પૂર્ણવિકસિત કમળફૂલમાંથી સાંકળે લટકતા દીપકનું આલેખન હોય છે. મહેરાબને પડખે સીડી મૂકીને થોડી ઊંચાઈએ ધર્મગુરુને બેસવા માટે મીમ્બર (વ્યાખ્યાનપીઠ) હોય છે, તે પણ આ ચિત્રમાં દેખાય છે. (બર્જેસ)

*અમદાવાદની 'ગુજરાત સાહિત્ય સભા'ના ઉપક્રમે ગયા માસની શરૂમાં યોજાએલી સ્થાપત્ય-યાત્રા પ્રસંગે લેખકે આપેલાં વ્યાખ્યાનો.

માં ઉત્તર-દક્ષિણ જેટલું છેટું હતું. એ બધા ભેદની વિગતમાં અહીં ઊતરવું પ્રસ્તુત નથી. પણ બંને ધર્મોમાં વિભિન્ન તત્ત્વો એટલાં બધાં હતાં કે ભારતની ભૂમિ ઉપર મુસલમાન સિદ્ધાંતો પ્રમાણે ઈશ્વરપ્રાર્થનાનાં સ્થળો શી રીતે અને કેવાં બંધાશે એ એક મૂંઝવણનો પ્રશ્ન હતો. મુસલમાનો જોકે વિજેતા હતા અને ભારતવાસીઓ જિતાએલા હતા, પરંતુ ભારતમાં એ સમયે એવું ઉત્કૃષ્ટ સ્થાપત્ય ઊભું હતું કે વિજેતાઓને કોઈ પણ રીતે તોડ કાઢીને મેળ બેસાડ્યા વિના છૂટકો નહોતો. એ દૃષ્ટિએ અરબસ્તાનથી આવેલું સ્થાપત્ય ભારતમાં સ્થાનિક રંગોથી રંગાયું. પરંતુ ભારત પણ એક ખંડ જેવડો વિશાળ છે. એમાં મૂળભૂત સંસ્કૃતિની એકતા છતાં પ્રાંતે પ્રાંતે પ્રજાના ઘડતરને અનુસરીને ભેદ હતા. આથી મુસલમાન સ્થાપત્ય પણ પ્રાંતે પ્રાંતે બાંધણી અને શણગારની બાબતમાં ભિન્ન થયું.


આપણા પ્રાચીન ભારતીય સ્થાપત્યનો જેટલો અભ્યાસપૂર્ણ, વિવેચનાત્મક અને સહૃદય અભ્યાસ યુરોપીય વિદ્વાનોએ કર્યો છે તેટલો આપણે કર્યો નથી. એમાં ફર્ગ્યુસન, બર્જેસ, હૅવેલ, કઝેન્સ, સર જ્હૉન માર્શલ અને પર્સી બ્રાઉન મુખ્ય છે. એ વિદ્વાનોએ તો આખી દુનિયાના સ્થાપત્યનો અભ્યાસ પણ કરેલો હોવાથી એમની વિવેકબુદ્ધિ અને તુલનાશક્તિ આધારભૂત ગણાય એવી છે. ભારતના મુસલમાન સ્થાપત્ય માટે પણ આ વિદ્વાનો પ્રમાણભૂત ગણાય છે. ક્યાંક ક્યાંક એમણે જોકે નાની નાની ભૂલો કરી છે, છતાં સ્થાપત્યની ચર્ચામાં એમનું પ્રમાણપત્ર તો હજી પણ ઊંચું સ્થાન લઈ શકે. એવા આ વિદ્વાનો પણ, મુસ્લિમ સ્થાપત્ય કેવળ વિરુદ્ધ વાતાવરણમાં અને ખાસ કરીને આપણા પ્રાંતમાં ખીલ્યું છે તે જોઈ મુગ્ધ થયા છે, અને ગુજરાતના મુસલમાન સ્થાપત્યને માટે એમણે જે પ્રમાણપત્રો ઉચ્ચાર્યાં

હિંદુ મંદિરના ગર્ભગૃહની બહારના વિવિધ મૂર્તિઓથી ભરેલા પાસાવાળા ભાગનો મેળ ગુજરાતના સ્થપતિઓએ મસ્જિદના સ્થાપત્યમાં જે કુશળતાથી બેસાડ્યો તેનો ઉત્તમ નમૂનો તે તેના મિનારા. એ ખુદ નાના સુંદર મંદિર જેવા જ હોય છે; માત્ર તેમાં મૂર્તિઓને બદલે ફૂલવેલોની વિવિધ તરાહો હોય છે. અમદાવાદની સર્વ મસ્જિદોમાં ગીકાંટે આવેલી મુહાફિઝખાંની મસ્જિદના મિનારાની કોતરણી શ્રેષ્ઠ ગણાય છે. તેનો કાંઈક ખ્યાલ આપતા આ આલેખનમાં એ મસ્જિદના મકાનનો તિરકસ છેદ દર્શાવેલો છે. તેમાં ડાબી બાજુએ તેના મહેરાબ તથા મીમ્બર અને ઉપરના ભાગમાં ઘુમ્મટની નીચે ત્રણ બાજુએ આવેલી અપ્રતિમ બારીકાઈભરી કોતરણીવાળી જાળીઓનું આલેખન છે. (બર્જેસ)

છે તેણે ગુજરાતની કળાની પ્રતિષ્ઠા દુનિયાભરમાં પ્રસ્થાપિત કરી છે. એવાં થોડાં પ્રમાણપત્રોની ટૂંકી ચર્ચા અહીં કરી લઇએ.

આપણા સ્થાપત્યના સૌથી જૂના અને પ્રમાણભૂત ગણાતા વિવેચક ફર્ગ્યુસન છે. એ ગુજરાતના મુસલમાન સ્થાપત્યને અન્ય પ્રાંતો સાથે સરખાવતાં સૌથી વધારે હિંદુત્વના મેળવાળું કહે છે ને માને છે કે "જૈન સ્થાપત્યની અસરથી તે વધારે ઉત્તમ બન્યું છે." પરંતુ સ્થાપત્યની બાબતમાં 'જૈન' અને 'બ્રાહ્મણ' સિદ્ધાંતોના ભેદ પાડવા એ ખરું નથી. ગુજરાતમાં તો એની પ્રગતિ એવી સુમેળથી થઇ છે કે એ બધાને આપણે 'ગુજરાતી' સ્થાપત્ય જ કહી શકીએ. એ સ્થાપત્ય આપણે ત્યાં એટલી ઊંચી કક્ષાએ પહોંચ્યું હતું કે મુસલમાન સ્થાપત્યમાં એના ઘણા અંશો કાયમ જ રાખવા પડ્યા. ફર્ગ્યુસન લખે છે કે 'અગાઉ રોમમાં, ખ્રિસ્તી ને તે પહેલાંના સ્થાપત્યના સિદ્ધાંતોમાં હતો તે કરતાં ગુજરાતમાં જૈન અને મુસલમાન સ્થાપત્યના સિદ્ધાંતોમાં વધારે ઉગ્ર ભેદ હતો, છતાં પણ ત્યાંના કરતાં ગુજરાતમાં એ વધારે સફળતાથી એકતાને પામ્યો છે.' હૅવેલ કહે છે 'કે ગુજરાતનું મુસલમાન સ્થાપત્ય માત્ર નામ પૂરતું જ "મુસ્લિમ" કહી શકાય. બાકી બધી




પાછળને પાને ચિત્રપરિચયમાં જણાવ્યા મુજબ મિનારના ગોખોમાં ગુજરાતના કારીગરોએ મૂર્તિઓને બદલે ફૂલવેલની જે વિવિધતરાહો મૂકી તેનો આ નમૂનો અમદાવાદની હસન મુહમ્મદ ચિશ્તીની મસ્જિદનો છે. એ મસ્જિદના ગોખની નકશી અમદાવાદ ભરમાં સર્વોત્તમ ગણાય છે અને લાકડાના ફરનિચરની નકસી માટે તેની નકલો થએલી છે. (ચિત્ર બર્જેસ ઉ[illegible]રથી)

રીતે એ હિંદુ તત્ત્વોવાળું છે અને હિંદુ સ્થાપત્યને જ ઇસ્લામી રીત પ્રમાણે ગોઠવી દીધું છે. કોઇ પણ પ્રાંતનું મુસલમાન સ્થાપત્ય ગુજરાત જેટલું હિંદુ તત્ત્વોવાળું નથી.' ફર્ગ્યુસન એક સ્થળે કહે છે કે આ મેળ સફળ રીતે મળ્યો તેનું કારણ એ કે, 'The Mohamedans had forced themselves upon the *most civilized and most essentially building race* at that time in India, and the Chalukyas (i. e. Gujarati's) conquered their conquerors and forced them to adopt forms and ornaments, which were superior to any invader could have introduced.'

સર ટી. સી. હોપ પણ કહે છે કે સ્થાપત્યની બાબતમાં ગુજરાતની સંસ્કૃતિ જીતનારાઓ કરતાં ખૂબ પ્રગતિશીલ હતી; અને હિંદુ મુસલમાન સ્થાપત્યના અહીં સધાએલા સુમેળને એ 'The varied offspring of this strange union' કહે છે. ખરેખર ગુજરાતનું મુસ્લિમ સ્થાપત્ય આ વિચિત્ર સંયોગનું અદ્ભુત બાળક જ છે. બર્જેસ ને કઝેન્સે તો આપણા સ્થાપત્ય ઉપર સરકારની મદદથી મોટા ગ્રંથો લખ્યા છે. [illegible] એમના (અનુ. પૃ. ૪૦૬મે)

સામેના પાના પરની આકૃતિઓનો પરિચય : સ્થાપત્યના વિવિધ પ્રકારો ઓળખવા માટે જે કેટલીક માર્ગદર્શક વસ્તુઓ છે તેમાં કમાનો, ઘુમ્મટ ને મિનારા મુખ્ય છે. તે જોઇને એ કયા દેશનું તથા કયા સમયનું સ્થાપત્ય હશે તે સમજી શકાય. એની વિવિધતા અને વિશિષ્ટતાઓ એટલી બધી છે કે તેનો સમગ્ર ખ્યાલ આપતાં તો એક પુસ્તક થાય. પણ પ્રાથમિક જ્ઞાન મેળવનારને માટે થોડી પ્રાવેશિક માહિતી આપતી આકૃતિઓ સામેના પાન ઉપર આપી છે. તેમાં મથાળે કમાનો, વચ્ચે ઘુમ્મટો તથા છેલ્લે સ્તંભો કે મિનારા છે. કમાનો તો સૌથી પ્રાથમિક પ્રકારે બે થાંભલાઓ પરથી અથવા બે બાજુની ભીંતમાંથી પત્થરની છાટો આગળ પડતી કાઢતા જઇને છેવટે મથાળે સિરદલ તરીકે મોટી સળંગ છાટ મૂકી દેવાનો હતો. (આકૃતિ ૧) હિંદુ સ્થાપત્યમાં એ શૈલી વિકસીને ગુજરાતની કમાનોએ જે શોભન-સ્વરૂપો ધારણ કર્યાં તેના નમૂના આકૃતિ ૨ અને ૩માં દર્શાવ્યા છે, જે પૈકી નં. ૨ તો મસ્જિદોના મહેરાબોમાં પણ જણાશે. પથ્થરની સીધી છાટ મૂકવામાં પાછળથી કમાનને ગોળાઇ આપવામાં આવી. (આકૃતિ ૫) અને તેમાં પછી સૂર્યકિરણોની માફક ત્રાંસા પથ્થરો મૂકીને ગોળ કમાન રચવાનો પ્રકાર વિકસ્યો (આકૃતિ ૬). યુરોપના દેશોમાં જે સાંકડી અણિયાળી કમાનો થા તેને 'ગોથિક' ઘાટ કહે છે. આકૃતિ ૭માં તેનો ૧૩મી સદીનો નમૂનો બતાવ્યો છે અને ૧૫મી સદીમાં વિકસેલું તેનું સ્વરૂપ આકૃતિ ૪મે દર્શાવ્યું છે. આકૃતિ ૮ બૌદ્ધ વિહારોની 'પીપળ પાન' આકારની કમાન દર્શાવે છે. આકૃતિ ૯થી મુસ્લિમ કમાનોના પ્રકાર શરૂ થાય છે તેમાં નં. ૯ સ્ને ઈ. ૧૩૨૫ની પઠાણ સમયની, નં. ૧૦ તે પછીના ઉત્તર હિંદની, નં. ૧૧ અમદાવાદની જુમામસ્જિદની (ઇ. ૧૪૨૦) અ નં. ૧૨ છેલ્લા ૧૭મી સદીના મુઘલ સમયની કમાનોના ઘાટ દર્શાવે છે. ❦ ઘુમ્મટોની પ્રેરણા કદાચ સ્તૂપો ઉપરથી મળી હશે. આકૃ ૧ સાંચીના સ્તૂપોનો ઘાટ દર્શાવે છે. જ્યારે નં. ૨માં સ્તૂપોની આકૃતિઓ બેઠા ઘાટમાંથી ઉત્તરોત્તર વિકસીને ઘુમ્મટનું સ્વરૂપ કેમ લે ગઇ તે બતાવ્યું છે. નં. ૩માં ઓરિસ્સાના પ્રાચીન કોણાર્ક મંદિરના હિંદુ ઘાટના ઘુમ્મટો દર્શાવ્યા છે. નં. ૪થી ૮ ઈસ્લામી ઘુમ્મટો પ્રકાર દર્શાવે છે, જેમાં નં. ૪ ઈ. ૧૩૧૦નો, નં. ૫ લોદી સમયનો, નં. ૬ હુમાયૂની કબરનો, નં. ૭ તાજમહાલનો અને નં. ૮ બિજાપુર ૧૬મી સદીનો છે. ગુજરાતના ઘુમ્મટો મોટે ભાગે નં. ૫ના પ્રકારના છે. ❦ સ્તંભો અને મિનારામાં નં. ૧ હિંદુ ઢબનો ચિતોડનો જયસ્ છે; નં. ૨ ગઝનીનો ૧૧મી સદીનો અફઘાન ઘાટ છે; નં. ૩ ૧૨મી સદીનો દિલ્હીનો કુતુબ મિનાર છે; નં. ૪ ૧૫મી સદીની દખ્ખણ ઢબ બાદરનો; નં ૫ એ જ કાળનો અમદાવાદનો; નં. ૬ ૧૭મી સદીનો તાજમહાલનો ને નં. ૭ એ જ કાળનો દખ્ખણનો બીજાપુરનો ઘુમ્મટ




૧ ૨ ૩ ૪
૫ ૬ ૭ ૮
૯ ૧૦ ૧૧ ૧૨
૧ ૨ ૩
૪
૫ ૬ ૭ ૮
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭

આંખ

[કાયાની કરામત : ૨૫]

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી



હવે આપણે ડોળા વિષે જોઇએ. ડોળો એ બહારની ને અંદરની દુનિયાના દૃષ્ટિમિલાપનું નાનું છતાં મહામૂલું સાધન છે. સોયની અણી જેવડા નાનકડા પદાર્થથી માંડી દૂરસુદૂર આકાશમાં ચમકતા નક્ષત્રમાંના બારીક ઝુમખા સુધીની વસ્તુઓ જોવાની શક્તિ ધરાવતું તે એક જીવંત અંગ છે. એની ડુંગળી સાથેની સરખામણી યાદ રાખવા જેવી છે. ડુંગળીમાં જેમ ઘણાં પડ છે, તેમ ડોળામાં પણ ત્રણ પડ છે: (૧) બહારનું (૨) વચલું અને (૩) અંદરનું. અંદરના પોલાણમાં પારદર્શક પ્રવાહી દ્રવ્ય હોય છે.

(૧) બહારના પડનું નામ અક્ષિપટલ (Sclera) છે. આંખના ડોળામાં જે ધોળો ભાગ દેખાય છે તે આ જ. તે ધોળા રંગનું અને ચળવળ છે. ડોળાનો ઘાટ જાળવવાનું અને અંદરના ભાગોનું રક્ષણ કરવાનું એનું કામ છે. આમ તો તે અપારદર્શક છે, પણ ડોળાના કાળા ભાગની સાથે આવતો એનો ભાગ કાંડા-ઘડિયાળના કાચની પેઠે જરા ઊપસેલો ને પારદર્શક હોય છે. અક્ષિપટલનો આટલો જ ભાગ પ્રકાશને આંખમાં જવા દે છે. એ ભાગનું નામ કોર્નિયા (Cornea). તેનો વ્યાસ અરધા ઇંચનો અને જાડાઇ ૧/૨૦ ઇંચ જેટલી હોય છે.


અક્ષિપટલ અને કૉર્નિયાનો જ્યાં સંગમ થાય છે તેની બહારની બાજુએ અક્ષિપટલમાં એક ગોળાકાર નીક હોય છે. તેમાંથી આંખનું પ્રવાહી વહી જાય છે. જ્યારે આ નીક બંધ થઈ જાય ત્યારે આંખમાં ઝામર (glaucoma) નામનો ભયાનક ને વેદનાભર્યો રોગ થઈ આવે છે.

(૨) વચલું પડ અસંખ્ય લોહી-નલિકાઓનું બનેલું અને રંગે કાળું છે. એને કૃષ્ણપટલ (Coroid) કહે છે. આ પડ આંખને પોષણ આપે છે ને એનાં વ્યયદ્રવ્યોને બહાર વહેવડાવી નાખે છે. આંખના પ્રવાહીનું પણ એ ઉત્પત્તિસ્થાન છે. આંખની કીકી આગળનો એનો ભાગ દકૂપટ (Iris) કહેવાય છે. એ દકૂપટ લોહીની નળીઓનો બનેલો હોઇ એનો દેખાવ કરોળિયાની જાળ જેવો છે. એની મધ્યમાં એક ગોળ કાણું છે, જેને કીકી (Pupil) કહેવામાં આવે છે. દકૂપટમાં રંગકણો ભળેલાં હોવાથી એનો રંગ કાળો કે માંજરો, ભૂખરો, રાખોડિયો યા ગાઢ તપખીરિયો હોય છે. વ્યક્તિની આંખોનો રંગ આ ઉપરથી જ લેખવામાં આવે છે.


આ દકૂપટ અતિશય પ્રકાશ-ચંચલ (Light Sensitive) હોવાથી તે સ્થિતિસ્થાપક શટર (Shutter=બારણું) જેવું કામ ઉપાડે છે. તેને જોડાએલી માંસપેશીઓના કાર્યથી કીકી નાની કે મોટી થાય છે. આ રીતે તે કીકીમાં પ્રવેશતા પ્રકાશનું નિયમન કરી નેત્રપટને રક્ષવાનું કામ કરે છે.

આપણે સામાન્યરીતે માનીએ છીએ તેમ કીકી એ કોઈ 'અવયવ' નથી, પણ એ તો ફક્ત ૧/૮ ઇંચના કદનું દકૂપટની મધ્યમાં આવેલું કાણું છે. એનો રંગ તો કાળો જ હોય છે, કારણકે એમાં જોતી વખતે આંખના ડોળાની અંદરનું ગાઢ અંધારું જ દેખાય છે. તેની દ્વારા પ્રકાશ આંખમાં પ્રવેશે છે. આથી તે સમયાનુસાર નાની-મોટી થઈ આંખમાં પ્રવેશતા પ્રકાશનું વ્યવસ્થાપન કરે છે. અંધારામાં કીકી મોટી હોય છે ને અજવાળામાં તે નાની હોય છે એ તો સૌની જાણીતી હકીકત છે. ઘણા રોગોમાં—ખાસ કરીને જ્ઞાનતંતુઓના રોગોમાં એમાં વિકૃતિ પેદા થાય છે. આ કારણે કોઇ રોગની પારખમાં તે એક ધ્યાનમાં લેવાયોગ્ય મુદ્દો પણ ગણાય છે. રોગ પ્રમાણે બે આંખની કીકીઓના કદ જુદાં પડે છે. વળી તે રોગ પરત્વે પહોળી કે નાની પણ બને છે. આંખમાં થતા મોતિયામાં એનો કાળો રંગ બદલાઇ રાખોડિયો દેખાય છે. દકૂપટ લબડી પડયા હોય ત્યારે એનું ગોળ કદ ખંડિત થાય છે. વળી મનોભાવ અનુસાર પણ તેના કદમાં ફેરફાર થાય છે આનંદ, મનોવિકાર અને કામઉત્તેજના વખતે કીકી પહોળી બને છે જ્યારે ક્રોધ, ખુન્નસ, ચિંતા અને વિષાદ વખતે તે સંકોચાય છે.

દકૂપટ ને કીકીની પાછળ નેત્રમણિ (Lens) આવેલો છે. વાલના




આંખનો ડોળો



કૅમેરાનો લેન્સ

આંખની અંદરની બાજુએ (દૃક્પટ ને કીકીની પાછળ) જે નેત્રમણિ આવેલો છે તે અદ્દલ કૅમેરાના શટર જેવો છે. ઉપર ડાબી બાજુએ (આંખ છેદીને જોવાથી તે કેવો દેખાય તે રીતનું) તેનું ચિત્ર આપ્યું છે, અને જમણી બાજુ કૅમેરાના લેન્સનું. એ નેત્રમણિ પૈડા જેવી ગોળ માંસપેશીમાં ગોઠવાએલો છે અને તેમાં આરા જેવા બારીક તાંતણા વળગેલા છે. જ્યારે વધારે પ્રકાશ હોય છે ત્યારે એ માંસપેશી તાંતણાઓ દ્વારા સંકોચાઈ કીકીને કૅમેરાના લૅન્સના શટરની પેઠે ઝીણી બનાવે છે અને જરૂર પૂરતા જ પ્રકાશને અંદર દાખલ થવા દે છે. એ જ રીતે ઓછા પ્રકાશ વખતે તે ખૂલી જઇને કીકીને પહોળી કરે છે. આમ, તે આબેહૂબ કૅમેરાના શટરની પેઠે જ પ્રકાશનું નિયમન કરે છે.



આપણી બને આંખો પર પડેલી છાપને મગજમાં પહોંચાડવાનું કામ નેત્રતંતુઓ કરે છે. તે ડોળાની પાછળથી આંખમાં પ્રવેશે છે અને નેત્રપટ પર ફરીવળી, ત્યાં પડેલી છાપને મગજને પહોંચાડવા પાછા જાય છે. પણ પાછા જતી વેળા ડાબા-જમણા ડોળામાંથી નીકળેલા એ નેત્રતંતુઓ સીધા જ પોતાની દિશામાં રહીને મગજમાં નથી જતા, પણ એકબીજા પ્રતિ ફંટાઇને એકત્ર થાય છે ને પછી ત્યાંથી છૂટા પડીને મગજના જમણા-ડાબા દૃષ્ટિકેન્દ્રમાં જાય છે. આમ એક જ વસ્તુની બે છાપ પ્રથમ બે આંખોમાં અવળી પડે છે અને પછી તે ફરીથી મળી જઇને ઉલટાઇને છૂટી પડી મગજમાં તેની સવળી છાપ કેવી રીતે પાડે છે તેનું આલેખન આ ચિત્રમાં આપ્યું છે.

દાણા જેવા ઘાટ ને કદનો એ નેત્રમણિ આવરણથી મઢાએલો, પારદર્શક, સ્થિતિસ્થાપક, પાસાદાર ને કોષતંતુનાં બહુ પડોનો બનેલો છે. કોર્નિયાની જેમ તે પણ પ્રકાશનું વહન ને કેન્દ્રીકરણ કરે છે. ઉપરાંત, નજીકની વસ્તુ જોવા માટેની વ્યવસ્થામાં તે પોતાનો આકાર બદલીને દૃષ્ટિનો મેળ મેળવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

નેત્રમણિ પૈડા જેવી ગોળ માંસપેશીમાં ગોઠવાએલો છે. એ ગોળ માંસપેશીમાં જાળ જેવા ઝીણા સંધિબંધનના તાંતણા હોય છે. આ ગોઠવણી મોટરના પૈડાના દેખાવને આબેહૂબ મળતી આવે છે. એ પૈડાના પઠ્ઠા (Hub)ના સ્થાને નેત્રમણિ હોય છે, સંધિબંધનના તાંતણા તે એના આરા જેવા, અને માંસપેશી પોતે ટાયર જેવી છે.

વૃદ્ધાવસ્થામાં આ નેત્રમણિના દ્રવ્યોની જમાવટ થતાં તે અપારદર્શી બને છે. એનાં પ્રોટીન દ્રવ્યો દૂધિયો રંગ ધારણ કરે છે. આથી કીકી શ્યામ ન દેખાતાં રાખોડિયા રંગની દેખાય છે. આ સ્થિતિને મોતિયો આવવો કહીએ છીએ. માથામાં કે આંખની કીકીમાં ઈજા થવાથી, મીઠી પિશાબ રોગથી, આકાશની વીજળીનો આંચકો લાગવાથી તેમજ નેપ્થૉલ (Napthol) જેવાં ઝેરી દ્રવ્યોના વપરાશથી પણ મોતિયો ઝડપથી આવે છે. મોતિયો આવવાથી દૃષ્ટિ નાશ પામે છે. એને શસ્ત્રક્રિયા કરીને કાઢી નાખી શકાય છે. આવું ઑપરેશન ઘણું જૂનું છેઃ આપણા આયુર્વેદાચાર્ય સુશ્રુતે પણ વર્ણવ્યું છે.

(૩) અંદરનું પડ જ્ઞાનતંતુનું બનેલું છે. મૂળ તો એ નેત્રતંતુનો વાડકા જેવો પહોળો બનેલો છેડો જ છે. અહીં બહારની દુનિયાની છાપ અંકિત થાય છે અને તેનો ખ્યાલ નેત્રતંતુ દ્વારા મગજને મળે છે. આ પડ નેત્રતંતુનું બનેલું હોઈ એને નેત્રપટ (Retina) કહ્યું છે.

આ નેત્રપટમાં કોષો અને તંતુઓના એક પર એક થર ગોઠવાએલા છે. એમાં સળી (Rods) અને શંકુ (Cons) આકારના કોષવાળું પડ અતિશય પ્રકાશ-ચંચળ છે. આ ભાગ ઉપર જ બહારનાં દૃશ્યોની છાપ પડે છે. સાંજ કે રાતને વખતે ફરતાં સંધ્યાચારી ને નિશાચર પ્રાણીઓની આંખોમાં ફક્ત સળી-કોષો હોય છે. આથી એમનાં મગજમાં દૃશ્યોની અસ્પષ્ટ છાપ પડે છે; જ્યારે અતિ તીવ્ર દૃષ્ટિવાળાં પક્ષીઓની આંખોમાં ફક્ત શંકુ-કોષો જ હોય છે.

નેત્રપટની બરાબર મધ્યમાં પીતબિંદુ (Macua lutea) હોય છે. તે નેત્રપટનો અતિશય સચેતન ભાગ છે. એની મધ્યમાં વળી અતિગણો સચેતન Fovea નામનો ભાગ છે. અહીં શંકુ-કોષો વધારે સંખ્યામાં હોય છે. પછી આગળ વધતાં તે કમી થઇ સળી-કોષોની સંખ્યા વધે છે. સળી-કોષોમાં દૃષ્ટિગ્રહણ-શક્તિ ઓછી છે, પણ તે વિશાળ પટ પર પથરાયાં હોઈ એમનું દૃષ્ટિક્ષેત્ર મોટું છે. સળી-કોષો ઉપર દૃશ્યની છાપ પડે, એટલે જોનારની આંખ તેના પર કેન્દ્રિત થાય છે.તે પછી શંકુ-કોષો રૂપી તીક્ષ્ણ સાધન વડે વસ્તુની છાપ ઊઠે છે.

સળી-કોષોમાં (દૃક્-જાંબલી) Visual Purple નામનું રાસાયનિક દ્રવ્ય હોય છે. તે પ્રકાશની અસર નીચે પીળા રંગનું પડી જાય છે, ને અંધારામાં પાછું જાંબલી બને છે. એમાં રાસાયનિક ફેરફાર થવાથી સળી-કોષોના જ્ઞાનતંતુઓ ઉત્તેજિત થાય છે.

પીતબિંદુ જોડે અંધબિંદુ (Blind spot) આવેલું છે, જ્યાં પ્રકાશનાં કિરણો પડવા છતાં તે દેખાતાં નથી. સળી અને શંકુકોષો-ઉપર પ્રકાશકિરણો પડે તો જ તેની છાપ અંકિત થાય છે, પણ જો જ્ઞાનતંતુ ઉપર પડે તો તેની છાપ પડતી નથી.

નેત્રપટ ઉપર પડેલી છાપને મગજમાં લઈ જવાનું કામ નેત્રતંતુ (optic nerve) ઉપાડે છે. અતિ બારીક જ્ઞાનતંતુઓના સમૂહની થોકડી જેવો નેત્રતંતુ ⅙ ઇંચ જાડો હોય છે. તે આંખના ડોળાના પાછલા ભાગમાંથી પ્રવેશી ડોળાના પડોની બનેલી નળીમાં થઇ આખી આંખમાં ફરી વળી પાછો મગજમાં જાય છે. પણ એમ પાછા જતી વખતે ડાબા ને જમણા ડોળામાંથી નીકળેલા નેત્રતંતુઓ પોતાની દિશામાં સીધા મગજમાં ન જતાં, એકબીજા ઉપર આડા ફંટાય છે, એકત્ર થાય છે અને પછી ત્યાંથી છૂટા પડી મગજના ડાબા-જમણા દૃષ્ટિકેન્દ્રમાં જાય છે. આથી મગજના દરેક દૃષ્ટિકેન્દ્રમાં



અંધબિંદુ : આપણને દેખાતી વસ્તુઓનું પ્રતિબિંબ, આંખના નેત્રપટ-(રેટીના)ના બરોબર મધ્ય ભાગમાં આવેલું પીતબિંદુ ઝીલે છે અને તેનો સંદેશ જ્ઞાનતંતુઓ દ્વારા મગજમાં પહોંચે છે. એ જ્ઞાનતંતુઓ આખા નેત્રપટ ઉપર ફેલાએલા હોવા છતાં પીતબિંદુની નીચે એક એવું સ્થાન છે કે જ્યાં પ્રતિબિંબ પડવા છતાં પણ તેની કાંઇ અસર થતી નથી. એટલેકે ત્યાં જે ચીજનું પ્રતિબિંબ પડે તે ચીજ દેખાતી નથી! તેની ખાતરી કરવા માટે આ ઉપરનું ચિત્ર તમારી આંખ સામે દસબાર ઈંચ દૂર ધરી રાખો. હવે ડાબી આંખ બંધ કરી, જમણી આંખને ચોકડી ઉપર સ્થિર કરો; ને પછી ધીમેધીમે ચિત્ર આંખની નજીક લેતા આવો. અમુક અંતરે આવતાં કાળું ટપકું દેખાતું બંધ થશે. ત્યારે માનજો કે તેનું પ્રતિબિંબ પેલા અંધબિંદુ પર પડ્યું છે.

બે આંખોના નેત્રતંતુઓ મળેલા હોય છે. દષ્ટિકેન્દ્રોમાંથી એ પાછા આંખોના હલનચલનને અંકુશમાં રાખતા જ્ઞાનતંતુઓ આંખોમાં જાય છે. આમ થવાથી બંને આંખો સમતોલ રહી કામ કરવાને શક્તિમાન બને છે. એક જ વસ્તુની બે આંખોમાં પડેલી જુદીજુદી છાપો એકબીજામાં ભળી જઇ, એક બની તે મગજમાં દશ્યમાન થાય છે.

આંખના ડોળાના પોલાણમાં, દકૂપટ ને નેત્રમણિ વચમાં આવેલાં હોવાથી તેનાં બે ખાનાં બને છે. કૉર્નિયા ને નેત્રમણિ વચ્ચેના આગલા ખાનામાં નેત્રજળ (Aqueous Humour) નામે પ્રવાહી હોય છે, જ્યારે નેત્રમણિ ને નેત્રપટ વચ્ચેના મોટા ખાનામાં ઈંડાંની સફેદી જેવું જાડું અને ઘાસ રંગનું કાચરસ (Vitreous Humour) નામનું પ્રવાહી હોય છે. આ બન્ને પ્રવાહી પારદર્શક હોય છે.

કોઈ પણ વસ્તુની છાપ નેત્રપટ ઉપર લઇ જવા માટે આંખના દષ્ટિપથ ઉપરનાં બધાં અવયવો અને દ્રવ્યો પારદર્શક હોવાં જોઇએ. આંખનાં બહારથી અંદર સુધીનાં બધાં અવયવો અને દ્રવ્યો જેવાં કે કૉર્નિયા, નેત્રજળ, નેત્રમણિ ને કાચરસ આ પ્રમાણે જ છે.

કાચરસ ડોળાનો ઘાટ જાળવે છે, જ્યારે નેત્રજળ કૉર્નિયા ને નેત્રમણિને પોષણ આપે છે. આંખના આ બે ભાગોમાં રક્તવાહિનીઓ નથી હોતી. જો તે હોત તો તેની છાપ નેત્રપટ પર પડતાં દષ્ટિમાં વિક્ષેપ પડત. નેત્રમણિની આસપાસની માંસપેશી એક ગ્રંથી જેવું કામ ઉપાડી નેત્રજળ સ્રવે છે, જે અવારનવાર બદલાતું રહી નેત્રજળ ને કૉર્નિયાને ધોઇ સ્વચ્છ પણ રાખે છે. નેત્રજળને વહી જનાર નલિકા બંધ થઇ જાય કે જ્યારે તેનું પ્રમાણ વધી પડે ત્યારે તેનું આંખની અંદર દબાણ વધવાથી ઝામરનો રોગ થઇ આવે છે.

કાચરસમાં કોષોના સૂક્ષ્મ ટુકડા ને તાંતણાઓ હોય છે. આથી ચોખ્ખા આકાશ ભણી જોતાં નાનાં મગતરાં કે સૂક્ષ્મ તાંતણા ઊડતાં હોય એવો ભાસ થાય છે. વળી કોઇક વાર નેત્રપટ ઉપર પથરાએલી રક્તવાહિનીઓના રક્તકણો પણ દષ્ટિપથમાં આવી જતાં ચળકતાં રજકણો આમતેમ ઊડતાં હોવાનું ઘડીભર દેખાય છે. (ચાલુ)

મેઘાણી સ્મૃતિગ્રંથ બે ઉપયોગી ગ્રંથો વનસ્પતિસૃષ્ટિ : ૨

આજથી સાડા પાંચ વર્ષ પર ૧૯૪૭ના માર્ચની ૯મી તારીખે અવસાન પામેલા ગુજરાતના એ લાખેણા સાહિત્યકારની સ્મૃતિમાં શ્રી ઉમાશંકર જોષીએ સંપાદિત કરેલો સવા સાતસો પાનાંનો આ દળદાર ગ્રંથ 'જન્મભૂમિ' કાર્યાલયે (ગોઘા સ્ટ્રીટ, મુંબાઈ-૧. રૂ. ૧૨-૮-૦) બહાર પાડ્યો છે. 'ગુજરાતના રાષ્ટ્રીય શાયર' કહીને મહાત્માજીએ જેમને બિરદાવ્યા હતા તે કવિ-ગાયક, વિશિષ્ટ ગદ્યશૈલીના આવિષ્કારક, પીઢ પત્રકાર, સૌરાષ્ટ્રના તળપદા લોકસાહિત્યના આદ્ય સંશોધક ને સમુદ્ધારક, નિખાલસ વિવેચક અને માનવતાના મર્મ તથા માર્દવના પ્રીછનાર ને પુરસ્કર્તા નવલકાર–એવી અનેકમુખી સાહિત્યપ્રવૃત્તિઓના એ ખેલંદાની કુલ ૮૮ કૃતિઓમાંથી લાક્ષણિક ને પ્રતિનિધિરૂપ ચૂંટણીનો આ સંગ્રહ છે. એમાં શ્રી રામનારાયણ પાઠકના પ્રવેશક તથા શ્રી ઉમાશંકર જોષીએ લખેલી ટૂંકી જીવનરેખા સાથે સ્વર્ગસ્થનાં ૫૦ ચુનંદાં કાવ્યો, ૧૨ નવલિકાઓ, ૧૦ નવલકથાઓમાંથી માનવજીવનની વિવિધ બાજુઓ પર પ્રકાશ પાડતાં પ્રકરણો, લોક સાહિત્યની ૩૧ કથાઓ અને ૨૨ ગીતો તથા નિબંધો, વિવેચનો, વ્યાખ્યાનો આદિ એમણે ખેડેલા પ્રત્યેક ક્ષેત્રની ૨૦ નાનાવિધ વાનગીઓનો આ દળદાર ગ્રંથમાં સંગ્રહ છે.

'વનસ્પતિસૃષ્ટિ'ના નામથી આપણી ઉદ્ભિજ્જકોટિ તથા તેનો આર્થિક અને ઔષધીય પરિચય આપી, ગુજરાતી સાહિત્યને સધન કરતો હજાર પાનાંનો વનસ્પતિશાસ્ત્ર પરનો અનેકવિધ માહિતી આપતો એક ગ્રંથ કચ્છના શ્રી ગોકલદાસ ખીમજી બાંભડાઇએ ઈ. ૧૯૪૦માં પ્રકટ કરેલો. ફક્ત વનસ્પતિપ્રેમથી જ પ્રેરાઈ સ્વ. જયકૃષ્ણ ઇદ્રજી પાસેથી દીક્ષા લઈ એ વિષય પાછળ અવધૂત બનેલા આ વિદ્યાપ્રેમીને, તેમના આ કર્તવ્યધર્મમાંથી અનેક વ્યાવહારિક બંધનો કે પત્ની તથા એકમાત્ર પુત્રના અવસાન જેવા દુઃખદ પ્રસંગના આઘાતો પણ શિથિલ નથી કરી શક્યા એ એમના જ્ઞાનપ્રેમની ઉત્કટતાનો જ નિર્દેશ કરે છે. અંગ્રેજી ભાષાનો કક્કો યે શીખ્યા વગરના એ વનસ્પતિપ્રેમીએ ભારતના વનેવન તથા પહાડપર્વતો ભમીને, વિનીતભાવે તજ્જ્ઞોનો સંપર્ક સાધીને, એ વિષયના અંગ્રેજી ગ્રંથોમાં આપેલી માહિતીઓ મેળવવા અંગ્રેજી વાંચનારા રોકીને, એ જ્ઞાનપ્રાપ્તિ પાછળ જે પુરુષાર્થ ખેડ્યો છે તે અભિનંદનીય અને અનુકરણીય છે. એ મહામૂલો ગ્રંથ લખીને એમણે ગુજરાતી વિજ્ઞાન-સાહિત્ય તથા સમાજની જે સેવા કરી છે તેની પૂર્તિરૂપ એનો બીજો ખંડ આજ અગિયાર વર્ષે પ્રકટ કરી પોતાના વનસ્પતિપ્રેમની એ જ્યોત આજે એમની ૭૦ વર્ષની વયે પણ એવી જ પ્રોજ્જ્વલ રહી હોવાની એમણે પ્રતીતિ આપી છે. આ બીજા ખંડમાં (૧) બીજાંકુરી, પૂર્ણાંગી (૨) સપુષ્પી (નવી પદ્ધતિએ), (૩) આચ્છાદિતમયી (૪) દ્વિદળ તથા (૫) સંકીર્ણદળ વનસ્પતિનો આહારિક, આર્થિક અને ઔષધીય પરિચય આપ્યો છે. પ્રકાશક : ચારુતર વિદ્યામંડળ, વલ્લભવિદ્યાનગર (આણંદ પાસે).

સ્કૉટલૅન્ડના મૉન્ટ્રોઝ ગામની આઠ વરસની છોકરી જીન પર્વિસ આખા બ્રિટનમાં નાનામાં નાની બંદૂકબાજ છે. સ્થાનિક રાઈફલ ક્લબની એ વરસેક દિવસથી સભ્ય થઇ છે, પણ બ્રિટનના બધા મુખ્ય મેળાવડાઓમાં સ્ટૅન્ડર્ડ મોડેલની રાઈફલ વડે એણે બંદૂકબાજીમાં ભાગ લીધો છે.

પહોળા પાયજામા અને બારીક પહેરણો ફરફરાવતા નાજુકબદન ગુજરાતી પતંગિયાંઓને અર્પણ.

મનોમંથન

કાકાસાહેબ કાલેલકરના તરુણ કાળનાં સંસ્મરણોની ('સ્મરણયાત્રા'ની અનુગામી) લેખમાળા

૯ સ્વામી વિવેકાનંદ

એ જમાનામાં સ્વામી વિવેકાનંદની અસર સમગ્ર ભારત પર પથરાએલી હતી. હારીને નિરાશ બનેલા રાષ્ટ્રમાં સ્વામી વિવેકાનંદે આત્મવિશ્વાસનું ચૈતન્ય પ્રકટાવ્યું. હિંદુસ્તાનનો વેદાંત ધર્મ એ કેવળ તાર્કિક અને દાર્શનિક ચર્ચા કરનારા આરામપ્રિય લોકોના વિલાસની વસ્તુ નહિ, પરંતુ સમગ્ર માનવજાતિનો સાર્વભૌમ વૈજ્ઞાનિક ધર્મ છે એટલો વિશ્વાસ એમણે દેશપરદેશમાં જાગ્રત કર્યો.

આમ તો હું નાનપણથી જ સ્વામી વિવેકાનંદનું નામ સાંભળતો આવ્યો હતો. સ્વામી વિવેકાનંદે અમેરિકા જઈ શિકાગોની વિશ્વધર્મ પરિષદમાં જે સભાજય કર્યો તેની આખા હિંદુસ્તાન પર વીજળી જેવી અસર થઈ. કદાચ ૧૮૯૩ની એ વાત હશે. એ વખતે હું આઠદસ વર્ષનો હતો. અમારા ઘરમાં ત્યારથી મારા મોટા ભાઈ અણ્ણા સ્વામી વિવેકાનંદની વાતો કરવા લાગ્યા. પશ્ચિમના કોઈ લેખકે Ars Vivendi નામનું એક અંગ્રેજી પુસ્તક લખેલું. એ વાંચીને મારા મોટા ભાઇ બહુ ઉત્સાહિત થયા હતા. હું માનું છું કે એ પુસ્તકમાં આત્મશક્તિની કંઇ વાતો લખી હશે. ગૂઢ શક્તિઓનો જાણે આખો ખજાનો મળી ગયો હોય એમ ઉત્સાહિત થઇ મારા ભાઇ એ નવું સાહિત્ય વાંચવા લાગ્યા. એ પછી સ્વામી વિવેકાનંદ લિખિત રાજયોગ, કર્મયોગ અને ભક્તિયોગ આદિ ગ્રંથ અમારા ઘરમાં આવ્યા.

વિવેકાનંદની પ્રેરણાથી બે માસિકો ચાલતાં હતાં. એક હતું 'પ્રબુદ્ધ ભારત' બીજું 'બ્રહ્મવાદિન્'. એ બંને માસિક પણ અમારા ઘરમાં આવવા લાગ્યાં. મારા મોટા ભાઇ બહુ ઉમંગથી એ બંને વાંચતા અને બીજાઓને સંભળાવતા. રાજમ્ ઐયર નામના કોઇ સારા લેખક Rambles in the Vedanta નામની એક લેખમાળા તેમાં લખતા હતા. એ લેખમાળાની પણ એ કાળે સારી પ્રતિષ્ઠા હતી. અમે નાનાં બાળકો તો એમાં શું સમજીએ? પણ મોટા ભાઇનો ઉત્સાહ જોઈ અમે પણ ઉત્સાહિત થઇ જતા કે કોઇ અદ્ભુત ચીજ પ્રકટ થઈ રહી છે. અમે તો એટલું જ જાણતા કે સ્વામી વિવેકાનંદ નામના એક ભારતીય સંન્યાસીએ અમેરિકા જઈ ત્યાં સિદ્ધ કર્યું છે કે હિંદુ ધર્મ જ બધા કરતાં સારો ધર્મ છે. હવે તો ત્યાંના ઇસાઇઓ પણ હિંદુ ધર્મનો સ્વીકાર કરી એમના શિષ્ય થવા લાગ્યા છે! અમારું ધાર્મિક અભિમાન ઘણું જ વધી ગયું. હું એમ કહેવા માગું છું કે એ અભિમાન ગરમ થઈ જઇને શ્વેત ઉષ્ણતાની કોટિ સુધી પહોંચી ગયું હતું. આટલું થવા છતાં પણ મેં પોતે તો સ્વામી વિવેકાનંદનું કંઈ યે વાંચ્યું નહોતું. મહાભારતની જે બેત્રણ કથાઓ વિવેકાનંદે પોતાનાં ભાષણોમાં કહી હતી, એ તો સાંભળી ચૂક્યો હતો. આ ઉપરાંત વેદાંતધર્મ કે ત્રિવિધ યોગને વિષે હું બહુ જ થોડું જાણતો હતો.

એટલું તો નાનપણમાં જ સાંભળેલું કે વેદાંત કહે છે કે દરેક મનુષ્ય બ્રહ્મ છે. એમ પણ સાંભળેલું કે યોગ કરવાથી મનુષ્ય હવામાં ઊડી શકે છે, બીજાના મનની વાત જાણી શકે છે, ત્રિકાળજ્ઞાની બને છે ને ખાધાપીધા વિના જીવી શકે છે. ધ્યાન કરવાથી ઈશ્વરનું દર્શન થાય છે એ પણ હું જાણતો હતો ને એ માનતો યે હતો. પણ કૉલેજકાળ દરમ્યાન જ્યારે બુદ્ધિવાદ તથા સંશયવાદ મારા પર સવાર થયા ત્યારે એ પુરાણી વાતો મને મદદ ન કરી શકી. સંતોએ ઈશ્વરની કૃપા અને ઇશ્વરની શક્તિની અસંખ્ય વાતો કહી હતી, ને નાનપણમાં હું એને માનતો પણ હતો. પરંતુ જ્યારે ખુદ ઈશ્વર જ આફતમાં આવી પડ્યો ત્યારે તેની સાથે તેનું કર્તુમ્ અકર્તુમ્ અને અન્યથા કર્તુમ સામર્થ્ય પણ હવામાં ઊડી ગયું. એ બધી શક્તિઓ હવે હું વિજ્ઞાનમાં જોવા લાગ્યો, જેણે વગર ઇશ્વરે અસાધારણ પ્રગતિ કરી દેખાડી હતી.

પ્રાર્થના-સમાજે મને નૈતિક જીવનનું મહત્ત્વ સમજાવ્યું. સત્યનિષ્ઠા, પરોપકાર, ત્યાગ, સેવા આદિ વાતો આકર્ષક થઈ. પણ એને માટે યે ઈશ્વરની આવશ્યકતા નહોતી. જ્યારે માણસના હૃદયે ઈશ્વર જેવી વસ્તુ જન્માવી અને તેને સર્વશ્રેષ્ઠ સ્થાન આપ્યું ત્યારે ઇશ્વરના હોવાની સંભાવના કબૂલ કરવી જોઈએ ત્યાં સુધી હું આવી ચૂક્યો હતો. આવી તૈયાર ભૂમિ પર સ્વામી વિવેકાનંદના વેદાંત દર્શનનું બીજ રોપાયું અને તેણે એકદમ તેનાં મૂળ જમાવ્યાં. નાનપણથી ઇશ્વરનિષ્ઠા અને ભક્તિ જે નષ્ટ થઇ ચૂકી હતી તે જ હવે ખાતરના રૂપમાં મદદગાર થઇ પડી.

આનું મુખ્ય કારણ એ હતું કે સ્વામી વિવેકાનંદે મને કોઇ અસહાય ઈશ્વર પાસે ન મોકલતાં મારા પોતાના જ હૃદયમાં અખંડ વિરાજમાન આત્માની તરફ વાળી દીધો. તમે જ તમારા માલિક છો; તમારી જ આત્મશક્તિ આખા વિશ્વમાં વ્યાપી રહી છે; ઈશ્વર જેવી કોઈ અલગ બાહ્ય આસમાની વસ્તુ નથી, એ તો અંતરાત્માની જ વિશાળ આવૃત્તિ છે; આ વાતને જ્યારે હું વિવેકાનંદની ચૈતન્યમયી વાણી દ્વારા સમજી શક્યો ત્યારે મારામાં નવી શ્રદ્ધા આવી ગઇ. એમ નથી કે આ બધી વાતો મેં ક્યારે યે વાંચી કે સમજી નહોતી, પરંતુ એ વાતો ત્યારે હૃદયંગમ નહોતી થઇ. સ્વામી વિવેકાનંદની જ એ ખૂબી હતી કે એમણે સૌથી મહત્ત્વની આ વાત મારે માટે પ્રત્યક્ષ બનાવી.

સાથોસાથ ધર્મનું સર્વોચ્ચ સ્વરૂપ, હિંદુધર્મની ખૂબીઓ, માનવજાતિ પ્રત્યેનું મારું કર્તવ્ય અને અંતરાત્માની અમર્યાદ શક્તિ, આ બધી વાતોનું યથાર્થ દર્શન મને થયું. અને તરત જ મારા જીવને પલટો ખાધો. કારવારની હિંદુ સ્કૂલમાં જે સંસ્કાર મને મળ્યા હતા તેની ગંભીરતા હવે હું સમજવા લાગ્યો અને હું આત્મનિષ્ઠ, ઈશ્વરનિષ્ઠ તથા એથી યે વધુ તો જીવનનિષ્ઠ થયો. આ પછી તુકારામ, જ્ઞાનેશ્વર, એકનાથ આદિની વાણી મને નવી દૃષ્ટિએ ચેતનવંતી જણાવા લાગી. ગીતાની જે અસર મારા મન પર થઈ હતી એથી વિશેષ ઉપનિષદ-કાલિન ઋષિઓનાં મનન તથા વચનની થવા લાગી.

પણ આ યે અંતિમ સ્થિતિ નહોતી. એ પછી પણ કેટલાં યે ક્ષેત્રો મારે ખોળવાં પડ્યાં અને નવીનવી વાતો સમજવી પડી. પરંતુ એ બધાંનો પાયો તો સ્વામી વિવેકાનંદના અધ્યયનથી જ નંખાયો. કેટલી દિલગીરીની વાત છે કે ન તો મને એ સ્વામી વિવેકાનંદના દર્શનનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું, કે ન તો એમની શિષ્યા સિસ્ટર નિવેદિતાને જોવાની તક મને મળી—કે જેમની મારા જીવન પર આટલી ઊંડી અસર પડી છે.

('મંગલપ્રભાત'માંથી)

નિર્બંધિકા બંધ!

બકુલ ત્રિપાઠી

હવે એને બદલે રાશિવાર ભવિષ્ય આપવાનું વિચારે છે

'તમે મૂરખ છો!' મહેન્દ્રભાઈએ મને કહ્યું.

'એમ કે?'

'હા, અને 'કુમાર'ના તંત્રીશ્રી તમારાથી પણ મોટા...'

'ઉમરમાં તો જાણે મોટા છે જ, પણ...' હું કહેવા જતો હતો ત્યાં એમણે પાછું ઉમેર્યું, 'ને વાચકો તો એથી યે મોટા મૂરખ છે!'

'એમ કે? એવું શાથી લાગ્યું?'

'તમે મૂરખ છો કારણ કે તમે નિર્બંધિકા લખો છો, તંત્રીશ્રી છે કારણકે એ છાપે છે, અને વાચકો મૂરખ છે કારણકે એ વાંચે છે.'

'પણ નિર્બંધિકાએ આપના પૂજ્ય વડીલનું એવું તે શું...'

'બગાડ્યું કંઇ નથી. હું એનો વિરોધ કરૂંછું કેમકે એ નિરુપયોગી છે.'

'નિરુપયોગી?'

'હાસ્તો. એ વાંચીને કોને ફાયદો થાય એમ છે? એમાંથી શીખવાનું શું મળે છે? જનતાને એનાથી લાભ શો થાય છે?'

માર્યા ઠાર! આ તો ભાઇ, આપણી કલ્પનામાં જ કોઈ વાર નહિ આવેલું. આ બધું લખવું એ ઠીક છે, પણ એનો ઉદ્દેશ શો? આવુંઆવું વાંચીને કોઇનો પગાર વધ્યો? કોઈએ ઈશ્વરભક્તિ શરૂ કરી? કોઈના બૂટ ડંખતા બંધ થયા? કોઇને મોક્ષ મળ્યો? કોઈની પત્નીએ છોકરાંને મારવાનું બંધ કર્યું? કોઇનો અપચો મટ્યો? કોઈનાં પાપ ધોવાયાં? કોઈને ય કંઇ કરતાં કંઇ ફાયદો થયો? તો પછી આ લખવું શા માટે? નિર્બંધિકા લખવી જ શા માટે?

હું જો કવિ હોત તો ઝુલ્ફાં ઉછાળીને કહેત, 'મેઘને કહો, ગર્જના કરવાનું બંધ કરે; મોરને કહો ટહુકવાનું બંધ કરે; ફુલને કહો ખીલવાનું બંધ કરે; પંખીને કહો, ઊડવાનું બંધ કરે; ચંદ્રને કહો ચીતરવાનું (અરે ભૂલ થઈ) ચમકવાનું બંધ કરે; ને પછી મને કહેવા આવજો!'

પણ હું કવિ નથી, કવિ થાઉં એવો તાત્કાલિક સંભવ પણ નથી. એથી આવો જવાબ તો મારાથી ન અપાય; એટલે મારે માટે તો એ સવાલ ચારે બાજુ નાચતોકૂદતો ગાતો ઘૂરકતો, ડોળા કાઢતો, દાંત કચકચાવતો ઘૂમી રહ્યો છે: શા માટે? શા માટે? નિર્બંધિકા લખવી શા માટે? છાપવી શા માટે? વાંચવી શા માટે? કોના ફાયદા માટે? કોના લાભ માટે? કોના કલ્યાણ માટે?

અને એનો જવાબ ન જડ્યો તે ન જ જડ્યો. હોય તો જડે ને? મને ખૂબ પશ્ચાત્તાપ થયો. મેં આટલો વખત કેવી નિરર્થક પ્રવૃત્તિ કર્યા કરી? નિર્બંધિકા લખીને મેં કોનું કલ્યાણ કર્યું?

મારું હૃદય પશ્ચાત્તાપથી ભરાઇ ગયું; શોકથી ઊભરાઈ ગયું. મેં સંકલ્પ કર્યો કે આ અંકે લખવું તો કંઈ ઉપયોગી જ લખવું. લખનારને ઉપયોગી નહિ હોય તો ચાલશે, છાપનારને ઉપયોગી નહિ હોય તો વાંધો નહિ, પણ મારા લાખો-કરોડો વાચકોને તો ઉપયોગી થાય જ એવું લખાણ લખવું.

પણ એવું તે શું લખવું? બેત્રણ પાનાં ભરીને વિષ્ણુ-સહસ્રનામ લખી આપું તો એથી વાચકોનું કલ્યાણ થાય એ ખરું, પણ એ લોકો વાંચે તો ને? સત્યં વદ, ધર્મં ચરનો ઉપદેશ આપું તો યે કોઇ ન વાંચે. પણ તો પછી સૌ વાંચે, સૌને ઉપયોગી હોય એવું લખવું શું?

હા, બે વસ્તુઓ છે ખરી. એમાં આજકાલ સૌને રસ છે. સૌ તંત્રીઓ એને હોંશેહોંશે અપનાવે છે ય ખરા, ને એથી સૌનું કલ્યાણ થતું હોવાનું પણ મનાય છે. એ બે અણમૂલા વિષયો તે વૈદક ને જ્યોતિષ!

વૈદક બાબતનું—આરોગ્ય અંગેનું તો ઘણું લખી શકાય. રોજ ભજિયાં ખાવાં છતાં ઉધરસ ન થાય એવી દવા, એકલા બટાટા ખાઈને પહેલવાન થવાનો નૂતન પ્રયોગ, ફળોનાં છોતરાં—ખાસ કરીને નાળિયેરનાં છોતરાંમાં રહેલું પૌષ્ટિક તત્ત્વ, વાળ ટૂંકા કાતરવાથી અપચો કેમ મટે છે એની પ્રક્રિયા, બે આનાનું એક એવાં રોજનાં સત્તર સંતરાં ખાવાથી દોઢ વર્ષમાં ચશ્માંનો નંબર કેમ ઘટાડી શકાય એ કુદરતી ઉપચાર; વગર દવાએ, વગર કસરતે, વગર ખાધે ફક્ત મારો લેખ વાંચીને જ વજન કેમ વધારી શકાય—એવુંએવું લખું તો જનતાને ચોક્કસ ફાયદો થાય એમ મારું માનવું છે. સૌ હોંશેહોંશે વાંચશે એની પણ ખાતરી છે. હું વૈદરાજ ગણાઇશ એ વધારામાં.

આમ છતાંય નિર્બંધિકાને બદલે વૈદકના લેખ નથી લખતો એનું કારણ એટલું જ કે હું અહિંસક છું; અને વૈદકના લેખ લખવામાં સીધી હિંસા ભલે ન હોય પણ આડકતરી રીતે તો......

તો બીજું રહ્યું જ્યોતિષ. અઠવાડિક અથવા માસિક ભવિષ્ય કે વાર્ષિક વર્તારા લખું તો મારી તો કીર્તિ વધે, પણ એ છાપનાર માસિકનો ફેલાવો પણ વધી જાય. એટલે આ ખ્યાલથી ઉત્સાહિત થઈને મેં તંત્રીશ્રીને કહ્યું, 'આજથી નિર્બંધિકા બંધ!'

'કેમ? થયું શું? સી.આઈ.ડી.વાળાએ કંઈ...'

'ના ભાઈ, ના; પણ નિર્બંધિકા નિરુપયોગી છે એની મને ખાતરી થઇ ગઇ છે, એટલે હવે મારે લોકોને જે ઉપયોગી હોય અને જેમાં લોકોને રસ હોય એવું કંઇક લખવું છે.'

'શું લખશો?'

'અઠવાડિક રાશિવાર ભવિષ્ય—તમારા પત્ર પૂરતું માસિક ભવિષ્ય. નિર્બંધિકા અને કવિતા એ બન્ને નિરુપયોગી વિભાગોને બદલે આપણે 'કુમાર'માં રાશિવાર ભવિષ્ય આપવાનું રાખીએ તો 'કુમાર'નો ફેલાવો યે વધે ને જનતાનું કલ્યાણ પણ...

તંત્રીશ્રીને વિચાર ગમ્યો હશે એટલે, કે કોણ જાણે, પણ મને કહે, 'તમને જ્યોતિષ આવડે છે?'

'એની શી જરૂર છે?' મેં કહ્યું. 'અઠવાડિક ભવિષ્ય લખવા માટે અભ્યાસ હોવો જોઈએ એવું વળી કોણે કહ્યું? હું બીજાં બધાં સાપ્તાહિકોમાં આવતું અઠવાડિક ભવિષ્ય વાચું છું, મારી રાશિનું જ નહિ, બધી જ રાશિનું ભવિષ્ય વાચું છું એ મારી ઓછી લાયકાત છે? અને એને તમે પૂરતી લાયકાત ન ગણો તો ય શું? એમ જો દરેક કામમાં દરેક જણ પોતાની લાયકાત જોવા બેસે, તો તો મહેરબાન, આપણા આ દેશમાં કોઇથી કશું થાય જ નહિ. પ્રધાનોથી રાજ ચલાવાય નહિ, નેતાઓથી ભાષણ કરાય નહિ, કેટલાય છાપાંવાળાથી છાપાં ચલાવાય નહિ, શિક્ષકોથી ભણાવાય નહિ, વડીલોથી લોકોને લડાય નહિ, ડૉક્ટરોથી દરદીઓની દવા કરાય નહિ અને... ટૂંકમાં એવી લાયકાત-બાયકાતનો વિચાર કરવા બેસીએ તો આપણા દેશની સંસ્કૃતિ જ કકડભૂસ કરતી ભાંગી પડે. એટલે મારે રાશિવાર ભવિષ્ય લખવા માટે લાયકાતનો પ્રશ્ન રહેતો જ નથી.'

'પણ તો ય......'

'ઠીક, ચાલો, કોઈ જાણકાર પાસેથી શીખી આવું તો?'

'તો મને વાંધો નથી.'

એટલે હું એક સાપ્તાહિકમાં અઠવાડિક ભવિષ્ય લખનાર

કેમકે આવુંઆવું વાંચીને કોઇનો પગાર વધ્યો? કોઇએ ઈશ્વરભક્તિ શરૂ કરી? કોઈના બૂટ ડંખતા બંધ થયા? કોઇની પત્નીએ છોકરાંને મારવાનું બંધ કર્યું? કોઇનો અપચો મટયો? કોઈનાં પાપ ધોવાયાં? કોઇને ય કાંઈ કરતાં કાંઇ પણ ફાયદો થયો? તો પછી આ નિબંધિકા લખવી જ શા માટે?

જ્યોતિર્વિદ પાસે ગયો. કલેક્ટરની ઑફિસમાં મારે ઓળખાણ છે. એ ઓળખાણની મદદથી એ જ્યોતિષીને બંગલો બાંધવા માટે સિમેન્ટની પરમિટ કઢાવી આપવાનું મેં વચન આપ્યું ત્યારે એમણે મને રાશિવાર ભવિષ્ય લખતાં શીખવવાનું કબૂલ્યું.

'લિપ્ટનની ચાના બાર ખાલી ડબ્બા લઈ આવો!' એમણે પહેલી આજ્ઞા કરી. એમના નોકર પાસે અમે એ બજારમાંથી મંગાવ્યા.

'હવે દરેક પર ગુંદરથી એકએક કાપલી ચોંટાડો!' એમ કર્યું.

'હવે એ દરેક પર એકએક રાશિનું નામ લખો!'

'પણ...પણ...'

'કેમ?' એમણે ભવાં ચડાવ્યાં.

'બાર રાશિ કઇ એ જ મને યાદ નથી. એટલું યાદ છે કે બળદ, માછલી, વીંછી, વાઘ, બિલાડી, વાંદરો એવાં બધાંનાં ચિત્રો આવે છે ખરાં...'

'નમઃ શિવાય! નમઃ શિવાય! વાઘ, બિલાડી અને વાંદરાનાં ચિત્રો તો કોઇ દિવસ અઠવાડિક ભવિષ્યમાં આવતાં હશે?'

'ત્યારે બીજાં કશાકનાં હશે; પણ બાર ચિત્રો આવે છે ખરાં.'

'એ બાર રાશિ કહેવાય. એના નામ વૃષભ, મેષ...એમ કહીને એમણે બાર રાશિઓ ગણાવી. મેં બાર ડબ્બા પર એ નામ લખ્યાં.

'ઠીક; હવે?'

'કાગળની થોડી કાપલીઓ બનાવો.' મેં એ ય બનાવી.

'તમને લખતાં આવડે છે?' એમણે સવાલ પૂછ્યો.

'હાસ્તો; પણ હું નિબંધિકા તો નથી જ લખવાનો. એ વસ્તુ નિરુપયોગી છે, એથી કોઇનું કલ્યાણ નથી થતું, એથી....'

'આમાં લેખ નથી લખવાના; દરેક કાપલી પર છૂટાંછૂટાં વાક્યો લખવાનાં છે.'

'તો તો ઠીક; એ તો મને ગમે.'

'તો પહેલાં બાર કાપલી પર બાર સંબોધનો લખો: શ્રીમાન, મહેરબાન, શેઠજી, ભાઈશ્રી વગેરે...... લખ્યાં?'

'હા.'

'હવે થોડાં અંગ્રેજી વાક્યો લખો. અઠવાડિક ભવિષ્યમાં હમેશાં અંગ્રેજી વાક્યો આવવાં જોઈએ. તો જ લાગે કે આપણે મૉર્ડન છીએ.'

'મૉર્ડન નહિ, પણ મૉડર્ન...' મેં સુધાર્યું.

'ભલે તો મૉડર્ન; પણ ગમે તેમ થોડાં ઇંગ્લિશ સૂત્રો તો વાપરવાં જ, સમજ્યા? દા. ત. મહેરબાન, તમારી સાઈકલના આગલા વ્હીલમાંથી હમણાં તો હવા નીકળી ગઇ લાગે છે, પણ 'ઑનેસ્ટી ઇઝ ધ બેસ્ટ પૉલિસી' એટલે ખોરાકમાં ધ્યાન રાખવું; અથવા તો શ્રીમાન આ અઠવાડિયું તમારે લોખંડને પાયે બેસે છે અને પેલું તો જાણો છો ને? 'ગોલ્ડ ઈઝ બેટર ધૅન સિલ્વર', એટલે મિત્રોથી ચેતતા રહેવું. બસ આવાં થોડાં અંગ્રેજી સૂત્રોવાળી કાપલીઓ બનાવો.'

'ઠીક; બીજું શું કરવાનું?'

'પછી બીજી કાપલીઓ પર બીજાં થોડાં વાક્યો લખો: દુશ્મનોથી સંભાળવું, મિત્રોથી ચેતતા રહેવું, હરીફોનું ધ્યાન રાખવું, બેકારોએ નોકરીની શોધ કરવી, સાહેબ પાસે પગાર-વધારો માગવો નહિ, પત્નીની તબિયતની ચિંતા કરવી નહિ, એવી થોડી શિખામણો તૈયાર કરી રાખવી; અને કમાણી વધે પણ ખર્ચો ય વધે, ખર્ચો વધે પણ કમાણી ય વધે, કોર્ટના કામમાં લાભ મળે ને કચેરીના કામમાં ગેરલાભ મળે, જાહેર જીવનમાં ઝગડા વધે ને ખાનગી જીવનમાં ય ઝગડા વધે, બુદ્ધિ કસ્યાથી ફાયદો થાય-ન કસ્યાથી એથી ય મોટો ફાયદો થાય, આવાં વાક્યો કાપલીઓ પર લખવાં.'

'આવું તો મને આવડે છે.'

'બસ ત્યારે. આવાં લખાણોની કાપલીઓ તૈયાર કરી, તેના બાર સરખા ભાગ કરી પેલા બાર ડબ્બામાં નાખી દેવાની, અને પછી દરેક ડબ્બાની કાપલીઓમાં જે હોય તે સળંગ લખી નાખવું, એટલે થઈ જાય અઠવાડિક રાશિવાર ભવિષ્ય.'

'પછી બીજા અઠવાડિયે?'

'એ બારે ડબ્બા ખાલી કરી, બધી કાપલીઓ ભેળસેળ કરી, ફરી બાર ડબ્બામાં વહેંચી દેવી એ થયું બીજા અઠવાડિયાનું ભવિષ્ય...'

'પછી ત્રીજા અઠવાડિયે ફરીથી કાપલીઓ કાઢી, ભેળસેળ કરી, ફરી ડબ્બાઓમાં ભરવાની, એમ ને?'

'બરોબર.'

સિમેન્ટની પરમિટ માટે મારા ઓળખાણવાળા પર ચિઠ્ઠી લખી આપીને એમની પાસેથી હું નીકળ્યો ત્યારે મારા હૃદયમાં શાંતિ થઈ ગઈ હતી. નિબંધિકાને બદલે હું હવે રાશિવાર ભવિષ્ય લખી શકીશ, એ વાંચીને લોકોને ભવિષ્ય જાણવાનું મળશે, એ મુજબ સૌ યોજનાઓ તૈયાર કરશે, ને એ યોજનાઓ પ્રમાણે વર્તવાથી એમના બધા જ મહિના સારા જશે, એમનું જીવન સુધરી જશે, ચારે બાજુ આનંદ આનંદ થઇ રહેશે, પૃથ્વી પર સ્વર્ગ ઊતરશે...

પણ હવે વાંધો એક જ છે. અમારા તંત્રીશ્રીને મારા જ્ઞાનમાં શ્રદ્ધા નથી, મારી જ્યોતિષની પદ્ધતિમાં એમને વિશ્વાસ નથી, અને એ માને નહિ ત્યાં સુધી 'કુમાર'માં રાશિવાર ભવિષ્ય અપાય કેવી રીતે? મેં તો આ દિવાળી અંકમાં જ આવતા વર્ષનો વર્તારો આપવાની તૈયારી બતાવેલી, પણ તંત્રીશ્રી માને તો ને? (જોયું ને? આ તંત્રીઓની કેટલી દાદાગીરી હોય છે!)

એટલે હમણાં તો નિરુપયોગી નિબંધિકા જ લખવી પડશે. હશે! જે ભાગ્યમાં લખ્યું હોય તે મિથ્યા ક્યાંથી થાય? ઈશ્વરને પ્રાર્થના એટલી જ કે હે પ્રભુ, તંત્રીશ્રીને મારા જ્યોતિષમાં શ્રદ્ધા બેસે એવી એમને સદ્‌બુદ્ધિ આપો, જેથી વાચકોને ઉપયોગી એવું કંઇક...

('લોકનાદ'માંના એક જૂના લેખની સંશોધિત-વર્ધિત નવી આવૃત્તિ)

આજ નહિ તો એક દિવસ

'આજ નહિ તો એક દિવસ' એવી મહાન આશા વડે જે માણસ પોતાનું જીવનનાવ હાંકે છે તે માણસ પોતાની આસપાસ એક એવું વજ્રકવચ રચી રહ્યો છે કે એને જીવનની કોઈ પણ આફત આફતરૂપ લાગવાની નથી. એને માટે દરેક આફત એ એક નવા પરાક્રમની ભૂમિકા બનશે. આ વસ્તુ ત્યારે જ બને છે જ્યારે એના અંતરમાં રહેલી આશામાં એને પોતાનો લેશ પણ સ્વાર્થ હોતો નથી. આવી અમર આશાની સંજીવની એ શ્રદ્ધાળુ ભક્તજનો પાસે, રાષ્ટ્રની સંસ્કારિતા સજીવન કરનારા દેશપ્રેમીઓ પાસે, વિદ્યાને વરેલા અસલી વિદ્યાભક્તો પાસે અને પોતાના હેતુ માટે મરવા નીકળેલા મરજીવાઓ પાસે હોય છે. કદાચ દુનિયાનું સઘળું વીરત્વ આશામાં રહ્યું છે. —ધૂમકેતુ

ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની આપકથા



'કૉંગ્રેસપત્રિકા'માં જાતજાતના કારીગરો એકઠા થયા હતા. એમાંના એક ખુશાલદાસ, ગુજરાતી ટાઈપ કરી આપનાર, પાનના અજબ શોખીન હતા. સદા હસમુખા; એક સૉલિસિટરની ઑફિસમાં કામ કરે; એમાંથી વખત બચાવે અને અમારું નિયમિત કામ કરી આપે. રાતના ઉજાગરા પણ કરે, અને લખાણ બેત્રણ લીટી ઓછુંવત્તું પડે તો વધારો-ઘટાડો પણ કરી નાખે. આ બધો ટોળી-બંધીનો પ્રભાવ હતો. સૌકોઈને કામ સાથે કામ. નાનામોટાનો ખ્યાલ સરખો કોઈને આવતો નહિ.

પત્રિકા મુસાફરી કરતી તે એક અતિ પંકાએલી અને ઘણાને દાંતે મોઢે ચડેલી કાલબાદેવીની ટૅક્સી નં. ૪૯૯૯માં એનો માલિક નારણ જાતે હાંકતો, અમુક હદ સુધી તો ઠીક હિંમત બતાવતો. એ પણ ટોળીમાં સારો ભળી ગયો હતો. એનો તો ધંધો હતો, પણ ભીડ અગવડે સારું કામ કરતો.

પત્રિકાની આબરૂ એવી ફેલાઇ હતી કે વિઠ્ઠલભાઈ ધારાસભા છોડી મુંબાઇ આવ્યા ત્યારે પહેલી માગણી જયંત દલાલને મળવા માટે કરી. અમે કહેવડાવ્યું કે એ તો જેલમાં છે. તો કહે કે જે જયંત દલાલ હોય તે આવે. ત્યારે રાત્રળ બિલ્ડિંગમાં એમને મળવાનું થતાં, સીધા જ કહે 'કે તમે જ જયંત દલાલ ને?'

'ના જી; પણ...હા જી.'

'વારુ, તો જાઓ, કાલે આવજો.'

બીજે દિવસે ત્યાં શંકરભાઇ અમીન સાહેબ અને નટવરલાલ સૉલિસિટર બેઠા હતા, અને હું હાજર થતાં એમણે મારી ઓળખ કરાવી. એ મહા મુત્સદ્દી ત્યારે કહે: 'એમ કંઇ હું એને ઓળખું નહિ. આ પત્રિકાવાળું ભલું લઇને બેઠા છે અને દીધે રાખે છે એ જ ઓળખાણ. જુઓ, મારે મન તો તમે જયંત દલાલ. મારે એક કામ છે. તમે જાઓ કે બીજાની ગોઠવણ કરો, એની મને ગમ નહિ; હું કંઇ આડીઅવળી ચાલમાં સમજું નહિ; પણ પેશાવર ઈન્કવાયરી-ના મારા રિપોર્ટની એક હજાર નકલ મને મુંબાઇમાં જોઈએ. એ ક્યાં પડી છે તે તમને અલ્લાહાબાદ સ્વરાજ ભુવનમાં પંડિત મોતીલાલના મંત્રી ઉપાધ્યાય કહેશે. સમજ્યા? તો ઊપડો!'

'પણ સાહેબ! હું જાઉં તો ખરો; પરંતુ ત્યાં મને ઓળખે કેમ અને વિશ્વાસ કેમ બેસે?'

'એ હું કંઇ ન સમજું. હું તો સીધો માણસ. ચિઠ્ઠી આપવાનો કંઇ અર્થ નહિ. હું ઉપાધ્યાયને દિલ્હીમાં કહીને નીકળ્યો છું કે જયંત દલાલ અલ્લાહાબાદ લેવા આવશે. બરાબર પાકું કરીને લઈને આવો, યા મંગાવો; તમે જાણો. સમજ્યા?'

'સમજી ગયો સાહેબ! રિપોર્ટની હજાર નકલ.'

'હા, પાંચસોનું એક પારસલ તો રેલવેના તાબામાંથી પોલીસના તાબામાં પહોંચી ગયું છે. હવે તમે જાણો.'

આપણી સવારી ઊપડી. ઉમાશંકર દીક્ષિતની સલાહ લીધી. જબલપોરમાં સ્ટેશન પર જ પૂછપરછ શરૂ થઈ અને ઉતારી પાડ્યા. કાચી જેલમાં બેસાડ્યા! હું તો થિયૉસૉફીનો માણસ, ને બનારસ જતો હતો એ વાત ચોથે દિવસે પોલીસને ગળે ઊતરી ત્યારે બના-રસ જવા નીકળી શકાયું. પણ સાથે એ જ ગાડીમાં મછવો બંધાઇ ગયો, તે દરેક સ્ટેશને આવીઆવી ખબર કાઢતો રહે. મામો ખસે જ નહિ! પછી તો અલ્લાહાબાદ સ્ટેશને એને સામો દાવમાં લીધો.

મેં એને થોડા પૈસા આપ્યા અને કહ્યું કે આ જો તું થોડો સામાન સંભાળે તો હું પ્રયાગજી નહાઇ આવું; પછી બનારસ જાઉં. અને એને ગળે વાત ઊતરી. સીધો જ ટુવાલ કાઢી આપણી સવારી સ્ટેશન બહાર નીકળી પડી. ટાંગો કરી, ગામમાં ફેરવતા નેહરુજીને ત્યાં પહોંચી ગયા. કોઈ શુકનમાં નીકળેલા, તે પહેલાં જ કૃષ્ણા નેહરુ ભટકાયાં. એને તરત જ વાત કરી અને મુંબાઈની એકબે ઓળખ આપી; અને સાથે મારી 'પ્રયાગ-સ્નાન'ની કથા કહી. પહેલાં તો એણે મને જગાડ્યો અને ઉપાધ્યાયને બોલાવી મસલત શરૂ કરી દીધી.

નકલો આગ્રા પહોંચાડવાની હતી. હું કંઇ લઈને જવાનો નહોતો. પણ જો ઉપાધ્યાય મેં આપેલા નામ પર આગ્રા પહોંચાડે તો નકલો સલામત હતી. ઉપાધ્યાયે એટલું માથે લીધું અને મને ટાઢક વળી. જમી, નહાઈ, સ્ટેશને જઈ બનારસ પહોંચ્યો. ત્યાં એક દિવસ રહી, આગ્રા જઈ, પાકી ગોઠવણ કરી, કલકત્તે ઊપડ્યો. ત્યાં શિશિર ભાદુ-રીને જોઈ મુંબાઈ આવ્યો ત્યારે નકલો તે જ અરસામાં મુંબાઇ આવી ગઈ હતી. બી.બી. ઍન્ડ સી.આઈ. તો ત્યારે આપણા બાપની. રેલવે પોલીસને હસ્તક જ બંડલો મુંબાઇ પહોંચવાનાં હતાં! મારા પિતાના એ મુસ્લિમ અફસર મિત્રનો હું ખરેખર ઋણી છું.

વિઠ્ઠલભાઇ સાહેબ તો ખુશખુશ થઈ ગયા. તબિયત નાદુરસ્ત હતી છતાં બેઠા થઇ ગયા અને બાઝી પડીને શાબાશી આપી. કહે, 'મને ખાત્રી જ હતી કે જયંત દલાલ જ આ કામ કરી શકશે.' એક નકલ લીધી, પોતાને હાથે લખ્યું 'વિથ લવ ઍન્ડ ઍફેક્શન', અને પહેલી નકલ મને આપી. બોલ્યા, 'ધારાસભામાં રાજપદે હોત તો બે ચાર ગામ ઇનામમાં અપાવી દેત, પણ હમણાં તો આ છે.' કહી હસ્યા.

પછી તો વિઠ્ઠલભાઈ સાહેબ સાથે સારો સંબંધ બંધાયો, પણ કમનસીબે એમની તબિયત ધીમેધીમે લથડી તે ઠેકાણે પડી જ નહિ.

આ બધો લાભ 'પત્રિકા'–કૉંગ્રેસ બુલેટિન'ને આભારી છે. અણ-નમ, લોકપ્રિય, ગૌરવભરી, તેજીલી, ચડશીલી, સૌને એક તાંતણે બાંધનારી, અમારા સૌના જીવ સમી થઇ ગએલી એ પત્રિકા;– એને–એને બંધ કરવાનો હુકમ મળ્યો!

છઠ્ઠી માર્ચ ૧૯૩૧. રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સ માટે નેતાઓ લંડન જઈ શકે એ માટે સંધિ થઈ ને અમારા જીવ ઊડી ગયા. એકાએક એ બંધ કરતાં જીવ ચાલે નહિ. 'પત્રિકા તો અમે બંધ નહિ જ કરીએ'. છઠ્ઠીએ પણ નીકળી, અને ચાતકની જેમ રાહ જોતા લોકોએ હોંસેહોંસે વાંચી. ૭મી સવારે સરદાર વલ્લભભાઈએ બોલાવ્યા ને સમજાવ્યા.

સરદાર આગળ બોલવાની કોની મજાલ ચાલે. પણ અમે હિંમત એકઠી કરી કહ્યું કે 'અમને એક દિવસ,–આજનો દિવસ કાઢવા રજા

આપો. પત્રિકા લોકોની વિદાય માગે છે, બધાંનો ઉપકાર માનવા ચાહે છે, આખરના બે બોલ કહેવા માગે છે. એકે કડવાશનો બોલ નહિ આવે.' સરદાર સાહેબે તરત રજા આપી અને અમે ખિન્ન છતાં ખુશ થઇ બહાર નીકળ્યા અને કામે લાગી ગયા.

તે દિવસે પત્રિકાનું મથાળું હતું 'અર્ધવિરામ'!—સંગ્રામનો અર્ધ-વિરામ. ઉપરાંત પત્રિકાએ ઊમળકા ભરીભરી લોકોની વિદાય માગી, લોકોની મદદ અને સહકાર માટે આભાર માન્યો, જેટલા રંગીન કાગળો હતા તેને વાપરી નાખ્યા, અને મફત વહેંચી! થોડાક કાળ માટે એમ પત્રિકા બંધ રહી.

રાતે એકાએક સરદાર સાહેબનો હુકમ આવ્યો. સાડા નવ વાગ્યે અમે એમની આગળ હાજર થયા. અમારી ગભરામણનો પાર નહોતો.

એમના હાથમાં સાંજની પત્રિકા હતી એ માટે ખુશી જણાવી સૌની પીઠ થાબડી; બધું બરોબર વગેસગે કરી તૈયારી રાખવા સૂચના આપી; તરત હુકમ માને એનું નામ સૈનિક એવી ટકોર કરી; અને એ જ મહિનામાં કરાચીમાં એમના પ્રમુખપદે મળનારી મહા-સભામાં આવવાનું કહી આશીર્વાદ આપી વિદાય કર્યા.

વિલાસની વાત કરતાં આપણે રાજકારણમાં અટવાઇ પડ્યા, કારણ કે ઘણી-ઘણી આણી રાજકારણમાં ભટકાવા માડેલાં. આ ભવાટવીની લીલા જ કંઈ ઓર છે. લડત દરમ્યાન સુરતમાં તાપીકિનારે બે આધા થતા જીવ મળેલા. એ પછી ફરી પાછા પણ મળતા રહ્યા. એ જોઇએ તે પહેલાં બેત્રણ નાની ઘટનાઓ નોંધી લઈએ.

ત્યારે સાહિત્યના ત્રણ સુંદર પ્રસંગો યોજાયા. એક તો '૨૭માં કવિ નાનાલાલનો યુનિવર્સિટી હૉલમાં ઊજવાએલો સુવર્ણ-મહોત્સવ. સર ચીમનલાલ સેતલવડ ત્યારે પ્રમુખ. કવિવરે કહ્યુ: 'આ મસ્તક બે જણને નમે છે: એક કેશવ હર્ષદ ધ્રુવને અમદાવાદમાં, બીજું આજે સર ચીમનલાલને અહીં મુંબાઈમાં. એમની ભાષણશૈલી અનોખી હતી, બુલંદી હતી. એ પછી '૩૧માં કેશવ હર્ષદ ધ્રુવે ત્યાં જ છંદરચનાની ઉત્પત્તિ પર અતિ મહત્ત્વનું, મનનીય, શાસ્ત્રીય ને જડ જેવા લાગતા એ વિષયને સરસતાથી શણગારીને છ દિવસ ભાષણ કર્યું. એમની તબિયત ત્યારે નબળી રહેતી; એટલે કદાચ એમને ઠીક ન હોય તો એ ભાષણો વાંચવાની મારે તૈયારી રાખવાની હતી એવી એમની, મારે મન તો આજ્ઞા (એ પોતે તો વિનંતી જ કરતા) થતાં હું એમની એટલી કૃપાનું પાત્ર થવાને લઇને મનમાં ઘણો હરખાતો, ને રોજ બેત્રણ વાર એમનું લખાણ વાંચી જઈ તૈયાર થતો. સુભાગ્યે બધા જ દિવસ એ પોતે વાંચી શક્યા, એટલે મને નિરાંત થઇ. નહિ તો એમના જેવી રસિક વાક્છટાને બદલે હું તો કંઈ કેવા યે છબરડા વાળત!

'૩૧ના 'અર્ધવિરામ' પછી વચગાળે સાહિત્ય પરિષદના બંધા-રણની અસલી મારામારીનો નિવેડો આણવા નડિયાદમાં સાહિત્ય પરિષદ મળી. બારડોલીના વિજય પછી ખેડૂતોની જમીનની મ્હેસૂલ-આંકણી વગેરેના સવાલોની સરકાર પાસે રજૂઆત કરવાનું કામ ભૂલાભાઇને માથે આવતાં, જાહેર જીવનમાં એમની કીર્તિ વધવા માંડી હતી અને પરિષદમાં કૉંગ્રેસ કાર્યકર્તાઓનું વર્ચસ્વ હોવાથી નડિયાદ-માં એમને પ્રમુખસ્થાને નીમવામાં આવ્યા હતા. ઉપરાંત બંધારણની ગૂંચ પણ કાનૂનસર ઉકેલી થાળે પાડવાની હતી.

બેત્રણ દિવસ ભૂલાભાઇસાહેબે ચર્ચા કરી લીધી. એમની વિલ-ક્ષણ બુદ્ધિને મુદ્દો પકડતાં વાર લાગે ખરી? મને કહે 'આપણે નડિયાદ જવાનું છે.' મેં કહ્યું, 'ભાઇ! મને પરિષદમાં કે એના ઝગડામાં જરા યે રસ નથી.' તો પણ કહે, 'ચાલો; હું કહું છું.' અને અમારો સંઘ નડિયાદ ઊપડ્યો: મંગળદાસ પકવાસા, જૂના જોગી સોરાબજી બાટલીવાલા, ધીરૂભાઇ ને હું પ્રમુખના રસાલામાંના બારકસો. સ્વાગત-પ્રમુખ કેશવ હર્ષદ ધ્રુવસાહેબ, એમણે પણ ટૂંકું સરસ ભાષણ કર્યું. ભૂલાભાઇનું ભાષણ પણ સારું હતું. એમણે ગાંધીયુગના ગુજરાતીનો વિષય છેડ્યો હતો. એમાં કેટલાક ચાલુ લેખકોની ઠીક ખબર લીધી હતી. જેમને શંકા હતી કે ભૂલાભાઈ ગુજરાતી લખી-બોલી નહિ શકે એમને એમની શક્તિ વિષે પૂરો ખ્યાલ આવી ગયો.

કૈંકને હતું કે ગુરુશિષ્ય ઝગડશે. પણ અહીં કઈ દોલત વહેંચવાની હતી કે મુનશી ને ભૂલાભાઈ ઝગડે? બધું સાંગોપાંગ પાર ઊતરી ગયું ને પરિષદનું કાયમને માટે બંધારણ પસાર થઇ ગયું. કૈંકને ગમ્યું, કૈંકને ન ગમ્યું. મને તસુના તેરમા ભાગ જેટલો પણ રસ નહોતો, અને નથી. સાહિત્ય કંઇ પરિષદોથી નથી સરજાતું, ન વા બંધારણોથી.

ભાવનગર ને મુંબાઇ પછી નડિયાદની આ ત્રીજી પરિષદ જોઈ. ભૂલાભાઈસાહેબના ભાષણનાં આનંદશંકર ધ્રુવે 'વસંત'માં ભારોભાર વખાણ કર્યાં, ત્યારે મને ઘણી ખુશાલી થઇ.

કરાચીમાં મહાસભા મળી તે પહેલાં મુંબાઇ પત્રિકા ચલાવતા ત્યાં એક દિવસ એક બાઈ મને મળવા આવ્યાં. સાડી પરથી એ દેશ-સેવિકા લાગ્યાં, એમણે મને એક બહેનપણીને ત્યાં મળવા આવવા આગ્રહપૂર્વક કહ્યું અને હું ગયો.

વિલાસનાં એ ખાસ બહેનપણી હતાં, અને વિલાસે સુરતની જેલમાંથી છૂટી મુંબાઇ પિકેટિંગ વિભાગમાં કામ કરવાનું શરૂ કર્યું હતું. બાઇનો સ્વભાવ અત્યંત કોમળ. વાત કરતાં જ રડી પડતાં હતાં. એમનાથી વિલાસનું દુ:ખ જોયું જતું નહોતું. મારા તરફ કુદરતી ગુસ્સો વધારે હતો, છતાં ખૂબ જ સ્વસ્થતાથી એમણે વાત કરી. લગભગ કલાકેક અમે ચર્ચા કરી અને કંઈ તોડ કાઢવા નક્કી કર્યું. ત્યાર બાદ વિલાસ અને હું પણ મળ્યાં. કોઈને કંઇ ફરિયાદ કરવાનું તો હતું જ નહિ, પણ બે અજાણ જીવ મળતા ન હોઇએ એવું મળ્યાં ને છૂટાં પડ્યાં.

એને મારે માટે લાગણી હતી એમ એની બહેનપણી કહેતી. એ બીચારીએ એક દિવસ ખાસ આગ્રહથી અમારા બેની મંત્રણા ગોઠવી. એ ભલી બાઈનું નામ પદ્મા. પછી પરણ્યાં નરેન્દ્ર શેઠને અમદાવાદમાં. અમે બેત્રણ વાર મળ્યાં, થોડો કાગળ-વ્યવહાર પણ થયો અમારી ત્રણની વચ્ચે; પણ વાત આશા-નિરાશાની વચ્ચે જ ડોલતી. લડત પૂરી થતાં કંઈક રસ્તો કાઢશું એટલું તો અવશ્ય નક્કી થયું હતું.

દરમ્યાન વિલાસ આપમેળે ભણીને ઠીક હોશિયાર બની હતી, એની આત્મશ્રદ્ધા વધતી હતી, એનું વ્યક્તિત્વ વિકસતું હતું.

પણ જુઓને, ભાગ્ય માનવીને ક્યાંક્યાં ઘસડે છે? ૧૯૩૧ના મા-ર્ચની આખરે કરાચી કૉંગ્રેસ ભરાવાની હતી. ટૂંક મુદતમાં ત્યાં તૈયારી થવા માંડી હતી. સૌકોઈ કહેતું ચાલો કરાંચી. પણ અમારી પાસે વળી પૈસા ક્યાં હતા જે? અને ત્યાં રહેવાની સગવડ વગેરેનો પણ વિચાર કરવાનો રસ્તો. તંબૂઓમાં તો ચામડાં ઉતારી નાખે એવા ભાવ હતા. પણ અમે નક્કી કર્યું કે ચાલો, દેખા જાયગા. કોણ નહોતું જતું?

સનત્કુમાર વીણ, વિલોચન ધ્રુવ અને પોતે, એમ ત્રણ જણા ખપજોગો, જાતથી ઊંચકાય એટલો સામાન લઈ સ્ટીમર 'વીટા'માં સવારે હાજર થઈ ગયા. ત્યાં તો મેળો જ હતો. ટિકિટનો તો સવાલ જ નહોતો. ડેક-પૅસેન્જર તરીકે અમે લાંબી લંગાર ભેગા પડ્યા. પણ અમારી આબરૂ અમારી પૂંજી હતી. પેલી 'મર્ચન્ટ ક્લબ'ના ડઝનેક સભ્યો: કરમચંદ, જગુભાઈ, હેમચંદભાઈ, મણિભાઈ વગેરે પણ એકેકું કૅબિન લઇ એમાં જ હતા. એટલે ખાવાપીવાની કે નહાવા ધોવા-ની તો કંઈ મુસીબત પડી જ નહિ. બધા જ અમારી કાળજી કરતા.

એમ તો એમાં ગણ્યાં ગણાય નહિ એટલાં માણસો. અમદાવાદના શેઠ કસ્તુરભાઈ તેમજ અંબાલાલનાં કુટુંબ પણ હતાં. છૂપે વેશે એન. એમ. રૉય પણ ડૉ. મેહમુદના નામે સાથે જ; એટલે આખો દિવસ તો ગઝા પડી. મધરાત પછી વેરાવળ બંદરે હોડીવાળાઓની હોશિયારી જોઈ, સવારે કરાંચી પહોંચ્યા. બધા મજૂરોની બૂમો પાડે, પણ અમે તો ખાંધે બિસ્તર ભેરવી બહાર નીકળી પડયા.

પણ અહીં કોણ મકનજી અમને ઓળખે છે જે? કરમચંદ શેઠે એટલું કહેલું કે એમના નામનો એક મોટો તંબૂ બરાબર મહાત્માજીની છાવણીની સામે જ નોંધાવી રાખેલો છે. કંઈ ન મળે તો ત્યાં સૂઇ રહેજો, અને જનરલ રસોડે જમી લેજો. એટલે અમે તો શોધતા શોધતા એ તંબૂમાં જ પહોંચી ગયા.

ખાસ્સો તંબૂ; ચારેક વિભાગમાં; પાછળ જ નળ; અને ખાટલા નહિ મળે તો ભોંય પર બિસ્તર પાથરી પડી રહીશું એમ નક્કી કરી એક ખૂણામાં ત્રણે જણ ગોઠવાઈ ગયા. સનતકુમાર રસોડાની ખબર કાઢી ત્યાંની કૂપનબુક લઇ આવ્યો. વિલોચન ધ્રુવને સફાઇ વધારે ગમે, એટલે એણે જરા સાફસૂફી અજમાવી. મારાથી બહુ સામાન ઊંચકાય નહિ જાણી ફક્ત બે પોતડી અને બિછાના પૂરતું જ લીધું હતું. પોતડી પણ ત્રણ મિનિટમાં ધોવાય એવી બારબાર આનાવાળી ધૂંટણ પૂરતી જ લીધી હતી. એ પહેરી, આપણે તો ખુલ્લે શરીરે બધા દિવસ કાઢવાનું નક્કી કર્યું.

એવો સાધુવેશ યા તો 'દેશસેવકવેશ' સજી, અમે જરા આરામ કરી આમતેમ ચાની વિમાસણમાં પડયા હતા, ત્યાં તો સ્વયંસેવકોનો હલ્લો આવ્યો: 'આ તંબૂ ખાલી કરો. કરમચંદ શેઠનો તંબૂ આ નહિ.' અરે, અમે પાટિયાં વાંચી, નંબર એક જોઈ, પૂછીગાછી અહીં દાખલ થયા અને આ જો ફજેતા! ને પેલા શેઠિયાઓનો તો કોઈનો પત્તો જ ન મળે! અમે કંઇ ત્યાંથી ચસ્યા નહિ, એટલે ઉપરી મહાશય આવ્યા. તે કહે, ખાલી કરો. પણ અમે તો એના એ. બીજી જગ્યા અમને ન મળે ત્યાં સુધી અમે કંઈ ખસીએ નહિ. અને કરમચંદભાઈને હેમચંદભાઈ અમને શું કહે? શરૂમાં બધું વિવેકથી ચાલતું. પછી તો ગરમી વધી. પરિણામે બધાના વડા ઉપરીઅધિકારી પાસે હાજર થવા ફરમાન આવ્યું.

પણ અમે કંઇ ત્રણે જગ્યા છોડી જઈએ એવા મૂરખા નહોતા. વિલોચનશેઠને બેસાડી સનત અને હું, સ્વયંસેવકોની વચ્ચે બે કેદીજેવા, ચાલ્યા. મારા તો દિદાર જ એવા હતા કે બધા મને કોઈ મોટો દેશસેવક જ માને! કોઈ દખ્ખણનો કહે અને કોઈ ઉત્તરનો કહે!

કચેરીમાં વડા અધિકારીની સામે ખડા થતાં જ અમારામાં પૂરી હિમ્મત આવી ગઈ કે હવે ઝખ મારે છે! એ તો અમારી સાથે અખા નાટકમાં જયપુરના મંદિરમાં જેણે મુખ્યાજીનો પાઠ કરેલો તે ગિધુભાઇ કોટક! હત્તારીની! પણ ગિરધરલાલ કોટક સાહેબે અમને જરા શરમાવ્યા: 'તમે ઊઠીને આવું કરો છો?'

'પણ અમે કર્યું શું? અમારે નામે તંબૂ છે ને તેમાં અમે રહ્યા છીએ.'

'ના ના; હું તો આ તમારા વેશને માટે કહું છું;—આ શું?'

સનત કહે કે એ પણ એક નાટક માનો ને? પહેલાં અમારા રહેવાની વ્યવસ્થા કરો. કોટકજીએ સીધી વાત કરી, કે વસ્તુસ્થિતિ એવી છે કે તંબૂના નંબરો આપવામાં ભૂલ થઈ છે અને અમારી વ્યવસ્થા એ પોતાને ઘેર કે ગમે ત્યાં કરી આપવા તૈયાર છે. અમે કહ્યું તો અમારે હેમચંદભાઈ વગેરેની રજા લેવી જોઇએ. અમે તંબૂ ખાલી કરીએ, અને એ લોકો રાત્રે રહેવા આવે તો અમને ઠપકો મળે. કોટક કહે કે એમની સાથે હું ગોઠવણ કરી લઉં તો પછી તમને શો વાંધો? અને અમે પાછા ફર્યા.

પણે તંબૂમાં તો નસીબે અમારી તરફેણમાં દાવ નાખી જ દીધો હતો. પેલા શેઠિયાઓ અમારી ખબર કાઢવા નીકળી આવ્યા હતા. સાથે ભાઇજી ભરૂચાજી, અને અજોડ નિઃસ્વાર્થી મહેનતુ ચારિત્ર્યશીલ પ્રજાસેવક જમશેદ મહેતા! અમારી આબરૂ એટલે બુલેટિનની આબરૂ. ભાઈજી ભરૂચાજીએ અમારી ઓળખાણ કરાવી કે જમશેદ મહેતા તો બાઝી જ પડયા! 'ઓહ! એમ? તમે બુલેટિનવાળા ત્રણ અહીં રહો. તમારું કોઇ નામ નહિ લે. અને તમને જે સગવડ જોઈએ તે માગી લેજો. કોટકને અને બધાને હું ખબર આપી દઉં છું.'

આમ બધી સગવડ મળી ગઇ. એ તો આખો દિવસ જમશેદ મહેતાએ અમને સાથે જ રાખ્યા, અને આખું 'કૅાંગ્રેસ નગર' બતાવ્યું. ખાધાપીધા વિના એ તનતોડ મહેનત કરી રહ્યા હતા. સાંજે ચા પીવા સરહદના ગાંધી અબદુલ ગફારખાં સાહેબના તંબૂમાં ગયા. એ પડછંદ પેશાવરી આગળ અમે તો સાવ વેંતિયા જ લાગતા. ત્યાં ખૂબ ફ્રૂટ ખાધાં, કલાકેક વાતો કરીને તંબૂમાં આવી ઠર થઇ રહ્યા.

પણ સબ્જેક્ટ્સ કમિટી (વિષયવિચારિણી સભા)માં તો જવું જોઇએને? આમ તો અમને કોણ ઊભા રાખે? અને ટિકિટ રૂપિયા પચ્ચીસની કે એવી ભારેખમ! જઇએ તો ત્રણે, નહિ તો નહિ. મહેરઅલી ત્યારે ખાસ્સા નેતામાં ગણાઈ ચૂકયા હતા. એની પાસે ગયા, પણ કંઇ પત્તો ન ખાધો. બી.પી.સી.સી.માં તો અમે હતા જ નહિ. ભગતસિંગને ફાંસી અપાવાની હતી એના ઠરાવ પર સારી ચર્ચા જામવાની હતી, મહાત્માજી શું કહેશે, એ બધું સાંભળવું હતું.

સનત આગળ અને પેલી ઘૂંટણિયા પોતડી પહેરી હું એની પાછળ, ને સાથે દેખાવડા વિલોચન, એમ ત્રગડી નીકળી. દરવાજા આગળ સ્વયંસેવકોએ નમસ્કાર કર્યા; અને સનત વીણ તો પહેલેથી જ હાથ જોડેલા રાખતો મને યે નમતો અને સ્વયંસેવકોને પણ નમતો! કોઇએ ટિકિટ બિકિટ માગી નહિ, અને અમે મુખ્ય પૅન્ડૉલમાં જ દાખલ થઈ ગયા અને નીચેના વિભાગમાં સૌથી આગળ જામી પડયા.

હવે સવાલ ઓપન સેશન્સ (ખુલ્લી બેઠક)નો રહ્યો. આખરની રૂપિયાની કે એવી ટિકિટમાં તો જઈ શકતા હતા, પણ જરા આગળ હોઇએ તો સારું એવું મન તો કુદરતી જ થાયને? મુંબાઈગરાઓએ એક કામ ઠીક નહોતું કર્યું, અને તે એ કે હિન્દભરમાં લડતમાં ખપી ગએલાઓની લાંબી યાદીમાં બાબુ ગનુનું નામ નહોતું આમેજ કર્યું. ઉમાશંકર દીક્ષિત માટે લડયા, પણ મહારથીઓ જેલમાં હોવાથી એમને ખબર નહોતી એવું કહી એ નામ ઉડાવી દીધું. અમે પણ બહુ નારાજ થયા. સમજાવવા ગયા, પણ અમારું કોઇએ માન્યું નહિ, અને ઊલટા અળખામણા થયા.

અલબત્ત, આજે તો એવા પ્રયાસો ઉપર હસવું આવે છે. કોનાં નામ રહ્યાં છે અને કેટલાકનાં રહેવાનાં છે. '૩૧માં ભગતસિંગ ભગતસિંગ થતું હતું; આજે એના જેવાને યે કોણ યાદ કરે છે? છેલ્લાં વીસ વરસમાં કેટકેટલી શોકસભાઓ થઇ, એના ઠરાવો ઘડવા માટે કંઇક મોવડીઓએ દુણાયલાં ડાચાં કરી, દુઃખનો ડુંગર ઉપાડતા હોય એમ શબ્દો યોજી, કરુણ અવાજે ભાષણો કર્યાં, તેમાંના કેટલા અમર થયા કે યાદ પણ રહ્યા? માણસ માણસને યાદ રખાવવા ફાંફાં મારે છે ત્યારે ખરેખર તે હાસ્યાસ્પદ જ નીવડે છે. અને એમ કોણ યાદ રહેવાનું હતું જે? અંગત પ્રેમસંબંધો પણ ટૂંક મુદતમાં ભુલાઈ જાય છે એવા દાખલા નથી જોતા આપણે? કોણ કોને યાદ રાખે છે? કાળનો આ કારમો વિશાળ પ્રવાહ સૌકોઇને કયાંના કયાં ઘસડી જાય છે. એમાં યાદ શું, સ્મારક શું, અમરત્વ શું?

આગળ જઈએ. પેલી બી. પી. સી. સી.ની ત્યાં જે ચૂંટણી થાય એમાં પૂરતી સંખ્યા ન હોય તો અમે સભ્ય થઇને દાખલ થવા માગણી કરી, પણ ત્યાં તો પડાપડી; એમાં અમારો ક્યાં પત્તો લાગે? સાંજસોરા સુભાષબાબુ આવી જવાના હતા, એમને અગરથા ગળવા ઊપડ્યા. પણ ત્યાં તો બહાર ચોકી, ખાસ્સો ડાયરો, અને અંદર દરબાર. દાખલ કેમ થવાય? અમારા દિદાર જોઈ બહાર બેઠેલા મોણીધર ફેણીધર 'મોહોત્તાં ગાંધીર શેવક' કે એવો કંઈક કટાક્ષ કરવા લાગ્યા. પાધરી વાત પણ ન કરે. અમને જોતાં એમને ચડેલી સૂગ 'દેખાઇ છીલો જાય.' તોયે સમજાવીપટાવી ચિઠ્ઠી મોકલાવી, બે મિનિટ માગી. તરત જ બાબુજી પોતે બહાર આવ્યા અને ઊગળકાભેર ભેટી અંદર લઈ ગયા અને ખૂબ વાતો કરી. દરમ્યાન અમે ખુલ્લી સભાગાં હાજર રહેવા માટે એમને કાને વાત નાખી, કે તરત ફેંસલો.

બંગાળીમાં 'આગાદેર' કરી, મંત્રીઓને બોલાવી, થોડી પૂછપરછ કરી ખબર કાઢી કે કલકત્તાથી કેટલા પ્રતિનિધિ નથી આવવાના; અને બી. પી. સી. સી (મુંબાઈ નહિ બંગાળ)ના એ પ્રમુખે, એમની સતાની રૂએ, સાત ખાલી જગ્યાગાં અમને ચૂંટી પ્રતિનિધિ બનાવી દીધા! આ બી. પી. સી. સી. નહિ તો પેલી બી. પી. સી. સી.! અને બંગાલનો બ્લૉક સરદાર સાહેબના બરાબર ડાબે હાથે, નજીકમાં જ; એટલે અમે તો ખુશખુશ થઇ ગયા. જ્યારે સુભાષબાબુએ બહાર બેઠેલાઓને અમારો સંકેત આપી દીધો ત્યારે તો કિરોન રૉય અને ઍગૉલઘોષ તો એવા વાતે વળગ્યા! અને અમે પણ ઠીક દોસ્તી બાંધી દીધી.

સુભાષ બાબુની ભાવભરી વિદાય લઈ અમે અમારા તંબૂગાં ગયા. હા, સુભાષબાબુને હજી એક વાર એક યાદગાર પ્રસંગમાં મળવાનું છે. પણ તેને હજી વાર છે.

મહાસભા ચાલુ હતી તે દરમ્યાન વિલોચન પુત્રે એક વાત, જરા જાળવીને, કરી: 'વિલાસ પણ આવી છે.'

'હં હં.'

'અમે એને મળ્યા.'

'મળીએ ત્યારે.'

'હા, પણ...' અને એ અટક્યા. ગને થયું, આ વળી શું? પણ તરત વાત વિસારે પડી. બીજે કે ત્રીજે દિવસે વિવિધ પ્રદર્શનોમાં ફરતા અમે આપોઆપ જ ભટકાયાં? કૉંગ્રેસ બુલેટિનના પહેલા લોકપ્રિય ને લાડીલા તંત્રી જયંત દલાલ ત્યાં મ્હાલતા ગળ્યા જ હતા. અહીં બીજા તંત્રી ગાણેક ગાંધી મળ્યા. સાથે જ વિલાસવહુ પણ હતાં. પાંચદસ મિનિટ ખુશી આનંદની વાતો કરી, ફરી ગળવાનું ઠરાવી છૂટાં પડયાં.

રસ્તે વીણુ-ધ્રુવ કહે આટલા માટે જ અમે તમને નહોતા કહેતા. એ ટોળીના નાયક માણેક ગાંધી છે, અને એની સાથે એ બધાં આવ્યાં છે.

ગને ત્યારે એટલું જ થયું કે એમ હોય તો યે શું?

અને કરાચીનો જલસો પૂરો થયો. બાપુજીની છાવણીની બરાબર સામે રહી, કેકની અદેખાઈ વહોરી, સવારથી દર્શને તથા પ્રાર્થનામાં આવતી હજારોની મેદની જોઈ, કદીક એગાં ભળી, ગાનવ સ્વભાવના આપોઆપ થતા અભ્યાસગાંથી ઊંડું જ્ઞાન સંપાદન કરી, 'કારાગોલા' નામની જરા મોટી સ્ટીગરગાં એમ જ અમે અમારો બિસ્તર ઊચકી પાછા ફર્યા. જવાના ઉત્સાહનો જુવાળ પાછા ફરતાં ઓટમાં ફેરવાઇ ગયો હતો. જે દિવસે મુંબાઈ પાછા ફરી કાંઠે ઊતર્યાં તે દિવસે જગત જાણે શૂન્યવત્ લાગતું હતું. (ચાલુ)



AESTHETICS (એસ્થેટિક્સ)

એ નામથી કલાનું એક સુઘડ સુંદર સામયિક મુંબાઈના 'યૂથ્સ આર્ટ ઍન્ડ કલ્ચર સર્કલ' (૧૩૯ મેડોઝ સ્ટ્રીટ) તરફથી શ્રી આર. સી. ગુપ્તાના તંત્રીપણા નીચે નીકળે છે. તેણે હમણાં ખાસ 'અવનીન્દ્રનાથ ટાગોર સ્મૃતિ-અંક' કાઢ્યો છે, જેમાં ભારતીય કલાના એ ગરવા પુનરુદ્ધારકને અંજલિરૂપ લેખો તથા કેટલીક અભિનવ ફોટો-ચિત્ર-સામગ્રીનો સંગ્રહ છે. એ પૈકી અવનીન્દ્રનાથની કલાપ્રવૃત્તિના મધ્યાહ્નસમયનું એમના સ્ટૂડિયોનું શ્રી નંદલાલ વસુએ કરેલું એક વિશિષ્ટ રેખાંકન અહીં આપીએ છીએ. તેમાં નીચેને જમણે ખૂણે બેઠેલા નંદલાલ, હુક્કો લઇને બેઠેલા આનંદ કુમારસ્વામી જોડે વાત કરે છે અને પાછળના ભાગમાં કોચ ઉપર ગગનેન્દ્રનાથ, સત્યેન્દ્રનાથ અને અવનીન્દ્રનાથ વાંચતા કે આરામમાં સૂતા છે, જે પ્રત્યેકનાં નામ અંગ્રેજીમાં ત્યાં લખેલાં છે. અવની બાબુની કલાપ્રવૃત્તિના એ મોંઘા દિવસોનાં રસભર્યાં સ્મરણો 'કુમાર'માં આવતી એમની આપકથા (જોડાસાંકોર ધારે)માં આગળ આવવાનાં છે. આ સ્મૃતિ અંકમાં એમની કલા તથા જીવનનું મૂલ્યાંકન કરતા, સર્વશ્રી મુકુન્દીલાલ, ગુરુદયાળ મલિક, અનાગરિક ગોવિંદ, લી ગોતગી, રવિશંકર રાવળ, સુધીર ખસ્તગીર, સંજીવ દેવ તથા સુધા બોઝના લેખો ઉપરાંત સ્વ. અવનીબાબુએ લખેલો 'ષડંગ' નામનો ચિત્રકલાનાં છ અંગ ઉપરનો શાસ્ત્રીય લેખ પણ આપેલો છે. છૂટક મૂલ્ય રૂા. બે.

પચ્ચીસ વર્ષ પહેલાં

ભાદરવો-આસો ૮૩'
અંક ૪૪-૪૫માંથી

ગયે મહિને જણાવ્યા અનુસાર આજથી પચીસ વર્ષ પહેલાંનો અંક દિવાળી ઉપર ભાદરવા-આસોના સયુક્ત અંક તરીકે કાઢેલો. તેમાંની ઘણી ઉપયોગી વસ્તુઓની વાનગી આપવાનું આકર્ષણ છોડીને આપણાં પ્રાચીન આભૂષણોનો પરિચય આપતો કલાજ્ઞાનનો એક જ અભ્યસનીય લેખ સંપૂર્ણ ચિત્રો સાથે ટૂંકમાં ઉતારીએ:

પ્રાચીન કથાઓ ને સંસ્કૃત સાહિત્યમાં આભૂષણો તથા વસ્ત્રાલંકાર સહિત શોભાયમાન માણસો, દેવો ને મૂર્તિઓનાં વર્ણનો આવે છે. તે આભૂષણો આજે સમજવાં મુશ્કેલ પડે છે. એનાં વર્ણનો અંશગદ્ર, ભેદાગમ, માતસાર, શિલ્પસૂત્ર, પદ્મસંહિતા ને આગમોના ગ્રંથોમાંથી મળી આવે છે. હિંદી મૂર્તિઓનાં અંગ ઉપર જે જે આભૂષણો દેખાય છે તેમાંનાં મુખ્ય નીચે મુજબ છે: ૧ મુકુટ, ૨ કુંડલ, ૩ ઉપગ્રીવા, ૪ હાર, ૫ હ્રીણુમાળા, ૬ સ્કંધમાળા, ૭ ઉદરબંધ, ૮ છન્નવીર, ૯ કેયૂર, ૧૦ કટકવલય, ૧૧ અંગુલિ ૧૨ યજ્ઞોપવીત, ૧૩ કટિસૂત્ર, ૧૪ ઉરુદામ, ૧૫ પાદજાલક. શરીરના જે જે ભાગોમાં ઉપરના અલંકારો પહેરવામાં આવે છે તે બધાનાં ચિત્રો સાથેનો પરિચય નીચે મુજબ છે.



મુકુટ ત્રણ જાતના હોય છે. કિરીટ મુકુટ, કરંડ મુકુટ, અને જટા મુકુટ. કિરીટમુકુટ દેવોમાં વિષ્ણુને માથે ને રાજાઓમાં ચક્રવર્તીને જ માથે હોય છે. કિરીટમુકુટનો ઘાટ વેણુપર્ણ એટલે વાંસના પાનને મળતો યા તે ઈંડાના ઘાટનો, કમળના દોડાના ઘાટનો, છત્રી જેવો કે કાચબાના આકારનો હોવો જોઇએ. કિરીટના બીજા ભાગો પૂરિતતંગ, અગ્રપટ્ટા, ત્રિવેદિકા, ત્રિવેત્રક, પદ્મ, કમળ, શિખામણિ આદિ હોય છે.

પૂરિત એટલે જડેલું રત્ન. તે મગરથી પકડેલું હોય અને તેની આસપાસ હીરા તથા વેલબુટ્ટી હોય. પટ્ટબન્ધ જે કપાળ પર આખા માથાને ફરતો આવે છે તેમાં બરોબર ભ્રમર પર એક ઊંચું નંગ હોય છે. કિરીટ મુકુટમાં કાન ઉપર મોતીના તોરા લટકાવેલા હોય છે, તેને



આકૃતિ ૧,૨ જટામુકુટ; ૩,૪,૫ કિરીટમુકુટ; ૬ કિરીટ મુકુટના વિભાગ.

કર્ણપુષ્પ પણ કહે છે. કરંડ મુકુટ કરંડ ઘાટના વાસણને મળતો હોય છે. તેમાં ઉપરાઉપરી નાનામોટા વાટકા ગોઠવ્યા જેવો આકાર થાય છે. એ સિવાય તેમાં પૂરિત પટ્ટબંધ વગેરે હોય. (જુઓ ઉપલા ચિત્રમાં આકૃતિ ૩ તથા ૫.) ગૂંથેલા અથવા વળ આપેલા વાળના જૂથની બેત્રણ જટાનાં ગૂંચળાંથી ઊંચી ટોપી જેવો ઘાટ થાય તેને જટાબંધ કહે છે. તેમાં મકરકુટ, પત્રકુટ, રત્નકુટ અને પૂરિત ઘરેણાં પણ ગોઠવવામાં આવે છે. મકરકુટ બરોબર કપાળની ઉપર રખાય છે. શિવ માટે જટામુકુટ હોય તો તેમાં ધંતુરાનાં ફૂલ, નાગ તથા ગંગાની આકૃતિઓ હોવી જોઈએ. (જુઓ ઉપલા ચિત્રમાં આકૃતિ ૧-૨.)

કુંડળ=કાનની બૂટમાં પહેરવાનું ઘરેણું. પ્રાચીન તથા મધ્ય કાળમાં આનો બહુ ચાલ હતો ને તે માટે કાનની બૂટમાં મોટાં કાણાં કરવામાં આવતાં. આથી બૂટનો ભાગ લંબાઇને ઠેઠ ખભા સુધી પહોંચતો. આ અલંકાર જુદાંજુદાં નામથી જાણીતો છે: શંખપત્ર, મકરકુંડળ, સિંહકુંડળ, વૃત્તકુંડળ વગેરે. શંખપત્ર શંખને મધ્યમાંથી કાપીને બનાવેલા હોય છે. તે પર સુંદર નકશી કે આકૃતિઓ પણ હોય છે.


શિવ આદિ દેવતાઓના એક કાનમાં મકરકુંડળ હોય તો બીજામાં શંખપત્ર હોય. વિષ્ણુ, કાર્તિકેય વગેરે દેવોને મકરકુંડળ જ પહેરાવેલાં હોય છે. હાલમાં દક્ષિણ હિંદમાં જે બ્રાહ્મણે યજ્ઞ કર્યો હોય તે



આકૃતિ ૧,૨,૩ મકરકુંડળ;૪,૭ રત્નકુંડળ; ૫,૬ સર્પકુંડળ; ૮,૯ શંખ-પત્ર; ૧૦,૧૧,૧૨,૧૫ વૃત્તકુંડળ; ૧૩,૧૪ સિંહકુંડળ.

પોનાનાં મકરકુંડળ પહેરે છે. મકરકુંડળમાં મગરની આકૃતિમાં આંખને ઠેકાણે બે લાલ રત્નો જડેલાં હોય છે.

સિંહકુંડળમાં મોટી ગોળાકાર કડીને સિંહનું મોં કોરેલું હોય છે. ઘણે ભાગે તે દ્વારપાળને તથા ભયાનક દેવતાઓને પહેરાવેલું હોય છે. (ચિત્રમાં આકૃતિ ૧૩-૧૪) વૃત્તકુંડળનો આકાર કેળના ફૂલ કે કમળના દોડા જેવો હોય છે. (આકૃતિ ૧૦, ૧૧, ૧૨) ઘણી વાર કાનમાં નાખેલી નાની કડીને નીચે પણ તે ફૂલ લટકાવેલું હોય છે. (આકૃતિ ૧૫) રત્નકુંડળ વૃત્તકુંડળ જેવું ને જેવડું જ હોય છે. ફેર એટલો કે તેમાં રત્ન જડેલાં હોય છે (આકૃતિ ૪, ૭). સર્પકુંડળ નાગફણીની આકૃતિવાળાં હોય છે. તે ઘણે ભાગે શિવને જ કાને દેખાય છે. (આ૦




બધી નાની આકૃતિઓ 'ઉપગ્રીવા'ની, મોટી આકૃતિ 'હાર'ની.

૫, ૬.) તામિલ ભાષામાં કુંડળને વાળી અથવા તોડું કહે છે; કાઠિયાવાડમાં ઠોળિયું કહે છે.

ઉપગ્રીવા: એ ડોકનું ઘરેણું છે. તે હીંસૂત્ર પર પહેરાય છે. તેમાં મુખ્ય રુદ્રાક્ષનો પારો, કોઈ પણ કીમતી રત્ન કે સોનાનો પારો સોનાની દોરી કે તારમાં પરોવેલો હોય છે. મૂર્તિઓ પર આ પારાની બે બાજુ બે નાના પારા પણ હોય છે. વચલો મોટો પારો જરા લાંબી આકૃતિનો હોય છે અને તે પર થોડા પહેલ પાડેલા હોય છે. ગુજરાતની કંઠી આ ઘરેણાને સ્થાને ગણી શકાય.

હાર ઉપગ્રીવાથી નીચે બીજું ઘરેણું છે. તે છાતીની વચ્ચોવચ લટકતો રહે છે. તે ચાર આંગળ પહોળો અને ત્રણ યવ જાડો હોવો જોઇએ જેથી તેમાં રત્નો જડી શકાય. હિંદુસ્તાનના સર્વ અલંકારોમાં હાર શ્રેષ્ઠ હોવાથી તેનાં ઘડતર, બનાવટ ને જડતર બહુ જ સુંદર ને આકર્ષક હોય છે. ડાબી તરફના કૉલમના છેડાના ચિત્રમાંની બધી નાની આકૃતિઓ 'ઉપગ્રીવા'ની છે; મોટી આકૃતિ 'હાર'ની છે.



હીણુમાળા (રાણુમાળા) ઉદરબંધ સુધી પહોંચે એટલી લટકતી રહેવી જોઇએ (જુઓ ઉપરનું ચિત્ર). તેની હારો પ્રમાણે તેને એકાવલિ,




ઉદરબંધ અને છન્નવીર

ત્રિસરી, પંચસરી, સપ્તસરી વગેરે કહે છે. આ ઘણી મોતીસેરોની બનતી ને એ બધી સેરો થોડેથોડે અંતરે ગોળ કે ચોરસ રત્નજડિત પટીઓમાં બાંધી લેવાતાં આવતી. આવા બંધને પદક કહે છે.

સ્કન્ધમાળા એટલે બંને ખભા પર ઝૂલતી પડતી, લટકતી, મોતીની કે સુવર્ણપુષ્પની માળા. સંસ્કૃત સાહિત્યમાં તે બગલ સુધી લટકતી વર્ણવી છે. ઈલોરા વગેરે સ્થળોના ચાલુક્ય કાળનાં શિલ્પમાં ને ચોલ રાજ્યકાળની મૂર્તિઓમાં તે છે. (જુઓ શરૂઆતના ચિત્રમાં)

છન્નવીર યજ્ઞોપવીતની પેઠે, પણ બંને ખભા પરથી ઊતરી આવતું, છાતીની વચ્ચે મળીને પાછળ જતું ઘરેણું છે. મળે છે તે ઠેકાણે તેને એકાદ ચકતું હોય છે. દેવ અને દેવીઓ આ પહેરે છે. મૂર્તિઓમાં તે છાતી આગળથી બંને બાજુ ઉદરબંધ અને કટિસૂત્ર સુધી લટકતું રહે છે. (જુઓ પાછલા પાનાના છેલ્લા ચિત્રમાંની ચેની મોટી આકૃતિ.)

ઉદરબંધ એ પેટ અને છાતી મળે છે ત્યાં વીંટાતું આભરણ, તે ઉદર ઉપર ત્રણ આંગળ ઊંચું રહે છે ને છન્નવીરથી જોડાએલું હોય છે. (જુઓ : પાછલા પાનાના છેલ્લા ચિત્રમાં ઉપલી બે નાની આકૃતિ.)



બાવડાં ઉપર પહેરાવામાં આવતું **કેયૂર** બહુ કારીગરીવાળું અને સુંદર ઘરેણું છે. તેમાં પૂર્ણ ખીલેલું કમળ હોય છે. તથા મુકુટ જેવા પૂરિત હોય છે. કોઇ કેયૂરને મોતીની સેરો પણ લટકાવેલી હોય છે. કેટલાંક કેયૂરો બેત્રણ વળનાં કડાં જેવાં હોય છે અને તેના છેડા પુષ્પમુખી કે નાગફણીવાળા પણ હોય છે. (જુઓ ઉપરનું ચિત્ર.)



વલય હાથનાં કાંડા આગળનાં ઘરેણાં છે. તે આંગળી જેટલી જાડાઈનાં ગોળ હોય અથવા બેત્રણ યવ જાડાં હોય. કાંડા કરતાં તેનું વર્તુલ મોટું હોવું જોઇએ. દેવોએ એકબે વલય પહેરેલાં હોય છે, પણ દેવીઓને બહુ પહેરાવેલાં દેખાય છે: કોઈ વાર આઠ સુધી.

અંગુલિ અથવા વીંટીઓ આકારમાં વલય જેવી જ હોય છે. તેમાં હીરા જડેલા હોય છે અને વચલી મોટી આંગળીમાં જ તે પહેરેલી દેખાય છે. બેત્રણ વળની વાળાની વીંટીઓને પવિત્રમુદ્રા કહે છે.



યજ્ઞ વખતે ઉપવીત રીતે પહેરે તે **યજ્ઞોપવીત**. એ ડાબે ખભેથી છાતી પર થઇ જમણી બાજુ લટકતું રહે છે. (જુઓ ડાબી બાજુની મોટી આકૃતિમાં.) અતિ પ્રાચીન શિવમૂર્તિઓમાં યજ્ઞોપવીત નથી દેખાતું. અતિ પુરાતન કાળમાં તો યજ્ઞોપવીત કાળિયારનું ચામડું શરીર પર બાંધી રાખવાની દોરી કહેવાતું (જુઓ ઉપરની આકૃતિઓમાં મથાળાનાં બંને ચિત્રો.) દેશના બીજા ભાગ કરતાં આર્યાવર્ત ઠંડો હોવાથી ત્યાં લોકો શરીર ઢાંકીને જ ફરતા. પણ ધાર્મિક પ્રસંગોમાં જમણા હાથનું વારંવાર કામ પડતું હોઇ, આ ક્રિયાઓ છૂટથી થાય એ રીતે વસ્ત્ર ઓઢવાની રીતને ઉપવીત રીતે ઓઢ્યું કહેવાતું.

કેડ પરનું વસ્ત્ર બાંધવાને જે પટકુળ વપરાય છે તેને કટિસૂત્ર કહ્યું છે. તેમાં ત્રણ કંદોરાવાળો પટ્ટો ને સિંહના મોંવાળો બંધ હોય છે.(નીચેનું ચિત્ર) રત્નબંધ કટિસૂત્ર ઉપર સોનાની કારીગરી અપાર



થતી જણાય છે. દરેક કાળના શિલ્પમાં કટિસૂત્રની બનાવટમાં અદ્-ભુત કારીગરી નજરે પડે છે. કટિસૂત્ર પરથી સાથળ પર લટકતી મોતીની માળાને ઉરુદામ કહે છે. એ માળાઓની વચ્ચે લટકતી સેરોને મુક્તદામ કહે છે. પેડુની ઉપર વચ્ચોવચ ઝૂલતો મોતીનો તોરો ઘણી નકશી ને કારીગરીથી ભરેલો હોય છે. (જુઓ આકૃતિ ૪, ૫, ૬.)

પાદજાલક (નૂપુર) ને કલકવલય: કલકવલય પગના કાંડામાં પહેરેલું ઘરેણું છે. પાદજાલક પગની ઘૂંટી નીચે પગના ફણા ઉપર રહે છે. તે એક જાડાઈનું હોય કે ઘણી પટીઓનું બનેલું હોય, ને આ



પટીઓ એકએક કડીથી જોડેલી હોય. ઘણી વાર અહીં ઘૂઘરીઓ પણ હોય ને નૃત્ય વેળા મધુર તાલ આપતી હોય. ઘણી વાર પાદ-જાલક પોલું ને લંબગોળ આકૃતિનું હોય છે અને તેમાં ઝીણી કાંકરીઓ ભરેલી હોય છે, જેથી ચાલતાં સુંદર ખણખણાટ કરે છે. પાદજાલકને નૂપુર પણ કહે છે (જુઓ ઉપલાં ચિત્રોમાં આકૃતિ ૧ થી ૩.)

તાંજોરના પુરાતત્ત્વ ખાતાના સંશોધક સ્વ. ગોપીનાથ રાવે હિંદુ મૂર્તિશાસ્ત્ર પર સુંદર ગ્રંથો લખ્યા છે. તેમાંથી વિશેષ માહિતી મળશે.

લવીંગિયાની લૂમ

ગુસ્સે થએલો ગ્રાહક: લ્યો તમારી કેરીઓ પાછી, ને લાવો મારા પૈસા. તમે કહ્યું હતું ને કે સંતોષ નહિ થાય તો પૈસા પાછા આપીશ?

વેપારી: મેં કહ્યું'તું. પણ મને તમારા પૈસાથી પૂર્ણ સંતોષ છે.

ꣻ

ઊગતો કવિ–હા જી, એ કાવ્ય મેં જાતે જ લખ્યું છે.

તંત્રી–ઓહોહો! અદ્ભુત! મારા જેવો અદના તંત્રી કવિ નાના-લાલને સદેહે જોઇને ધન્ય થાય છે.

ꣻ

ઘરાક–એક અરીસો આપો.

દુકાનદાર–હાથનો જ જોઈએ છે ને?

ઘરાક–ના, મારે તો મોં જોવા જોઇએ છે.

ꣻ

એક સમારંભમાં એક ભોળાશંકરે પોતાની પડોશમાં બેઠેલા સર્જનને, થોડે દૂર બેઠેલો એક માણસ બતાવી પૂછ્યું. 'પેલો ભયંકર બેડોળ દેખાતો માણસ કોણ હશે? તમે ઓળખો છો?'

'હા જી,' સર્જને શાંતિથી જવાબ દીધો: 'એ મારો ભાઈ થાય.'

પોતાની મૂર્ખાઈથી ચાટ પડી ગએલા ભોળાશંકર થોડી વાર વિચારમાં પડીને ભૂલ સુધારવાના આશયથી બોલ્યા: 'હું યે કેવો મૂરખો કે તમારા બંનેનું મળતાપણું પારખી ન શક્યો?'

ꣻ

"જેવો એણે પોતાના ગામના સ્ટેશન પર પગ મૂક્યો કે તે સાષ્ટાંગ ભોંયે પડ્યો અને પોતાની માતૃભૂમિને ચૂમી રહ્યો.'


"ઓ હો! એટલી બધી લાગણી?"

'ના, કેળાંની છાલ.'

ꣻ

જાણીતો અમેરિકન હાસ્ય-લેખક માર્ક ટ્વેઇન એક વાર એક પડોશીને ત્યાં એક ચોપડી વાંચવા લેવા માટે ગયો. પડોશીએ કહ્યું, 'તમારે તે અહીં જ વાંચી લેવી પડશે. મારો નિયમ છે કે હું બહાર ચોપડી આપતો નથી.' ટ્વેઇને મૂગા મૂગા ત્યાં બેસીને તે વાંચી લીધી.

થોડા દિવસ પછી પડોશી પોતાના બગીચાના લૉનની ઘાસ કાપ-વાનો સંચો માગવા ટ્વેઇન પાસે ગયો. ટ્વેઇને કહ્યું કે 'તમારે તે મારે ત્યાં જ વાપરવો પડશે. તે બહાર આપવાનો મારો નિયમ નથી!'



ટ્રૉલી ચલાવવાનાં હૅંડલ સાથે પાટિયું બાંધી સામસામા બે જણ બેસી જાય તો ટ્રૉલી પણ ચાલે અને સાથે ચીચોડાની ગમ્મત માણવા મળે.

કલાચાર્ય અવનીન્દ્રનાથ ઠાકુરની આત્મકથા જોડાસાંકોર ધારે

શ્રીમતી રાણી ચંદના બંગાળી ઉપરથી અનુવાદક **રમણિક મેઘાણી**

૧૦ : પલ્તાનું ઘર

પલ્તાનું બગીચાવાળું ઘર યાદ આવતાં દુઃખ પણ થાય છે અને આનંદ પણ થાય છે. એ વેળા મારી તો ઉમર પણ શું? છતાં બધું બરાબર યાદ છે. ઓચિંતાનું એક દિવસ બધું બંધ થઈ ગયું. ઓરડેઓરડે તાળાં દેવાઈ ગયાં. મોટા ફૂઆ અને નાના ફૂઆ સાથે અમે સૌ બોટમાં રવાના થયાં. મારગમાં ભયંકર વાવંટોળ સાથે તુફાન ઊપડયું. બોટ ઘડીક આ બાજુ ઝૂકતી તો ઘડીક વળી પેલી બાજુ નમતી. જાણે હમણાં જ ડૂબી જશે એમ લાગતું. બંને ફઇબા અમને સૌ બાળકોને હૈયાં સરસાં ચાંપીને ભગવાનનું નામ લેવા મંડી પડેલાં, અને એમ અમે ફરી જોડા-સાંકોને ઘેર પહોંચ્યાં. ત્યાં પહેલા માળના નૃત્યખંડમાં મોટા બાપુજી(ગણેન્દ્રનાથ ઠાકુર)નું એક મોટું તૈલચિત્ર હતું. એ ચિત્રમાં મોટાબાપુજી સામેની બાજુએ એકીટશે કંઈક નિહાળી રહ્યા હોય તેવું લાગતું. એ ચિત્રની પાસે આવતાં જ બંને ફઈબા જાણે એકાએક ફસકાઈ પડીને ચીસ પાડી ઊઠયાં કે 'ભાઈ,—મોટા ભાઈ આ આપણું શું થઇ ગયું રે...!'

અજબ વાત હતી. જાણે ચાલતાંચાલતાં એકાએક આંખ સામે એક ભીંત આવી ઊભી. બધે બધું જ જાણે અટકી-થંભી ગયું. અમારું મોટું ભીંત-ઘડિયાળ સુદ્ધાં! મોટો થઇને જ્યારે ફરી પલ્તા ગયો ત્યારે જોયું કે બાપુજીનો એ શયનખંડ હજુયે એવો ને એવો જ—એ જ પૂર્વવત્ સ્થિતિમાં છે. તેમાં જરાયે હેરફેર નથી. ભીંત ઉપરની ઘડિયાળના કાંટા પણ બાપુજીના મૃત્યુ-સમયને જકડીને થંભી ગયા છે! એ આખાયે ખંડની ભૂમિને ઢાંકી દેતો મોટો એવો એક સાદો ગાલીચો ને એના ઉપર, પાકા બાંધેલા આંગણામાં હવાના જોરે ખરી પડેલાં ફૂલ-પાદડાં જેવી ભાત હતી. ભીંત ઉપર બિલોરી કાચની રંગીન ફૂલવેલ, શમાદાનો, આછા ગુલાબી સ્ફટિકનાં ઝુમ્મર, ભીંતબત્તી, પરદા, બધાં જ ત્યારે પણ જાણે કોઈ મહોત્સવ એકદમ ઓચિંતાનો થંભી ગયો હોય એ રીતે ઉદાસીનતાનું વાતાવરણ રજૂ કરતાં હતાં. બા ત્યાંની કોઈ પણ ચીજવસ્તુની ફેરવણી કરવા ના પાડતી. તેમ છતાં પેલું ઘડિયાળ હું એ વખતે ત્યાંથી લેતો આવેલો. આજે પણ એ અમારા બેલઘરિયાના ઘરમાં પડયું છે. પણ એ એક અદ્‌ભુત ઘડિયાળ છે. આવા પ્રસંગે એ આપમેળે બંધ પડી જાય છે! અલકની માના અવસાનકાળે પણ એ તેના મૃત્યુ-સમયને નોંધતી આપમેળે અટકી ગઇ હતી! અલક વગેરેએ ચાવી દીધા છતાં એ ફરી નહોતી ચાલતી. મેં અલકને કહ્યું કે 'તમે કોઈ એ ઘડિયાળને ન અડશો. તમારે હાથે એ બગડી જશે. એની સાથે મારી જૂની દોસ્તી છે. એનાં હાડને હું જાણું છું. જરા મારી પાસે લાવ એને!' અલકે ભીંત ઉપરથી ઉતારી એને મારી પાસે મૂકી. અને મારા હાથનો સ્પર્શ થતાંવાર જ એ ફરીથી નવેસર ચાલવા લાગી! બહુ જૂનું રાચ છે. ઘણાંની મૃત્યુ-ઘડી એણે નિજ હૈયે નોંધી રાખી છે. 'માશી' વાર્તામાં એની વાત વાંચી નથી? મેં એ વાતને વાર્તામાં પરોવી દીધી છે. હવે મારું પણ એ જ થયું છે. મારા વીતેલા જીવનને અને એની વાતોને વાર્તામાં વણીને પરોવીને જાળવી રાખું છું.

મારે એક ભાઈ હતો: અમારામાં સૌથી નાનો. જોવામાં સાવ સળેકડી જેવો. પણ એનું મોં અતિ માયાવી હતું. એની સરખામણીમાં અમે બધા પહેલવાન હતા. જરાક જોરથી બોલીએ તો યે એ બીચારો રડી પડે. બાપુજીને એ બહુ વહાલો હતો. બાપુજી એને વહાલથી 'રૅટ' સંબોધને બોલાવતા. એને માટે ચૉકલેટ, પિપરમેન્ટ, લૉઝેન્જિસ ખાસ જુદી જ આવતી. બાપુજી જાતે જ એને એ ખવડાવતા. બા કયારેક કયારેક કહેતી કે આ આટઆટલી લૉઝેન્જિસ ખાધા કરે પછી માંદો મટે જ શી રીતે? પણ બાપુજી માટે 'રૅટ' એમના ગુલાબી હરણ જેવો જ હતો. એને માટે એમને એટલું બધું વહાલ હતું. એની આંખો હરણ જેવી સુંદર હતી.

એટલે એ ભાઈના મૃત્યુના આઘાતે બાપુજી ભાંગી પડયા. એ કહે કે હવે આ જોડાસાંકોના ઘરમાં નથી રહેવું. પલ્તાનું ઘર ત્યારે તાજું જ ખરીદેલું. જોડાસાંકો મૂકી સૌને સાથે લઈને ત્યાં ગયા. ત્યારે તો પલ્તાની જગ્યામાં ચારે બાજુ જાળાંઝાંખરાં અને વચ્ચે એક મોટું પણ ભાંગી પડેલું મકાન હતું. ઉપરથી ચૂતું પાણી ભીંત ઉપર થઈને વહેતું. એટલે ભીંત ઉપર સેવાળ જામી ગએલું. મોટાં ફઈબા કહે, 'ઓ ગુણુ, અમને અહીં કયાં ઉપાડી આવ્યો? અહીં રહેશું કયાં?'

બાપુજીએ જવાબ આપેલો કે 'તું જો તો ખરી બહેન, આ થોડા દિવસમાં બધું ઠીક કરી દઉં છું.' વચ્ચે બે મોટા ખંડ હતા અને તેની આજુબાજુ બીજાં નાનાં મોટાં ઓરડા-ઓરડી હતાં. તેમાંથી જે રહેવા જેવાં લાગ્યાં તેમાં ફઈબાએ બધું ગોઠવવા-કરવાનું કર્યું. બીજી તરફ ચારે તરફ સપાટાબંધ મરામત શરૂ થઇ ગઇ. અક્ષય સાહા બાપુજીના ખાસ ઈજનેર હતા. બાપુજી પોતાને હાથે જ નકશાઓ તૈયાર કરી એમને આપે. અક્ષયબાબુ બરાબર જોઈ કરીને એ મુજબ જ બધું તૈયાર કરાવતા. એમની એ નકશાપોથી મેં સાચવી રાખી છે.

જોતજોતાંમાં તો આખા યે બગીચાનો દીદાર ફેરવાઇ ગયો. ફુવારાઓ બેસાડવામાં આવ્યા, દરવાજો મુકાયો, અહીંતહીં લાલ રસ્તાઓ ને કેડી-કેડાઓ તૈયાર થયાં, અને વન હતું તે ઉપવન બની ગયું. જૂનું મકાન હતું તેનું દીવાનખાનું બની ગયું. ત્યાંથી પચાસેક હાથ દૂર અંતઃપુર રચાયું. દીવાનખાનામાંથી બહાર નીકળતાં જ, ચારેબાજુએ તારની વાડ વાળું 'વૃક્ષ ઘર' આવે. ત્યાં વિવિધ જાતનાં વૃક્ષો, ઑર્કિડ ફૂલ અને તેની વચ્ચે નાનાવિધ પ્રકારનાં પંખીઓ ઝૂલે. ત્યાંથી લાલ રસ્તો શરૂ થાય. જરા આગળ ચાલો એટલે વચ્ચે જ એક ફુવારો આવે. એને જોઈને આગળ ચાલો એટલે એ મારગ સીધો અંદર તરફ ચાલ્યો જતો. બાપુજી કદીક કદીક સાંજ વેળા આવી ફુવારાને આરે બેસતા. એ ફુવારાની વચ્ચે, એક નાનું બાળક હાથ ઊંચા કરીને આભ સામે જોતું ઊભું હોય તેવું એક ધાતુનું પૂતળું હતું તેમાંથી પાણી ઊંચું ઊડી વર્ષાનાં વારિની જેમ ચારે બાજુ ઝરમર વરસતું, આજુબાજુ પંખીઓ કિલકિલાટ કરતાં ગાતાં ફરતાં, હવામાં પુષ્પનો પમરાટ ફોરી રહેતો, અને એ બધાંની વચ્ચે બાપુજી બેસતા. તેની એક તરફ મોટું એવું એક તળાવ ખોદાયું. જ્યારે એ ખોદાતું ત્યારે અવારનવાર જોતો તો માટીના ઢગલેઢગલા પડયા હોય અને સામટા સો સો માણસ તળાવ ખોદી રહ્યા હોય. સૂંડલેસૂંડલા ભરીભરીને માટી એક બાજુ ઠલવાયે જતી હોય. આખરે એક દિવસ એ તળાવ નવાં નીરથી છલકાઇ ઊઠયું. એમાં ટોળેટોળાં હંસ ફરતાં ફરે છે. તેની એક તરફ મોટું એવું વડનું એક ઝાડ છે. એની છાયામાં સારસ-સારસી, મયૂર-મયૂરી અને **સોનેરી તથા રૂપેરી** હંસોનાં વૃંદેવૃંદ ખેલી રહ્યાં છે. તળાવની બીજી તરફ **હરણ-વાડી** છે. ત્યાં ટોળાબંધ હરણાં એક બાજુથી અન્ય બાજુએ દોડાદોડ કરી

રહ્યાં છે. અને એક બીજી બાજુએ આખું મેદાન રોકતાં ગાડર ટોળાં છે એની પછી ગાય-બળદ, પાડા ને ભેંસ, ઘોડા અને તે પછી શાક-ભાજીની વાડી ને નાનાં ખેતરો છે, તો બીજી તરફ ફૂલવાડી છે. એમાં સુંદર મઝાનાં પિંજરાં છે અને છતાં એ એકએક ગાંદર જેવાં દેખાય છે. રંગ એનો સોનેરી છે ને એમાં દેશવિદેશથી આણેલાં નાનાવિધ જાતનાં રંગબેરંગી પંખીઓ બાપુજીનો શૉખ જાળવતાં સંગ્રહાયાં છે. બગીચા પછી રમતગમતનું મેદાન અને તે પછી આંબા, ફણસ, લીચુ ને જામફળીની વાડી. આ અને બીજું યે ઘણુંઘણું. બધું તો યાદે ય નથી. એ અમારો બગીચો ઓછો કંઇ માત્ર બગીચો જ હતો? એ તો એક પ્રદેશ હતો. ફ્રેન્ચ હદથી માંડી બૈદ્યબાટિની મિલના ઘાટ સુધી અમારા એ બગીચાની સરહદ હતી.

એ એટલો વિશાળ પ્રદેશ બે મહિનામાં બાપુજીએ એવો તો બનાવી દીધો કે બસ વાત જ ન પૂછો. એને ખાતર અનેક પૂતળાં-ઓનો ઑર્ડર વિલાયત મોકલાયો. બાપુજીએ પોતાની ઇચ્છા મુજબ દોરેલો પિત્તળનો એક ફુવારો બનાવવા ખાસ ફરમાશ મોકલી. તળાવને કાંઠે એ બેસાડવાનું મન હતું. એ ફુવારો ઘાસના ગુચ્છ જેવો હતો. એવો જ લીલો રંગ. દૂરથી જોતાં સાચેસાચું ઘાસ જ છે એમ લાગે. એ દિવસોમાં 'ઇન્ડિયન આર્ટ' જેવું તો કંઇ હતું જ નહિ. સર્વાંગ વિલાયતી આર્ટનો જ આદર થતો. પછી અમે ટી. ટૉમસનની દુકાને વિલાયતથી તૈયાર થઇને આવેલો એ ફુવારો અને પૂરા માનવ કદની બેદાસીઓનાં ધાતુનાં પૂતળાં—બાપુજીની ફરમાશની વસ્તુઓ જોએલી. ઇન્ટરનૅશનલ એક્ઝીબિશન ભરાએલું તેમાં એ બહાર મૂકવામાં આવેલી. ઘાસના પ્રત્યેક તરણાને મુખેથી છૂટતો ફુવારો તાડ જેટલો ઊંચો ઊડતો હતો. એ ફુવારાની જ કિંમત છ હજાર રૂપિયા પડેલી! એ ફુવારો તે પ્રદર્શનમાંથી જ કો'ક રાજવી ખરીદી ગએલા. સુંદર સુંદર ફૂલદાની, કાચના ગજરા વગેરે જોતાં જ દંગ થઈ જઇએ.

મોટા બાપુજી પટના આવેલા. બાપુજી ફેરવીફેરવીને એમને બધું બતાવવા લાગ્યા. બધું જોતાંજોતાં બાપુજીના ખંડમાં પ્રવેશ્યા. ત્યાં અંદર પગ મૂકતાં જ મોટા બાપુજી બોલી ઊઠ્યા કે 'વાહ ગુણુ, તારો માળી તો કંઇ અજબ ગજરા બનાવે છે ભાઈ! હું જાઉં ત્યારે મને આવો એક ગજરો બનાવી આપે એમ એને કહી દેજે!' બાપુજીએ જવાબ આપ્યો કે 'મોટા ભાઇ, આ તો કાચનાં ફૂલ છે; તમે કળી ન શક્યા?' અને મોટા બાપુજી 'હા હા' કરતા હસી પડ્યા ને બોલ્યા 'હા ભાઇ, હું તો આબાદ બની ગયો. જરા જેટલી યે શંકા ન આવી.'

બાપુજી લગભગ રોજ કલકત્તા જતા અને અનેકવિધ ચીજવસ્તુ લઇ આવતા. એક વખત એ ઘણાં બધાં હંસનાં બચ્ચાં લઈ આવ્યા. બરાબર ચિનાઇ માટીનાં રમકડાં જેવાં ને રમકડાં જેવડાં જ. મુઠ્ઠીમાં સમાવી શકાય તેવાં ને સફેદ દૂધ જેવાં એ હતાં. એ હંસને તળાવમાં મૂક્યાં: એ વિચારે કે એ ત્યાં જ રમ્યા કરશે, પોતાનું રહેઠાણ બના-વશે ને બચ્ચાં તળાવ-કાંઠા પરના ઘાસના ઝુંડમાં રહેશે. વળતી પ્રભાતે હંસલાઓને ચારો નાખવા જતાં જોયું તો એક પણ હંસ જીવંત નહિ! તળાવનાં પાણી ઉપર ઢગલો બધાં ધોળાં પીછાં પાપડીની જેમ તરતાં હતાં! નાના ફઇબાએ કહ્યું, 'કેવું કર્યું છે તેં. આટલાં નાનાં હંસને તે એમ તળાવમાં મુકાતાં હશે? રાતોરાત જ શિયાળવાં બધાંને ભરખી ગયાં!'

બીજું એક દૃશ્ય યાદ આવે છે. બાપુજી ફુવારાને આરે બેઠા છે. અંદરના મકાનની સામે મોટીમોટી પેટીઓ ઊતરી છે. હથોડી-છીણી લઈ નોકરો એ ખોલી રહ્યા છે. અવારનવાર જુદેજુદે ઠેકાણેથી એવી પેટીઓ બાપુજીની ફરમાયશી ચીજોથી ભરાઇને આવતી. બાપુજી પોતે પાસે ઊભા રહીને નોકરો પાસે એ પેટીઓ ખોલાવતા. અંદરથી શું નીકળે છે એ જોવામાં મને ખૂબ મઝા પડતી. દાસદાસીઓના પંજા-માંથી છટકી કદીક કદીક ત્યાં પહોંચી જતો. તે દિવસે પેટીમાંથી કાચની બે ફૂલદાની નીકળી. એક ગુલાબી ડાંખળી ઉપર ટ્યુલિપ ફૂલ, તેના પર ઝાકળ બિન્દુઓની ઝીણી ઝરમર ને બે બાજુએ થોડીથોડી સોનેરી પાંદડીઓ વેરાએલી. બા માટે માથું ઓળવા એક અરીસો પણ હતો. પછી બાએ તે અલકની બાને આપી દીધો હતો. એ જીવતી ત્યાં સુધી એ અરીસામાં જોઇને જ માથું ઓળતી. પરંતુ હવે એ અરીસાની કમબખ્તી થઈ છે. મારા ઓરડામાં રાખ્યો, પણ એની સામે જઇને વાળ ઓળવા જાઉં છું ત્યારે મનમાં કંઈનું કંઇ થઈ જાય છે. કહું છું, 'હવે શા માટે? લઈ જા એને આ ઓરડામાંથી!' એ અરીસાની સામે રહેતી ટ્યુલિપ ફૂલની ફૂલદાની. આંખેઃ નિત્ય એ જોવા ટેવાઈ ગઇ હતી. વચ્ચે એક વાર એક નોકર એને વેચી ખાવા બજારમાં ઉપાડી ગએલો, પણ બીજા નોકરને ખબર પડતાં જ એ દોડતો જઇને એની પાછળ પડી તે પાછી લઇ આવ્યો. તે વેળા મેં કહેલું કે 'એ પારૂલ, આને જરા જાળવીને ક્યાંક મૂકી દે. આ શી ચીજ છે એ તમને નહિ સમજાય. બા એમાં જોઇને માથું ઓળતી ત્યારે ટ્યુલિપ ફૂલની છાયા અને બાના મોઢાની છાયા આ અરીસામાં પડતી. હું આજે પણ એ દૃશ્ય આ અરીસામાં જોઈ શકું છું. સોનેરી પાંદડાં આજેયે એવાં ને એવાં જ ચળક્યાં કરે છે. મારા બાળપણનાં સંભારણાં-માં એ ટ્યુલિપ ફૂલ અને આ અરીસાની વાત વધુ સ્પષ્ટપણે લખેલી છે. બીજી એક ફૂલદાની હતી ક્રોકેટ ચીની માટીની, લીલા રંગની. એના ઉપર બે આસમાની-પીળાં પંખી અને વેલપાંદડાં વગેરે હાથે ચીતરેલું હતું. એ અતિ સુંદર ફૂલદાની બાપુજીના ડ્રેસિંગ ટેબલ ઉપર રહેતી. આખરે એ બાકુબઝાર ગએલી. કોણ જાણે એનું શું થયું તે!

બાપુજી આ રીતે ઘર અને બગીચો શણગારી રહ્યા હતા ત્યારે અમે નાના હતા. ત્યારે અમને ખાસ કંઈ ગમ નહોતી. અંદરના ઘરમાં રહેતા. વચ્ચેવચ્ચે ઈશ્વરબાબુ આવતા અને સાંજ ટાણે ગંગાકિનારે ફરવા લઈ જતા. ત્યારે રસ્તા ને ઘાટ સરખા બંધાયા નહોતા. જ્યાંત્યાં મુડદાંનાં માથાંની ખોપરીઓ રઝળતી પડેલી દેખાતી. ચાલતાંચાલતાં અટકી જતા. ઈશ્વરબાબુ કહે કે એને અડશો મા ભાઇ, એને અડશો મા. પણ અમે કો'ક ડાંખળી, લાકડી કે વળી લઇ એને ધકેલતા ધકેલતા ગંગાનાં નીરમાં હડસેલી દેતા ને કહેતા કે જા તારો ઉદ્ધાર થઈ ગયો. એ હતી અમારી એક રમત. સવારસાંજ પગપાળા જ ફરવા જતા.

અમે પટના હતા ત્યારે એક વાર નક્કી થયું કે બાપુજી વિલા-યત જશે. એ માટે કલકત્તાના એક સાહેબશાહી દરજીને ત્યાં કપડાં માટેની ફરમાશ ગઇ. બાપુજી કહે, વચેટ ભાઇ વિલાયત છે જ. ને ગગન પણ ભલે ત્યાં જતો. સતીશ જર્મની છે અને સમર પણ ત્યાં જ જશે. ને પછી મારા તરફ આંગળી ચીંધીને એમણે મોટાં ફઇબાને કહ્યું, એ ભલે અહીં રહ્યો. મારી સાથે આખું હિંદુસ્તાન ફરશે, જોશે ને જાણશે. ત્યારથી સૌએ મારી બુદ્ધિ અને ભણતરની આશા મૂકી દીધેલી. બધા સમજી ગએલા કે એ બધું મારાથી નથી થવાનું. વિદેશ જવાનું તો ન જ થયું, પણ આપણા દેશમાં યે બાપુજીની સાથે ફેરવાનું ન થયું. અને તેમ છતાં બાપુજીએ જે કહેલું કે 'આખો હિંદુસ્તાન ફરશે, જોશે ને જાણશે' તે ખરું પડ્યું છે. આપણા દેશ ભારતવર્ષને મેં જે રીતે જોયો-જાણ્યો છે તે જોઇને તેઓ ખુશ થયા હોત.

પટનાના ઘરમાં છએક મહિના વીત્યા છે. ઘર અને બગીચાની સજાવટ બરાબર થઇ ગઈ છે. બિનયિનીના વિવાહની વાતો ચાલે છે. આ 'જમાઈ છઠ'ને દિવસે મુરતિયો જોવાનું થશે. બાપુજીની ઇચ્છા હતી કે સગાંસ્નેહીઓને બોલાવી એક મોટી પાર્ટી આપવી.

એ માટેની તૈયારીઓ શરૂ થઇ. જ્યાંજ્યાં જે કોઈ સગાંસ્નેહી કે સાહેબસુબા હતા તેમાંથી કોઈ જ આમંત્રણમાંથી બાકાત ન રહ્યું. આવી ન શક્યા માત્ર એક જણ, અને તે બાપુજીના સહાધ્યાયી બલાઈસિંહ. તેમની આખરાવસ્થા સુધી જ્યારેજ્યારે મળતા ત્યારે વસવસો કરતા કે હું કેમ ન આવ્યો. પાર્ટીની મોટી તૈયારીઓ થઇ. માણસો તો એટલાં બધાં આવે ! તે વળી બેત્રણ દિવસ રોકાય. બગીચામાં ચોમેર એ માટે તંબૂ તણાયા, રાવટીઓ નંખાઈ. કેક, મિષ્ટાન્ન, ફળફૂલ, અત્તર, ગુલાબજળ વગેરેથી ચારે બાજુ ભરચક્ક થઇ ગઇ. નાચ-ગાનની મેહફિલની ગોઠવણ પણ થઈ હતી. અમે અંદરના મકાનમાં દોડાદોડ કરતા હતા. બબરચી ને ખાનસામા ટેબલો ઉપર ચારે બાજુ સૅન્ડવિચ, આઈસક્રીમ વગેરે ગોઠવતા. સારુંસારું ખાવાનું જોઈને અમે બાળકો એની લાલચ રોકી શકતાં નહિ. ફરીફરીને વળી તે બાજુએ જઈએ, નવીન બબરચી કંઈક નહિ ને કંઇક હાથમાં પકડાવી દે અને કહે કે જાવ જાવ અહીંથી, આઘા જાવ હવે. ને અમે ચાલ્યાં જતાં. વળી પાછાં થોડી વારે ફરી ત્યાં જઇને ઊભાં રહેતાં. એ રીતે અમારો વખત વીતતો જતો હતો. બીજી બાજુ દીવાનખાનામાં પાર્ટી શરૂ થઈ ગઈ હતી ને નાચ-ગાન ચાલી રહ્યાં હતાં. રવિકાકા, મોટા બાપુજી વગેરે પણ હતા. રવિકાકાએ ગીતો ગાયાં હતાં. પહેલે દિવસે દેશી ધોરણ મુજબની પાર્ટી હતી.

બીજે દિવસે સાહેબ-સુબાઓ માટે અંગ્રેજી ધોરણની ડિનર પાર્ટી હતી. અમારા નીલમાધવ દાક્તરના દીકરા વિલાયતથી બૅરિસ્ટર થઇને આવેલા. એ નંદ હલદર સાહેબે ટોસ્ટના ઠરાવ પછી પીણાનો ગ્લાસ પૂરો કરી વિલાયતી ઢબે પાછલી બાજુએ છૂટો ફેંક્યો અને એમની સાથોસાથ બીજા બધાએ પણ ગ્લાસ પાછલી બાજુએ ફેંકવા આરંભી દીધા! એકીસપાટે આખો ગ્લાસ ખાલી કરી તે પાછલી બાજુ ફેંકતાને દર વખતે ઝણ્ણણ્ નાદ ગુંજી ઊઠતો. યાદ છે, ખાનસામાઓ જ્યારે કાચના ગુલાબી ઝાંયદાર અતિ મોંઘા ગ્લાસ ટેબલ ઉપર હારબંધ ગોઠવતા હતા તે, અને તે પછી વળતી સવારે જ્યારે સાફસૂફી શરૂ થઇ ત્યારે ગુલાબની ગુલાબી પાંદડીઓ સાથે ગુલાબી કાચના ટુકડા સ્તૂપાકારે ગોઠવાઈ વાસીદામાં બહાર ચાલ્યા ગયા તે. બેત્રણ દિવસે જ્યારે પાર્ટી પૂરી થઈ ત્યારે બાપુજીએ જાતે ઊભા રહી સૌની સાર-સંભાળ લીધી અને સૌને માટે જવા-કરવાની બધી ગોઠવણ કરી. અતિથિ-અભ્યાગત, સગાં-સ્નેહી, દોસ્ત-મિત્રો સહુને હસતે મોંએ વિદાય આપી. અંદરના ઘરમાં બા અને ફઈબા 'જમાઇછઠ'ની પહેરામણી મોકલવામાં પરોવાયાં હતાં.

એવે વખતે એકાએક બાપુજીને વસમું લાગ્યું. આટલી ધામધૂમ ને ધમાલમાંથી એકદમ એક અતિ ભયંકર આફતના ઓળા સૌનાં મોં ઉપર પડ્યા. ફૂઆ દવા ને દાક્તર માટે દોડ્યા. નીલમાધવ બાબુ આવ્યા. કહે કે જલદીથી બરફ લાવો. દાસદાસીઓ વીલે મોંએ અંદરઅંદર ગુસપુસ કરવા લાગ્યાં. જેઠ મહિનો હતો. તોફાનનાં વાદળાં કાળાં ઘોર બની ઘેરાયાં હતાં. હૂ-હૂ કરતો પવન ફૂંકાતો હતો. વળતી સવારે દાસીઓએ અમને આગળ ધકેલતાં કહ્યું, 'જાવ, છેલ્લી વાર જોઈ આવો.' ને અમને અંદર બાપુજીના ઓરડામાં લઇ જવામાં આવ્યાં. બાપુજી પથારીમાં તરફડતા હતા. બાજુમાંથી કો'ક બોલ્યું, 'બાળકોને જોવાં હતાં ને? જુઓ, બાળકો આવ્યાં છે.' એ સાંભળી બાપુજીએ જરા ખભા ઊંચા કરી એક વાર અમારી તરફ મીટ માંડી અને પછી મોં ફેરવી લીધું ને એમનું માથું ઓશીકા ઉપર ઢળી પડ્યું. મોટાં ફઇબા ને નાનાં ફઈબા ચીસ પાડી ઊઠ્યાં: 'આ શું થયું? ઓ રે! આ શું થઈ ગયું?! કાળ જેઠ આવ્યો; આ તો કાળ જેઠ આવ્યો.'

અને તે દિવસથી મારું બાળપણ જાણે કે પૂરું થઇ ગયું છે. (ચાલુ)

પટોળાની વસ્ત્રકળા

ગુજરાતને પટોળાનું નામ અજાણ્યું નથી. 'પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહિ' એવી પટોળા વિષેની ઉક્તિ જાતવાન માણસો માટે વપરાય છે. ખાનદાન પોતાની ખાનદાની છોડે નહિ, તેમ પટોળાની ભાત ફાટી જાય પણ ઊડી જાય નહિ એવીરીતે તે વસ્ત્રના વણાટમાં જ આવી ગઈ હોય છે. આજ તો ગુજરાતમાં પટોળાં જોવાનાં પણ દુર્લભ થયાં છે. માત્ર કોઇ સારા મ્યૂઝિયમમાં વસ્ત્રની અજબ જાત તરીકે સંઘરાયાં હોય છે અથવા કોઇ મોટા ઘરમાં વડીલોની એક પ્રસાદી રૂપે સાચવી રાખ્યાં હોય છે. મિલોની અવનવી સાડીઓ ને સંચામાં છાપેલી ભાતોવાળાં સુતરાઉ વસ્ત્રો આગળ આ જરીપુરાણી ભાતો અને ઠંડા બેઠા રંગો સામે જોનાર પણ આજે કોણ છે? પ્રેમાનંદ કવિના વખતમાં તો બૈરાંઓ રઢ લેતાં કે 'લઇશ પટોળાં સાર, સાડી નહિ પહેરું.' આવું પટોળાનું માહાત્મ્ય ને મૂલ્ય એક હજાર વર્ષ પૂર્વેથી ગુજરાતમાં પ્રચલિત હતું અને સૂરત, અમદાવાદ, ભરુચ વગેરે સ્થળોએ પટોળાના કારીગરો આબાદી ભોગવતા. લગ્નમાં પટોળું પહેરવું એ મંગળ ગણાતું, એટલે દરેક કન્યા માટે એક નંગ તો દરેક ઘર વસાવતું.

સંસ્કૃત સાહિત્યના આધારે કહેવામાં આવે છે કે ઈ. સ. પૂર્વે ચોથાથી અગિયારમા સૈકા સુધી તે બહુ પ્રચલિત હતું. એટલા પ્રાચીન સમયથી તેની કારીગરી ને વણાટમાં કૌશલ વધતું આવ્યું છે. 'પટોળું' નામ મૂળ પટકુળ પરથી ઊતરી આવ્યું હશે. પ્રાચીનો રેશમના વસ્ત્રને 'પટ' કહીને ઓળખતા. પણ તેમાંની રંગબેરંગી વણાટની ભાતને લીધે કેટલાક તેને 'પટોલિકા' એટલે 'રંગપેટી'એ શબ્દ સાથે જોડે છે. આજે ય રાજસ્થાનમાં રંગોના દાબડાને 'પટોલી' કહે છે.

આ વિષયની વિગતવાર છણાવટ કરતું, શ્રી એ. એન. ગુલાંટીનું એક અંગ્રેજી પુસ્તક, મ્યૂઝિયમ એસોસીએશન ઑવ ઇન્ડિયા તરફથી બહાર પડ્યું છે. [The Patolu of Gujarat (ગુજરાતનું પટોળું) પ્રાપ્તિસ્થાન: પ્રિન્સ ઑવ વેલ્સ મ્યૂઝિયમ, મુંબાઇ-૧ કિ. રૂા. ૪.] તેમાં ઉપર્યુક્ત છણાવટ ઉપરાંત પટોળાં કરનારા સાળવીઓ વિષે પણ ઠીક પરિચય આપ્યો છે, ને વિશેષ તો પટોળાના વણાટમાં તાણાવાણાની આંટીઓ પહેલાંથી પાકી રંગીને શાળ પર નાખતાં નમૂના પ્રમાણે કેવી રીતે ભાત નીકળતી આવે છે તેની સમજ આપવા બહુ સરસ દૃષ્ટાંતચિત્રો આપ્યાં છે. ઉપરાંત જુદાજુદા પ્રદેશોમાં બનતાં પટોળાંની માહિતી ને નામો સાથે રંગીન ચિત્રો પણ આપેલાં છે, જે પૈકી બે રંગીન ચિત્રો આ અંકમાં છાપ્યાં છે. આજે ગુજરાતમાં આ કળા પાટણમાં ગણ્યાંગાંઠ્યાં બેચાર સાળવી કુટુંબોમાં જ સચવાઈ રહી છે. તેનો જીર્ણોદ્ધાર કરવા માટે નવા નમૂના, કામના સમયમાં બચાવ અને ઝડપી શાળો તથા યંત્રોની સહાયની યોજના જરૂરી છે. આ નાનું પુસ્તક એ બધા પ્રશ્નોની બહુ જ વિસ્તારથી છણાવટ કરે છે. ઉદ્યોગધંધા ને કળાનું રક્ષણ કરનારી સંસ્થાઓ તથા વ્યક્તિઓ જરૂર આ પુસ્તક પર મનન કરે એવી ભલામણ છે.

ર. મ. રાવળ



હબાના ડુંગરાળ વિસ્તારમાં કોટાયની પાસે આવેલાં ગણુગોરગઢનાં ખંડેરો વચ્ચે ઊભેલું પ્રાચીન શિવમંદિર: નીચે ખીણમાં ઝરણ છે.

હબાય
કોટાય
રુદ્રમાતા

કચ્છના હબા પ્રદેશમાં

પૂર્વકાલીન શૌર્ય અને શિલ્પની રંગદર્શી ભોમકાના અવશેષોનો પરિચય

લેખક અને તસ્વીરકાર: **રામસિંહજી રાઠોડ**


ગયા હપતામાં આપણે હબાની કથા જોઇ. તે પહેલાં કોટાય કાઠીઓની વસાહતનું મુખ્ય ધામ હતું. કાઠીઓ જેમ પાવરધા પશુપાલક હતા તેમ શૂરા અને સમર્થ યોદ્ધા પણ હતા. તેમની આબાદી વિશેષે તેમના પશુધન ઉપર નિર્ભર હતી. પાંચમાથી અગિયારમા સૈકા વચ્ચેના ભાગમાં હબાની ઉત્તરે વિસ્તરેલી બન્ની[1]નાં ચરિયાણુ તથા ઝૂરા, હબા, ફાંસ, કંથકોટ વગેરે ડુંગરોની વીડી[2]ઓ-માં તેઓ ફૂલ્યાફાલ્યા હતા. કચ્છના મધ્ય, દક્ષિણ અને પૂર્વ ભાગ-માં પણ તેમની વસાહતોની નિશાનીઓ સર્વત્ર મળે છે. આજે જે

નીચે : કોટાયના શિવમંદિરનું પ્રવેશદ્વાર



જળબંધ બાંધીને ખેતી વિસ્તારવાની વૈજ્ઞાનિક યોજનાઓ હાથ લેવાય છે તેનો અમલ એ કાઠીઓએ આજથી હજાર વરસ પહેલાં કચ્છમાં સફળતાથી અને વિપુલપણે કર્યો હતો. કચ્છમાં આજે જ્યાં-જ્યાં તળાવો કે તેના અવશેષો જોવા મળે છે તે સર્વ સ્થળે એ કાઠી-ઓએ બંધાવેલા નદી ઝરણાં ઉપરના બંધોના અવશેષો દૃષ્ટિગોચર થાય છે, ને હાલ નવી યોજના પ્રમાણે બંધાનારા બંધો માટે પણ એ સ્થાનોમાંના કેટલાકનો ઉપયોગ કરવામાં આવે છે. તેમની સ્વાર્થ-પરાયણ સત્તાની અકડાઈ અને એકલવાયાપણાથી તેઓ તે વખતના અન્ય સ્થાનિક સમાજ સાથે સહકારથી ભળીને રહી ન શકયા અને તેમના બખેડા થવા લાગ્યા. તેમાં તેઓ ચાવડા, ચારણ, સંધાર, આહીરો, સૂમરા ને સમાઓ સામે ઠીકઠીક ઝૂઝયા છે. તેની પ્રતીતિ કરાવતા તેમના પાળિયા કચ્છમાં ઠેરઠેર આવેલા છે. કેટલોક કાળ કચ્છ બહાર અવરજવર કરીને ટકી રહ્યા બાદ છેવટે સમા ને આહીરોના સંગઠિત બળ સામે તેઓ કચ્છમાં રહી ન શકયા. એકદા એકસામટો સામનો થતાં તેમને ભર્યાભાદર્યા ઘરો ને વસેલાં ગામો રાતોરાત છોડીને સૌરાષ્ટ્રમાં જઈ ભરાવું પડ્યું. કચ્છમાં થએલા આ અનુભવ પછી તેઓ પ્રમાણમાં ઓછો ઉધમાત કરી સૌરાષ્ટ્રમાં ઠરીઠામ બેઠા. કચ્છમાં પોષણ પામેલી તથા પરિપુષ્ટ થએલી આ કાઠી પ્રજાએ સૌરાષ્ટ્રમાં મરાઠા આક્ર-મણનો પૂરતો સામનો કર્યો, અને ત્યારથી તેમના જ

[1]બન્ની=કચ્છના મોટા રણ ને કચ્છના મુખ્ય પ્રદેશની વચ્ચે આવેલો ઉચ્ચ-પ્રદેશ, જેમાં સારામાં સારું ઘાસ તથા હિંદ-ભરમાં શ્રેષ્ઠ પૈકી ગણાતું પશુધન થાય છે. [2]વીડી=ઢોરના ચરણ ઘાસના ઉત્પાદન તથા સંગ્રહ માટે રાખેલો ચુનંદો પ્રદેશ.



હબાય ડુંગરને પૂર્વ છેડે હબાય ગામમાં હબાય માતાનું આજનું મંદિરઃ ત્યાંના પાણીના ઝરણા સાથે.

નીચે: કોટાય(અણગોરગઢ)ના પ્રાચીન મંદિરનો પૃષ્ઠ ભાગ, જે પર વચ્ચેના ગોખમાંની શિલ્પમૂર્તિ મહેશની છે અને તેની ડાબી-જમણી બાજુઓ પર બ્રહ્મા અને વિષ્ણુની મૂર્તિઓ છે. મહેશની એ મૂર્તિના અનુસંધાનનું મોટું દૃશ્ય જુઓ સામેના પાને ગયાળે.



નામ પરથી સૌરાષ્ટ્રનું નામ 'કાઠિયાવાડ' પ્રચલિત થયું.

કાઠિઓ સૂર્યપૂજક હોઈ જ્યાંજ્યાં એમનો જાતિપ્રવાહ ગયો છે ત્યાં ત્યાં તેમણે સૌંદર્યસભર ભવ્ય સૂર્યમંદિરો ચણાવ્યાં છે. પોષક તત્ત્વોની સર્જકશક્તિ પૂરી પાડી પ્રાણીમાત્રને સુખ આપતા અને અંધકારરૂપી મલિનતા દૂર કરતા તેજસ્વી સૂર્યને હબામાં કોટ્યર્ક[3] રૂપે તેમણે આરાધ્યા છે. ત્યાં તેમણે કોટ્યર્કનું પહેલું મંદિર ચણાવ્યું; અને એ કોટ્યર્ક ઉપરથી જ એ સ્થળ કોટાય કહેવાયું. શુદ્ધ હિંદુ સ્થાપત્યના મધ્યયુગીય કાળનાં—શિલ્પ સ્થાપત્યના ઉત્તમ નમૂના જેવું આ કોટાયનું સૂર્યમંદિર આજે તો કાળનો ઘસારો ખાઇ ખખડી જઇ નામશેષ ભંગાર બની ગયું છે.


એ કોટાયને પડખે જ અણગોરગઢમાં બિસ્માર હાલતનું એક શિવમંદિર આવેલું છે. કચ્છના પ્રાચીન અવશેષોમાં આ મંદિર ચૂંટ મોતી જેવું છે. ત્યાંના શિલ્પમાં પહોંચેલી પ્રજાની કારીગરી સમી પ્રાણવાન રસિકતા તરવરે છે. ત્યાંની શિલ્પશૈલીમાં સૌંદર્યની કલ્પનાને સ્થાયી સ્વરૂપ મળ્યું છે. ટાંકણાપરનો સંયમ ઉચ્ચ કક્ષાનો રહી કઠણ પથ્થરોમાં કલ્પનાઓ કોતરાઇને તેમાં કોમળતા ઊતરેલી છે. એ પુરાણા પથ્થરોમાંથી માનવતાની ખુશ્બૂ, જીવનનો રંગ, સંસારનો રસ, કર્તવ્યનો આનંદ અને ઊમળકો નીતરતાં લાગે. શિલ્પની આવી સૌંદર્યકળા જોતાં તો ગમે ત્યાં થાય કે સંસાર અસાર નથી.

આ મંદિરમાં તેને બંને પડખે (ઉત્તરે ને દક્ષિણે) એકેક ઝરૂખાબારી છે. સળંગ પથ્થરમાંથી કોરી કાઢેલી તેની જાળીઓ તો આજે તૂટી ગઇ છે. માત્ર એક ઝરૂખામાં નમૂના જેવો જાળીનો થોડો ભાગ બચવા પામ્યો છે. દક્ષિણ બાજુની બારીમાંથી અહીંની પશુ સમૃદ્ધિને પોષતા ઘાસથી છવાએલા ગામેરો, ગડેવારો ને છણકટો નામના ડુંગરો તથા ઝાડોથી ભરેલી ખીણમાં સૂરજ ફઈ દેખાય છે, તો ઉત્તર તરફની બારીમાંથી દેખાતી, જાળ્યનાં લીલાં જાળાંઓથી લીલી લાગતી બન્નીની પટ્ટી અને તેની પેલી પાર ક્ષાર પાથર્યા રણ ઉપર ઝળાંઝળાં થતા સૂર્યપ્રકાશની સર્વગ્રાહી વિશાળતાનો અંદાજ આવે છે તો, મંદિરના અંધારા ગર્ભ-

[3]કોટ્યર્ક=કોટિ-અર્ક. કોટિ=કાટખૂણીય ત્રિકોણની કર્ણરેખા સિવાયની બાજુ—કાટખૂણો; અર્ક=સૂર્ય. સૂર્ય જે સ્થળે બરોબર કાટખૂણે આવે છે તે કર્કવૃત્ત. હિંદુસ્તાનનાં ઘણાંખરાં સૂર્યમંદિરો (તેમજ અન્ય વિખ્યાત મંદિરો પણ) આ રીતે કર્કવૃત્ત ઉપર બંધાએલાં છે.


ગૃહમાં નજર કરતાં ત્યાં શિવ-શક્તિ હશે ત્યારે તેની સમીપમાં, ભક્તિભાવથી ઝગોળ માણસને એ વિશાળ કલ્પનામાંથી અંધારાની એકતાનતામાં લઈ જઈ બંનેના સંયોગથી કેવી અમોઘ શક્તિનું પ્રેરણાબળ આપતું હશે તેનો ખ્યાલ આવે છે. સભામંડપની વચ્ચેના વિશિષ્ટ એવા ચાર સ્તંભો અને દીવાલ સાથે જડેલા બીજા સ્તંભોમાં આકારોની એકતાનતા સાચવી તેમને વિવિધ સુંદર શિલ્પથી સજાવેલા છે. અંદરના આ શિલ્પમાં કેટલીક નૃત્યમૂર્તિઓ તથા જલ-લહર કે કમલાકૃતિઓનું બારકર્યું આકર્ષક છે. સભામંડપની છત અંદરથી ચૈત્ય ઢબે બન્ને બાજુથી ત્રણ ત્રણ ગોળ કમાનોથી ઉપસાવીને ગોળાકારે ઉચકાવેલી છે; અને સ્તંભો પર સિંહ-મુખો ને કીચક-આકારો મૂકી તે ઉપર આ છતને ટકાવીને આધાર અપાએલો છે. છતમાં રાસમંડળી અને પાંખડીએ પાંખડી બતાવી ઉપસાવેલા શતદળ કમળનું શિલ્પ મનને માદક કરે છે. આ મંદિરની છતનું આ પ્રકારનું સ્થાપત્ય વિશિષ્ટ પ્રકારનું છે.

મંદિરના બહારના ભાગમાં દ્વાર પર કેટલીક ભવ્ય પ્રતિમાઓ ઉતારેલી છે; ને ભોંયતળિયેથી શિખર સુધી મંદિરનું સ્થાપત્ય શિલ્પસભર છે. પુષ્પો, પ્રાણીઓ, મનોહર અંગભંગીમાં લાવણ્યવતી રૂપસુંદરીઓ ને અનેક પ્રસન્ન દેવમૂર્તિઓ ઘસાઇ તૂટી ગયા છતાં તેમની ભવ્યતા છતી કરે છે. તેમાં વચ્ચેવચ્ચે મૂકેલા સૌષ્ઠવભર્યાં, ચમકીને ઊછળેલા અને સુંદર સાજવાળા તેજી અશ્વોનું શિલ્પ એ સમયની કળાની સજીવતા દેખાડે છે અને અથર્વવેદમાં વર્ણવેલા દૈવી અશ્વની યાદ



સામેના પાને દર્શાવેલા કોટાય મંદિરના પૃષ્ઠ ભાગની વચ્ચેનો મહેશમૂર્તિવાળો ગોખ અહીં ડાબી બાજુએ દેખાય છે. તેને અનુસંધાને આવેલાં પડખેનાં પાસાંઓ પરના શિલ્પમાં ચમકીને ઊછળેલા તેજી અશ્વોનું શિલ્પ ખાસ ધ્યાન ખેંચે છે. નીચે: (ડાબી બાજુ) કોટાય-મંદિરની ઉત્તર તરફ કચ્છનું મોટું રણ તથા બન્નીનો ખુલ્લો પ્રદેશ આવેલો હોઈ ત્યાંથી આવતા ક્ષારવાળા પવનથી એ બાજુની ઝરૂખાબારી ઉપરનું શિલ્પ, થાંભલા વગેરે બધું ખવાઇ ગયું છે; જ્યારે દક્ષિણે હબાય ડુંગર આવેલો હોઈ તેના રક્ષણને લીધે એ તરફની ઝરૂખાબારીનું શિલ્પ મુકાબલે સારું રહ્યું છે. (જુઓ જમણી તરફનું ચિત્ર)





આપે છે. આવાં કલામય સમૃદ્ધ મંદિરો સર્જાયાં ત્યારે લોકોને કેવી સ્વસ્થતા હશે? જીવનમાં ત્યારે કેવી મધુરપ હશે? અને તેમની સૌંદર્યપૂજક કલાભિરુચિ કેટલી ઉચ્ચ કક્ષાએ પહોંચી હશે?

ઉપર્યુક્ત સૂર્યમંદિર તથા શિવમંદિર ઉપરાંત બીજાં પણ થોડાં મંદિરો આ સ્થળે હતાં. હાલના કોટાય ગામનાં કેટલાંક ઘરો તો, આ કાહીઓનાં તથા બીજાં મંદિરો અને અણગોરગઢના ખંડેરોના પથ્થરો ભંગાઈભંગાઇને ચણાયાં છે! આ રીતે ઘસાઇ અને ખવાઈ ગએલાં ખંડેરોની નિશાનીઓ વચ્ચે હવે માત્ર કોટાયનું આ એક જ શિવ મંદિર ડુંગરાળ ભેખડ ઉપર એકલવાયું ઊભું છે. વચ્ચેથી ઊંડો વહેળો વહ્યો જાય છે ને સામે પાર કોટાય ગામ આવેલું છે. એ તરફને પાસે પણ ડુંગરના પાસાટામાં ઊંચે નાના એવા એક જૂના મંદિરના અવશેષ આવેલા છે. સિવાય ૧૮૭૪માં બર્જેસે જોએલાં એક ઉત્તરાભિમુખ ને બે પૂર્વાભિમુખ મંદિરો તથા એક બીજું નાનું દહેરું. તેમજ તેણે નોંધેલ સૂર્ય, વરાહ, ગણપતિ, નવ ગ્રહના ગણ, નરસિંહ કે શાર્દૂલની મૂર્તિઓ, વગેરે કશું આજે અહીં નથી.

હબાને પૂર્વ છેડે ડુંગરના ભૂસ્તરમાં એક તૂટ (Fault) આવેલી છે. Fault-તૂટ એટલે ધરતીકંપ કે એવા બીજા પ્રચંડ પ્રાકૃતિક અકસ્માતથી ડુંગર કે ધરતીની સપાટીમાં તિરાડ પડીને તેના થરો દોઢે ચડી જાય તે સ્થળે પડેલો ખાંચો. તેને લીધે ત્યાં મીઠા શીતળ પાણીનો અખૂટ ઝરો આવેલો છે. આ સ્થળે લીલીકુંજાર ઝાડી વચ્ચે કુદરતને ખોળે હબાયમાતાનું મંદિર આવેલું છે; અને બાજુમાં હબાય ગામ છે. હબા ડુંગરની પ્રદક્ષિણા કરી લોડાઈ થઇને અહીંથી જ કોટાય જવાય છે. પણ તેમ કરવાને બદલે હબાની ઉપર થઇને ડુંગરાળ માર્ગ ચડઉતર થતી જતી કેડીને રસ્તે કોટાય જતાં હબાની પ્રાકૃતિક સમૃદ્ધિનો ખ્યાલ આવે છે. વળી આ માર્ગે એક ઊંચી ટૂક ઉપર રામદેવ પીરનું સ્થાનક આવેલું છે, જ્યાંથી હબાની ઉત્તર ને દક્ષિણભાગનું વિહંગદૃશ્ય બહુ રમણીય લાગે છે. આ પડખે હલામણ જેઠવાનું સ્મરણ સાચવતી હલામણ ટૂક પણ આવેલી છે. ઉપરાંત હબાને પશ્ચિમ છેડે ખારી અને પાટ નદીના સંગમ ઉપર રુદ્રાણી માતાની સુંદર જગ્યા આવેલી છે.



ખારી અને પાટ નદીના સંગમ પર રુદ્રાણી માતાનું આજનું સુંદર મંદિર

કચ્છના નામી પશુધનને પોષતું ઉત્તમોત્તમ પ્રકારનું ઘાસ હબામાં થાય છે. તેને લીધે જે જમાનામાં પશુધન લોકોની આજીવિકા અને નિર્વાહનું એકમાત્ર સાધન ગણાતું ત્યારે હબામાં સમૃદ્ધિની છોળો ઊડતી. જમાનાની બદલાએલી જીવનપ્રણાલીમાં આજે તો અણમાનીતી ત્યક્તા જેવો લાગતો હબો પોતાના ખોળામાં કોટાય, ધંગ, હબાય, બોલાડી, અને જીકડીને મુસીબતથી પણ હુબથી સાચવી રહ્યો લાગે! આમ રમણીય કુદરતમાં એક છેડે હબાયમાતા અને બીજે છેડે રુદ્રાણીમાતાનાં મંદિરો વચ્ચે, પાણીનાં વહનથી કપાએલી કંઈ કેટલીય મોટી ગાળી કે ઝરથી ચારાએલો હબો તેમાં કચ્છના ભૂસ્તરના વિશ્વખ્યાત 'જયૂરા પડો'નું મુખદર્શન કરાવતો વિસ્તર્યો પડ્યો છે. (ચાલુ)

ગુજરાતનું મુસ્લિમ સ્થાપત્ય


(અનુસંધાન પૃષ્ઠ ૩૯૪નું ચાલુ) મત પણ આવા જ છે. એમના પછી સર જૉન મારશલ અને પર્સી બ્રાઉન નાની બાબતોની ટીકામાં સહેજ જુદા પડવા છતાં મૂળ વાત ઉપર તો એકમત જ છે. સર જૉન માર્શલ તો હિંદુ-મુસલમાન જેવાં વિરોધી તત્ત્વોનો ગુજરાતમાં જે મેળ સધાયો છે તેને 'દુનિયાના સ્થાપત્યના ઇતિહાસનો એક ચમત્કાર' ગણે છે, અને 'અશક્ય દેખાતી વસ્તુ શક્ય થઈ' એમ માને છે. પર્સી બ્રાઉનનો ગ્રંથ તો હમણાં છેક ૧૯૪૨માં છપાયો છે અને ઘણો આધારભૂત ગણાય તેવો છે. એ કહે છે કે 'એ સમયે ગુજરાતી સલાટો હિંદભરમાં સર્વથી ઉત્તમ હતા. એમનાં મંડળોમાં વ્યવસ્થિત રીતે બાંધકામની પરંપરા ચાલી આવતી હતી અને મુસલમાન ઉપરીની દેખરેખ નીચે એમણે પરંપરાગત કલા અને સ્થાપત્ય હરકત ન આવે એવી કુશળતાથી ઊભું કર્યું.' મિ. બ્રાઉન સ્થાપત્યની કલાને ગુજરાતીઓની 'racial consciousness' (લાક્ષણિક પ્રજાકીય અસ્મિતા) કહે છે. એટલે ગુજરાતનું મુસલમાન સ્થાપત્ય ઉપરથી મુસ્લિમ દેખાવનું છતાં મૌલિક રીતે હિંદુ જ હતું. કેટલાક ભાગ તો આખા ને આખા હિંદુ મંદિરના હોય એમ કહી શકાય. એ કહે છે કે The undertones are in the idiom of the country. જૂના ને નવા સાથે મેળ મેળવવામાં આ કારીગરો સર્વથી કુશળ હતા.


સ્થાપત્ય-વિષયના ઉપર્યુક્ત મોટા વિદ્વાનો ઉપરાંત ઇતિહાસના વિદ્વાનો પણ આ ઉત્તમ સ્થાપત્યની મુક્ત કંઠે પ્રશંસા કરે છે. વિન્સેન્ટ સ્મિથ, એલ્ફિન્સ્ટન, જેઈમ્સ ફૉર્બ્સ, ઍલેક્ઝાંડર ફૉર્બ્સ, બ્રિગ્ઝ, ટૉડ, ફ્લેચર, ડગલસ, એડવિન આર્નોલ્ડ વગેરે લેખકોનાં પ્રમાણપત્રો જેવાં પ્રશંસાવાક્યો ટાંકતાં તો બહુ લંબાણ થઈ જાય. આર્નોલ્ડ તો કવિ પણ છે અને એ અમદાવાદનાં મુસ્લિમ મકાનોને loveliest little buildings in the world કહે છે. બ્રિગ્ઝને એમ લાગેલું કે 'આ સ્થળમાં તો કવિ અને ચિત્રકાર બન્નેને પ્રેરણા મળે.' ડગલસને તો 'શાહજહાંને શાહજહાંબાદ, દિલ્હી ને તાજ બાંધવાની પ્રેરણા અમદાવાદમાંથી જ મળી હશે' એમ અમદાવાદની મસ્જિદો અને દરગાહો જોઇને લાગેલું. આ બધું વિગતથી કહેતાં પણ લંબાણ થાય. પણ ટૂંકામાં કહીએ તો ખંભાત, ભરૂચ તથા ધોળકામાં બંધાએલી પહેલી મસ્જિદોથી માંડીને સૌથી છેલ્લી બંધાએલી અમદાવાદની સીદી સૈયદની મસ્જિદ સુધીનાં બધાં મકાનોની બાંધણીની પ્રગતિનો ઇતિહાસ જોઇએ તો ગુજરાતી કારીગરોની મેળ બેસાડવાની

કુશળતા પર આજે પણ વારી જવાય એવું જ લાગશે.

આ મેળ કેવી રીતે બેઠો છે તે હવે સામાન્ય રીતે ટૂંકામાં જોઇએ. પૂર્વાભિમુખ મસ્જિદના મુખ્ય ઓરડાને લીવાન કહે છે. એના આગલા મ્હોરાને માત્ર મુસલમાનોના પ્રતીક જેવી કમાન મૂકી દીધી. બાકી અંદરના ભાગમાં તો હિંદુ મંદિરના અષ્ટકોણ ઉપર થાંભલાને પાટડાથી ઘુમટ બાંધવાની રીત ચાલુ રહી. તેમાંની બધી જ સામગ્રી તોરણ, કંદોરા, ગોખ, જાળી, ઝરૂખા, થાંભલા, ઘુમટની અંદરની છત તથા તે બધાં ઉપરની સુંદર કારીગીરી ને કોતરણી બધું જ સીધું હિંદુ મંદિરનું જ રહ્યું. ઘણી જગ્યાએ તો એ જ સામગ્રી ઉપાડી લાવીને યોજેલી છે. ઘણે સ્થળે નવા સુમેળ પણ યોજ્યા છે. માત્ર મૂર્તિને ઈસ્લામમાં સ્થાન ન હોવાથી મંદિરના મુખ્ય ગોખમાં મૂકાતી મૂર્તિને બદલે એમના મહેરાબમાં ફૂલવેલની સુંદર નકશી કરેલી હોય છે. હિંદુ મંદિરોના અલંકારોની વિપુલતાનો ઇસ્લામની સાદાઈ સાથે એવો સુંદર મેળ બેઠો છે કે હિંદુ મંદિરોની અલંકાર-અતિશયતા જોઇને ઘણી વાર મનને જે ભાર લાગે છે તેવો મસ્જિદોના અલંકાર જોતાં આંખને અણગમો થતો નથી. કારીગરીમાં જે સંયમ જળવાયો છે એ મુસલમાન સ્થાપત્યનું સૌથી પ્રશસનીય અંગ છે. વળી હિંદુ મંદિરોના અષ્ટકોણ મંડપોને એક પછી એક હારબંધ ગોઠવતા જઇ મસ્જિદનું લીવાન વિશાળ બનાવેલું હોવાથી એમાંની થાંભલાની રચના દક્ષિણ હિંદના હજાર સ્તંભના સભામંડપની પેઠે એકધારી નીરસતા ન ઉપજાવતાં ઉલટી રમ્ય લાગે છે. અમદાવાદની જુમા મસ્જિદના લીવાન ને થાંભલાની રચના જોતાં આ સત્ય સમજાશે. (જુઓ નીચેનું ચિત્ર)

સૌથી નોંધપાત્ર વાત તો એ છે કે હિંદુ મંદિરોમાં ગર્ભગૃહની બહારનો ચારે બાજુઓનો ભાગ અનેક ખૂણા પાડી તે દરેક ખૂણાના એકએક પાસામાં વિવિધ મૂર્તિઓથી ભરેલો જે કરે છે અને એમાં વચ્ચેના ગોખ મુખ્ય દેવની મૂર્તિવાળા જે બનાવે છે (જુઓ આ અંકમાં પૃ. ૪૦૪ ઉપરનું ચિત્ર) તે આખો યે સુંદર દેખાવ મસ્જિદમાં કયાં અને કેમ ગોઠવવો? આ મેળ બેસાડવામાં સલાટોની કુશળતાનો ઉત્તમ નમૂનો આ મસ્જિદોના મિનારામાં દેખાય છે. એને જોતાં તે ખુદ એક નાનું સુંદર મંદિર હોય એમ લાગશે. (જુઓ પૃ. ૩૯૩ ઉપરનું મિનારાનું ચિત્ર) માત્ર એના ગોખમાં મૂર્તિઓને બદલે ફૂલવેલોની વિવિધ તરાહો મૂકી છે.





મિનારા, ઝરૂખા, ગોખ વગેરેની હિંદુ રીતમાં આમ સહેજ ફેર કરીને યોજેલી ગુજરાતની મસ્જિદો જેવું વૈવિધ્ય ભારતના કોઇ પણ પ્રાંતની મસ્જિદોમાં નથી. પરંતુ એથી યે વિશેષ તો મસ્જિદના મ્હોરાનો આગળનો વચલો ભાગ માળ કરીને ઊંચો લઇ જવાની જે રીત આ કારીગરોએ ગુજરાતની મસ્જિદોમાં દાખલ કરી છે તે છે. એ એમની મેળ લાવવાની બુદ્ધિની ફળદ્રુપતાનો એક અદ્ભુત નમૂનો છે. (જુઓ ઉપરનું ચિત્ર) એ રીત હિંદભરની કોઈ મસ્જિદમાં જોવામાં આવતી નથી. મસ્જિદના મ્હોરામાં વૈવિધ્ય લાવવામાટે, ને લીવાનના ઓરડાની એકસરખી નીરસતા(dull monotony) ભાંગવા માટે આમાં જે એક કુશળ મેળ ગુજરાતી કારીગરોએ યોજ્યો છે તે માત્ર ગુજરાતની જ વિશિષ્ટતા છે. આ રીત, તે મસ્જિદના વચલા બે થાંભલાને બમણી ઊંચાઈના કરી, વચલી કમાનને ઊંચી લઈ જઇને એની પાછળ બે કે ત્રણ માળ કરી, આખા યે મ્હોરાને ચડતો ઊતરતો દેખાવ આપ્યો છે તે છે. ફર્ગ્યુસનથી માંડીને આજ સુધીના લેખકોએ આ રીતથી આશ્ચર્ય બતાવી, એનાં બાખૂબ વખાણ કર્યાં છે અને જણાવ્યું છે કે મસ્જિદમાં પ્રકાશ તથા હવા લાવવા માટે તેમણે આ રીત યોજી હશે. વળી માળ કરવાની એ રીત હિંદુ મંદિરમાંથી આવી હશે એમ કહીને એવું અનુમાન કર્યું છે કે મેવાડ-મારવાડની હદ ઉપર આવેલા સાદડી (રાણકપુર)ના મંદિરમાં એવું જ કાંઇક કરેલું દેખાય છે એટલે ત્યાંની જ નકલ અહીં થઈ હશે.

પરંતુ વૈવિધ્ય લાવવાની આ રીત હિંદુ શિલ્પીઓને તો પરંપરાથી જાણીતી હતી અને મોટાં જૈન તથા હિંદુ મંદિરોમાં વપરાતી હતી. એને આપણા સ્થાપત્યમાં 'મેઘનાદ મંડપ' કહે છે, અને મને તો લાગે કે ભારતભરના સ્થાપત્યમાં એ રીત માત્ર ગુજરાતની જ વિશેષતા છે. સોમનાથના મંદિરને ભીમદેવ બીજાએ મેઘનાદ મંડપ બંધાવ્યો હતો, અને અમદાવાદની જુમા મસ્જિદના સમકાલીન કહી શકાય એવા મેવાડના રાણકપુરના મંદિરને આપણા અમદાવાદ પાસેના ઉસમાનપુરના વતની એક ધનવાન જૈન ગૃહસ્થે 'મેઘનાદ મંડપ' બંધાવ્યો હતો એવા લેખના ઉલ્લેખો છે. એટલે એ મેઘનાદ મંડપમાં આપણા કારીગરો સિદ્ધહસ્ત જ હતા. પરંતુ આ કારીગરોની કુશળતાની ખરી ખૂબી એ જ છે કે મસ્જિદની બાંધણીમાં આ મંડપને કેવી રીતે બંધ બેસાડયો ? એ ગોઠવણીમાં એ કારીગરો સફળ થયા છે અને અમદાવાદની જુમા મસ્જિદમાં એની શરૂઆત કરી ચાંપાનેરની જુમા મસ્જિદમાં એની ઉત્તમતા સિદ્ધ કરી છે. આ રીતે માત્ર મસ્જિદમાં હવા અજવાળું લાવવા માટે શિલ્પીઓએ આ યોજના ઊભી કરી છે એવું પાશ્ચાત્ય વિદ્વાનોનું માનવું મને યોગ્ય જણાતું નથી. એ તો ફક્ત દેખાવમાં વિવિધતા લાવીને આ હિંદુ મંડપને મસ્જિદની બાંધણીમાં બંધ બેસાડી સુમેળ લાવવાનું આપણાં ગુજરાતી કારીગરોનું કૌશલ્ય છે. મંદિર અને મસ્જિદના આ પ્રમાણેના માળવાળા મંડપોની સરખામણી કરવાથી આ કૌશલ્યની ખાતરી થશે.

આ દૃષ્ટિએ આપણે ગુજરાતની મસ્જિદોને જોવાની છે. તેનાં ત્રણેક ઉદાહરણ આવતા અંકથી આપણે (ચિત્રો સાથે) જોઈશું. (ચાલુ)

ટિકિટ-સંગ્રહ

ભારતની ટિકિટો

જુલાઈ અંકમાં જણાવ્યા પ્રમાણે હિંદમાં સૌ પહેલી બહાર પડેલી ટિકિટ તે 'સિંધ ડાક' નામની સિંધની પ્રાંતીય ટિકિટ. ૧૮૫૪માં તે પાછી ખેંચીને સૌ પ્રથમ હિંદવ્યાપી ટિકિટો કલકત્તામાં હિંદના સર્વેયર જનરલના પ્રેસમાં લીથોગ્રાફી પદ્ધતિથી વૉટરમાર્ક કાગળ પર છાપવામાં આવી. તેને પરફોરેશન ન હતાં. ટિકિટસંગ્રાહકોમાં તે હિંદની 'ક્લાસિક' ટિકિટો તરીકે ઓળખાય છે. તે પછી ૧૮૫૫ થી ૧૯૨૬ સુધીનાં ૭૨ વરસ સુધી આપણી બધી ટિકિટો લંડનના જાણીતા મુદ્રક 'ટૉમસ દ લા રૂ'એ લેટરપ્રેસ પદ્ધતિથી છાપી; ને ૧૯૨૬થી આપણે ત્યાં નાસિકના સરકારી સિક્યૂરિટી પ્રેસમાં છપાવા લાગી, જેની શરૂઆત જ્યૉર્જ પાંચમાંની ૯ પાઇની ટિકિટથી થઇ.

૧૮૫૪થી આજ સુધી ભારતે સાત રાજ્યઅમલ જોયા: ઈસ્ટ ઈંડિયા કંપની, રાણી વિક્ટોરિયા, ૭મા એડવર્ડ, ૫મા જ્યૉર્જ, ૮મા એડવર્ડ, ૬ઠ્ઠા જ્યૉર્જ અને સ્વતંત્ર લોકશાહી. એ દરમ્યાન ટિકિટોના ઠીકઠીક પ્રકારો બહાર પડ્યા છે, જેમાં સૌ પહેલો ૧૯૨૯માં ખાસ 'એરમેઈલ' સેટ બહાર પડ્યો તે. પછી ૧૯૩૧માં ન્યૂ દિલ્હીની રાજધાની ખુલ્લી મુકાયાની અને ૧૯૩૫માં પાંચમા જ્યૉર્જની સિલ્વર જ્યૂબિલીની નીકળી. ૮મા એડવર્ડની પણ ડિઝાઇનો તૈયાર થઈને પ્રુફ સુદ્ધાં નીકળી હતી, પણ ત્યાં તો તેમણે ગાદીત્યાગ કર્યો. ૧૯૩૭માં ૬ઠ્ઠા જ્યૉર્જની બહાર પડેલી નવી ટિકિટો પર હિંદમાં ટપાલ લઇ જનારાં 'વાહનો'નાં ચિત્રો હતાં તે તો સૌને યાદ હશે. તે પછી ૧૯૪૬માં 'વિક્ટરી' ટિકિટો નીકળી. અને ૧૯૪૭માં સ્વતંત્ર્ય મળ્યા પછી ભારતની ટિકિટોમાં નવો ને ઉજ્જવલ તબક્કો શરૂ થયો.



ઉપર 'કવિ-માળા'ની નવી ટિકિટો સાથે બહાર પડેલું 'ફર્સ્ટ-ડે કવર'; તથા (નીચે) તે રાખવાનું આલ્બમ જેમાં પાને પાને દરેક ટિકિટની સાથે તેની સંપૂર્ણ વિગતો તથા તે તે કવિઓના ટૂંક પરિચયો આપ્યા છે. કિંમત બે રૂપિયા.



ટિકિટો પર નારીમૂર્તિ

મુથાળાની બે ટિકિટો પરનું ચિત્ર તો કુમારના જૂના વાચકો તથા કલારસિકો કદાચ તરત ઓળખી કાઢશે. દુનિયાભરની કલાકૃતિઓમાં ચિરંતન કાળને માટે ટકી રહે તેવી શ્રેષ્ઠ કલાકૃતિઓમાંની એક એ 'મૉના લિસા" તેના પરના અગમ્ય સ્મિત માટે જગતખ્યાત છે. એનો સર્જક કલાકાર લીઓનાર્દો દ વિન્ચી જગતમાં વિરલ ગણાય એવી પ્રતિભા હતો. એ માત્ર કલાકાર જ નહિ પણ આલા દરજ્જાનો વૈજ્ઞાનિક, યંત્રશાસ્ત્રી, ફિલસૂફ, શરીરશાસ્ત્રી—શું ન હતો? એ મહાન વિભૂતિનું જીવન એવું જ અદ્‌ભુત અને પ્રેરક હતું. આ વરસે યુરોપ આખામાં એની પાંચસોમી જયંતી (ઇ. ૧૪૫૨માં એ જન્મેલો) ઊજવાઈ તેના સ્મરણમાં જર્મનીએ કાઢેલી આ ટિકિટ ઉપર એનું એ જગતવિખ્યાત ચિત્ર તેના મૂળ સંપૂર્ણ રંગોમાં એટલી અદ્‌ભુત કારીગરીથી છાપ્યું છે કે એ ટિકિટ પણ મઢાવવાનું મન થાય! નીચેની બે ટિકિટો પર આર્જેન્ટિનાના પ્રમુખ પેરોનની પત્ની એવીટા પેરોનની છબિ છે. હજી હમણાં જ ગુજરી ગએલી એ નારી જેટલી લોકપ્રિયતા આ જમાનામાં ભાગ્યે જ કોઈ રળ્યું હશે. ઈવા પેરોનને નામે આર્જેન્ટિનાની આબાલવૃદ્ધ સકલ જનતાના હૃદયમાં લાડકું સ્થાન પામેલી એ સૌન્દર્યવતી નારી એક ગરીબ ખેડૂત કન્યામાંથી પોતાના ૩૫ જેટલાં જ ઉત્કૃષ્ટ ગુણ, સાહસ ને હિંમતથી જીવનનાં જે સોપાન ચઢી પ્રમુખપત્ની બની તે દરમ્યાન એણે જનતાનો એટલો ચાહ મેળવ્યો હતો કે ભરયુવાન વયે એક જીવલેણ બીમારીમાં એ મરણ પામી ત્યારે આખું આર્જેન્ટિના સ્વજન ગુમાવ્યાના દુઃખથી રડ્યું. એની શોક-સ્મૃતિમાં એ સમગ્ર દેશમાં આવતું આખું વર્ષ ઇવા પેરોનની છાપની ૧૬ ટિકિટો સિવાય બીજી કોઈ પણ ટિકિટ વાપરવામાં નહિ આવે! (સૌજન્ય: શિવજી પી. આશર.)



'કવિ-માળા'ની ટિકિટોના રદ્દીકરણ માટે યોજાએલી હિંદી તથા અંગ્રેજી ખાસ છાપો, જેમાં વચ્ચે પોથી ને પાછળ ખડિયાકલમનાં ચિત્રો છે. (રાજેન્દ્ર ઈનામદાર)

OUR FRIENDS ABROAD

જગતસંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

બાર વર્ષ પહેલાંનો પડઘો

1561 Melrose Dr. S. W.
ATLANTA (Georgia–U.S.A)

વહાલા સાહેબ,

લગભગ બારેક વર્ષ પહેલાં મારી ઉંમરનાં અને સમાન શોખનાં પત્રમિત્રો મેળવવા વિનતિ કરીને મેં આપના સામયિકમાં મારું નામ છપાવેલું. ત્યારે મારી ઉંમર ત્રેવીસ વર્ષની હતી.

તેના મને મળેલા સંખ્યાબંધ ઉત્તર આપનારાઓ પૈકીના શ્રી સી. એસ. પાઠક (ગીરજમ, વાયા સુરત) સાથે મેં એકધારો પત્ર-વ્યવહાર રાખેલો. અમે ટપાલની ટિકિટો, સિક્કાઓ, ફોટોગ્રાફો તથા વિજ્ઞાનની–ખાસ કરીને રસાયણશાસ્ત્રની કેટલીક નોંધોની આપલે કરવા ઉપરાંત છેલ્લે છેલ્લે તો સામાજિક વિષયો પણ ચર્ચતા.

છેલ્લાં ત્રણ વર્ષથી શ્રી પાઠક અહીં મિનેસોટાની વિદ્યાપીઠમાં ઍગ્રોનૉમી(કૃષિ અને ગ્રામ અર્થશાસ્ત્ર, પશુ સંવર્ધન વગેરે)નો અભ્યાસ કરતા હતા. વતન પાછા ફરતાં પહેલાં પાઠક યુનાઇટેડ સ્ટેટ્સનો પ્રવાસ કરી રહ્યા છે. તેમાં, જો તેઓ ક્યારે યે આ દેશમાં આવે તો મને જરૂર મળે એવું મેં એમને આમંત્રણ આપેલું હોઇ તેઓ ઍટલાન્ટા ખાસ આવેલા. આટલા દૂરની વ્યક્તિ આમ ખરેખર મળે એવી આશા ભાગ્યે જ કોઇને હોય: કદાચ લાખોમાંથી એકાદને.

ઍટલાન્ટામાં બધે ફરીને ઉમંગથી મેં તેમને મુખ્ય મુખ્ય સ્થળો બતાવ્યાં: સાઇક્લોરામા શહેરમાં સંઘરાએલું દુનિયાનું જંગીમાં જંગી ચિત્ર 'ઍટલાન્ટાનું યુદ્ધ', એક માઇલ ઊંચો અમારો 'સ્ટોન માઉન્ટન', નવેસરથી રચાએલી અમારી ઍર કન્ડિશન્ડ લાયબ્રેરી, અને ઍટલાન્ટાના અમીર, ગરીબ તથા મધ્યમ વર્ગનો પરિચય કરાવવા ઉપરાંત અમારું શહેર એમને બતાવતાં મને ખરેખર આનંદ થયો. અમારા 'ધ ઍટલાન્ટા કૉન્સ્ટીટ્યૂશન' પત્રના મંગળવાર કે બુધવારના અંકમાં એમની આ મુલાકાતનો અહેવાલ પણ પ્રગટ થશે.

આટલું વાંચવા માટે આપનો આભાર માનું છું. બીજા કોઇએ આવું અનુભવ્યું હોય તો તે કેટલીક વાર બન્યું હશે તે મને જાણવા મળશે તો આભારી થઈશ.

મારે પોતાને વિષે જણાવું તો: હું હાલ ૩૫ વર્ષનો છું; શોખોમાં છૂટક લેખો લખવા સાથે ફોટોગ્રાફી તથા ટિકિટસંગ્રહ; ધંધે કારકુન; સ્માઇ લ્યૂઝ વોકેશનલ હાઈ સ્કૂલમાં પણ જાઉં છું. નિષ્ઠાપૂર્વક આપનો

એલમર જેરોમ બ્રાસવેલ *(Mr.) Elmer Jerome Braswell*

ચેકોસ્લોવાકિયામાં હિંદી ભાષા

ચેકોસ્લોવાકિયામાં મારા એક પત્રમિત્ર છે. (J. V. Naustuprny નામના.) એ ભાઇ ત્યાંની પત્રમિત્રસંસ્થાના હોદ્દેદાર છે. તે જણાવે છે કે 'અમારી વિદ્યાપીઠમાં હિંદી ભાષાને સ્થાન મળ્યું છે. હું હમણાં મેટ્રિક પાસ થયો છું ને વિદ્યાપીઠમાં પ્રવેશીશ. મારે હિંદી ભાષા શીખવી છે. તમે મને શીખવી શકો તો ઘણો આભાર.'

હિંદી ભાષાનું જ્ઞાન મને ઓછું છે—કોઈ વિદ્યાર્થીને શીખવી શકું એટલું પૂરતું નથી. શીખવવા માટે અંગ્રેજી માધ્યમમાં પુસ્તકો લખાયાં હોય તો એ પુસ્તકો વિષે લખશો? હિંદીભાષાને પરદેશોની વિદ્યાપીઠમાં સ્થાન મળ્યું એ સમાચારથી મને ઘણો જ આનંદ થાય છે. વળી એ ભાઈ જણાવે છે, 'અમારી વિદ્યાપીઠમાં હિંદી ભાષાને સ્થાન મળ્યાથી ઘણાં ભાઈબહેનો હિંદ સાથે પત્રમિત્રતા કેળવવા આતુર છે. જે ભાઇઓ યા બહેનો અમને હિંદી ભાષા શીખવી શકે એવાં હોય તેમનાં નામ, સરનામાં, શોખ વગેરે લખી મોકલશો. અમે સહર્ષ આવકારીશું.' (રમણિકલાલ સોલંકી, ખાનગા રોડ, રાંદેર.)

પરદેશનાં પત્રમિત્રો

(1) Mr. H. B. Maniar C/o. A. A. Alwan, Sec. B; Str. 9; ADEN-CAMP (Arabia). Boy—17; Hobby-Stamps; (2) Miss Possinges, REECLUS Pa. (U.S.A.) (મુસાફરીનો શોખ ધરાવે છે, ભારત અને ભારતની છોકરીઓ વિષે જાણવા આતુર છે. ભવિષ્યમાં શિક્ષિકા થવાની આશા સેવે છે.); (3) Mr. William R. Sasky, 551, 26th Street, SANTA MONICA, Calif. (U.S.A.) (લૉસ ઍન્જેલ્સના અજાયબઘરમાં પશુવિભાગમાં કામ કરતા આ ભાઇને હિંદનાં પક્ષીઓ જોઇએ છે. હવાઈ જહાજ દ્વારા મંગાવવાની એ ભાઈ વ્યવસ્થા કરશે.); (4) H. Oughena, H. Hart Collufe, 126 's Labaudsrsen Baan, GANSHOREN. (Belgium). Young worker; interested in man and life; (5) Josef Kleiner, Udol Sv. Krystofa 138, U Liberce, (Czechoslavakia) Hobby-View cards; (6) Edith Hanneey, TOMALES, Calif. (U.S.A.) Girl 18, To Collect Ear-rings from all over the world; (7) Richard Weinstein, 80 Van Cortlandt Park South, Brany 63, NEW YORK, Flar D–33 (U.S.A.) Boy—18; (8) R. Uub, Werner Liets, (10b) N-REICHBACH Vgtl, Baumgartenstasse 10. (Germany) Stamps; (9) Augustine Ugwaka, 11 Bradrick Street, Coal Camp-Cougn (Nigeria) Boy—19, Arts, Photos; (10) Ayinla Kannike, 26, Odo Street, Lagos (Nigeria) Boy—19 years, Stamps, Boxing, Newspapers, Swimming, Hindu Talisman Exchanger, View-cards & Correspondence. (ફલેખ: ગિરધારીલાલ શ્રોફ, [illegible]બાદ-૨)

હિંદી પત્રમિત્રો

(26) Abdulkarim Alibhoy Laljee, Section A, St. No. 2, Aden (Arabia)–Home-Industries and Crafts; (27) Nautamlal Amritlal Sanghani, Sanghani Cycle Stores, Bhojpara, Gondal (Saurashtra)–32, Stamps, Coins; (28) Rajanikant Mohanlal Desai, Anand Dham, Tulsipipe Road, Dadar, Bombay-14—18, Stamps, Photography, Swimming, Philosophy, Literature: (29) B. R. Dambhawala, Amrit Sagar Press, 54-58 Marwadi Bazar, Bombay-2; (30) Haridas Muljee, C/o Brahmkshatriya Boarding, Station Road, Amreli (Saurashtra)—16, Touring, Stamps; (31) Jagdish P. Jadan, Shreeji Niwas, Drangadhra (Saur.)—19, Literature, Sports; (32) Chhaganlal Vallabhabhai Patel, Art-teacher, C/o Sir J. J. School of Art, Hornby Road, Bombay—23, Drawing and Painting; (33) Kumar P. Desai, Wilson Colledge, Chawpatty Seaface, Bombay-7—21, Stamps, Economics, Politics, Cinema, Photography; (34) Bhupesh Nandlal Shah, Hansa Sheri, Kadi (N. G.)—16, Stamps, Reading. (ચાલુ)

વાચકો લખે છે

સપ્ટેમ્બર અંકમાં શ્રી યુ. ભટ્ટનો પત્ર વાંચી અત્યંત ખેદ થયો. જો શ્રી ભટ્ટ નિયમિતરીતે 'બાંધગઠરિયાં' વાંચતા હોય ને છતાં આમ લખ્યું હોય તો નવાઈ જેવું. એ આપકથામાં વૈવિધ્ય છે અને લખાણની શૈલીની દૃષ્ટિએ પણ શ્રી ચંદ્રવદન વાંચવા જેવા છે. એમની શૈલિ વિશિષ્ટ છે. એમની સ્વચ્છ, સરળ, તેજીલી અને પારદર્શક ભાષામાં ગતિ છે; શબ્દોનો ગૂંચવાડો નથી. એટલે જ્યાં સુધી ચંદ્રવદનભાઇ લખી શકે ને જ્યાં સુધી 'કુમાર'માં કદરદાન સંચાલકો રહે ત્યાં સુધી 'બાંધ ગઠરિયાં' અવિરત વર્ષોનાં વર્ષો કદાચ આવે તો પણ હું ધરાવાનો નથી.

(મુંબઇ) —એમ. જે. ઠક્કર

શ્રી ચંદ્રવદન મહેતાની આપકથા પર હું મુગ્ધ છું. જીવનના સંવાદી-વિસંવાદી, સૂરા-બસૂરા તાલોને એ એવી તો સરસ રીતે રજૂ કરે છે કે એમાંના કેટલાક તો ફરીફરી વાંચવાનું મન થયા જ કરે છે.

(ઉમરેઠ) —(ડૉ.) શિવપ્રસાદ ત્રિવેદી

ઑગસ્ટ અંકમાં ૩૩૪ પાના પર આપેલી 'જાપાનમાં છોકરાંઓને બન્ને હાથે લખતાં શીખવાય છે' એ હકીકત સાચી નથી. પુસ્તકોમાં વાંચેલી હકીકત સાચી હમેશાં હોતી નથી. એ માહિતી ખોટી છે તે હું હિંમતપૂર્વક કહી શકું છું.

(કોબે) —રશ્મિકાન્ત કાનાણી

આપ 'કુમાર'ને 'આવતી કાલનાં નાગરિકોનું માસિક' લખો છો એ ઠીક નથી. શું 'કુમાર' કુમારોનું જ માસિક છે? તેમાં યુવાનો, પ્રૌઢો, વૃદ્ધો, અરે ભલભલા વિદ્વાનો માટે પણ પૌષ્ટિક વાનગીઓ હોય છે. તેની કલા, તેની ગોઠવણી, તેના ૨૦થી વધુ અંગો અને વૈવિધ્ય—શું તે ફક્ત કુમારો માટે જ છે? આપના આવા લખાણથી 'કુમાર'નો જોઇએ તેવો ફેલાવો થતો નથી. શું 'કુમાર'ની સરખામણીમાં મૂકી શકાય એવું એકે ગુજરાતી પત્ર આપની જાણમાં છે? હું તો છાતી ઠોકીને એટલે સુધી કહેવાની હિંમત કરી શકું છું કે ભારતભરમાં કોઈ પણ ભાષામાં 'કુમાર' જેવું માસિક છે જ નહિ.

હું આપની સામે આરોપ મૂકું છું કે આવા એક સરસ માસિકના પ્રચાર તરફ આપે સહેજ પણ ધ્યાન આપ્યું નથી. મામૂલી ફરફરિયાં ને જનતાને ઊંધે રસ્તે દોરનારાં બલ્કે કુસેવા કરનારાં પત્રો, ચોપાનિયાં પ્રચારમાં થોડીક રકમ વેડફીને હજારો ગ્રાહકો મેળવી તાગડધિન્ના કરે છે જ્યારે 'કુમાર' માટે આપે શું કર્યું છે? ગુજરાતી જાણનારા હજારો બલ્કે લાખો વિદ્યાર્થીઓને માટે 'કુમાર' ઉપયોગી થઈ પડે એમ છે. હજારો ગુજરાતીઓ કુમારનું નામ પણ જાણતા નથી.

મુરબ્બી, જરા સાહસ કરીને, દિલ ખોલીને 'કુમાર'નો પ્રચાર કરો, જાહેરાત કરો, પછી જુઓ કેવાં પરિણામો આવે છે. હું આપને ૪૨૦ કરવાનું તો કહેતો નથી ને? પોતાના ધંધા માટે જાહેરાત તો [illegible] જ જોઈએ ને? વણમાગી 'સલાહ' [illegible]ટે ક્ષમા યાચું છું.

—'તુચ્છ'

આપના માસિકમાં 'કાયાની કરામત'-ના શિર્ષક હેઠળ કેટલાક વખતથી લખાણો આવે છે, એમાં કેટલાંક સૂચનો કરવા માગું છું. જે માહિતી આવે છે તે અધૂરી લાગે છે કારણકે જે પદાર્થનું માઇક્રોસ્કોપિક દૃષ્ટિએ વર્ણન કરવામાં આવે તે અમારા જેવા બાયૉલૉજી સ્ટુડન્ટ્સને ઘણું ઉપયોગી છે. આપને અને લેખકને હું વિનતિ કરું છું કે પૂરી માહિતીવાળું લખાણ પ્રગટ કરશો. આ લેખમાળા બદલ આપને હું અભિનંદન આપું છું.

(વિદ્યાનગર) —કનુ ભટ્ટ

'૩૪૨'મો અંક જોયો. શ્રી મોરારજી દેસાઈ વિષેનો લેખ વાંચ્યો. લેખનું મથાળું આપે 'મુંબાઇના વડા પ્રધાન મોરારજી દેસાઈ' રાખ્યું છે, તે ભાષાની દૃષ્ટિએ તેમજ બંધારણની દૃષ્ટિએ યોગ્ય નથી.

હિંદના નવા બંધારણ અનુસાર કેન્દ્રના પ્રધાનમંડળના વડાને જ Prime Minister (વડા પ્રધાન) કહેવાય છે, જ્યારે રાજ્યોના (પ્રાંતોના) પ્રધાનમંડળના વડાને Chief Minister કહેવાય છે, અને તેનું ભાષાંતર 'મુખ્ય પ્રધાન' એમ કાયદેસર ગણવામાં આવ્યું છે. 'કુમાર' ગુજરાતી ભાષાનાં શ્રેષ્ઠ સામયિકોમાંનું એક છે. 'કુમાર' માસિકનો અક્ષરેઅક્ષર બુદ્ધિપૂર્વક વિચાર કરીને લખાએલો હોય એમ સામાન્ય વાંચક પણ સમજી શકે છે. ગુજરાતી ભાષાની અથાક સેવા કરતું ને ગુજરાતી ભાષાની સપાટી ઊંચી ચઢાવતું સર્વ વિષયી માસિક આવી ભૂલ ન કરી શકે.

(બાલાસિનોર) —ચંપકલાલ શાહ

'કુમાર'ના જાન્યુઆરી ૧૯૪૮ના અંકના પાના ૩૫મા ઉપર નીચેની વસ્તુ છાપેલી છે:



"આ વાસણમાં પાણી ભરવાથી તેની નળીમાંથી પાણી પડવાનું કાર્ય અનંત કાળ સુધી ચાલ્યા કરશે...." વગેરે

ઉપરની વસ્તુ જૂઠી છે એમ હું માનું છું, કેમકે તેની અંદરના કલ્પિત સિદ્ધાંત પ્રમાણે જે છેડામાંથી પાણી બહાર નીકળતું હોય તે છેડો પાણીના લેવલ કરતાં હમેશાં નીચો હોવો જોઇએ, જે વસ્તુ આમાં સિદ્ધ થતી નથી. તેથી ઉપરનું સાધન કામ આપી શકે નહિ.

(સોરઠ વંથલી) —દિનકરરાય ઉપાધ્યાય

_ 'એન્સાઈક્લોપીડિયા બ્રિટાનિકા'ના (૧૪મી આવૃત્તિ) ગ્રંથ ૧૭, પૃ. ૫૪૧ ઉપર આ આકૃતિ સાથે નીચે મુજબ નોંધ આપેલી છે.

"Perpetual motions founded on the hydrostatical paradox are not uncommon; Denis Papin exposes one of these in the *Philosophical Transactions* for 1685. The most naive of these devices is that illustrated in fig. 2 (as here), the idea of which is that the larger quantity of water in the wider part of the vessel weighing more will overbalance the smaller quantity in the narrower part, so that the water will run over at C, (nossel) and so on continually." —તંત્રી

'કુમાર'ના જુલાઈ ૧૯૫૨ના અંક ૩૪૩માં સુભાષિત ૧૪મું (ર. ભી.) છે તે પરત્વે:

હું મારા અંગત સ્નેહીજનોના પત્રવ્યવહારમાં આ 'સુભાષિત' દસેક વર્ષો થયાં વાપરું છું. તેના ઉપયોગથી psychologically સુંદર અસર થયાનું કેટલાક મિત્રો કહે છે અને તેઓ કાર્યમાં સફળ થયાનું માને છે.

આપને આ સાથે નમૂનાની પ્રત જાણ માટે બીડું છું. આપના સુભાષિતમાં, 'कः कालः'ને બદલે 'कौ देशः' એ પહેલું છે; મને જ્યારે 'कः कालः' વિશેષ ઉપયુક્ત લાગે છે અને તે આજનું કાળ બળ કહી રહ્યું છે.

(મોરબી) —ડૉ. અમૃતલાલ ગણાત્રા

[વાચકોને રચનાત્મક સૂચનો ઉપરાંત વિવિધ અને અભિનવ માહિતીઓ, ચિત્રો, ફોટોગ્રાફો વગેરે મોકલવા આમંત્રણ છે.]



અર્ઘ્યાંજલી

આજે અહો સુભગ પ્રોજ્જ્વલ આ પરોઢે
રેલાય રંગ રસ રૂપ સુગન્ધ પુંજ,
હૈયા તણી મૃદુલ પાગલ આ નિકુંજ
શા પ્રીતનાં સ્વપનના શણગાર ઓઢે.

પિનાકિન્ ઠાકોર

સ્વ. દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી


ગુજરાતની સંસ્કાર-સમૃદ્ધિમાં નગદ ફાળો આપનારી વ્યક્તિઓમાંના એક, શુદ્ધ શાસ્ત્રદૃષ્ટિ અને નિષ્પક્ષ વિચાર ધરાવતા આ અગ્રગણ્ય વિદ્વાનનું ગઇ તા. ૨૯મી સપ્ટેમ્બરે મુંબાઈમાં અવસાન થયું. પ્રખ્યાત ભિષગ્વર્ય ઝંડુભટ્ટજીના સિદ્ધ પ્રયોગો પ્રમાણે જ ઔષધો બનાવવા 'ઝંડુ ફાર્મસી' નિર્માઇ તેમાં શ્રી દુર્ગાશંકરભાઇએ પાઠો ને ઔષધોની ચિકિત્સાની જવાબદારી લીધી હતી. તે આમરણાન્ત નિભાવવા ઉપરાંત તેમણે આર્ય સંસ્કૃતિ તથા ઇતિહાસનાં પ્રાચીન તેમજ અર્વાચીન સાધનો તથા વિવેચનોનો પણ અભ્યાસ કરી, તટસ્થ દૃષ્ટિએ શુદ્ધ નિર્ણયો તારવી તે પર ગુજરાતને અમૂલ્ય નિબંધગ્રંથો આપ્યા છે.

૭૦ વર્ષની વય સુધી દમથી અભિગ્રસ્ત રહેવા છતાં સ્વભાવે તે સદા સૌમ્ય, પ્રસન્ન અને મધુરભાષી હતા. કળાની સર્વ પ્રવૃત્તિઓમાં રસ લેતા અને ખાસ કરી ગુજરાતની પ્રતિમાઓ, શિલ્પો અને સ્થાપત્યમાં તેમની સમજ સારી હતી. એઓ નિયમિત 'કુમાર' વાંચતા અને કોઇ પણ લેખ તેમની નજર બહાર ન રહેતો એવું એમના સતત પત્રસંપર્કથી જાણી શકાય છે. —ર. મ. રા.



ગુજરાતના એ માન્ય અને વયોવૃદ્ધ ઇતિહાસજ્ઞ મૂળ જામનગરના અને પ્રશ્નોરા નાગર જ્ઞાતિના એમનો જન્મ વિ. સં. ૧૯૩૮ના માઘ સુદ પાંચમે અમરેલી (સૌરાષ્ટ્ર) માં થએલો, પણ એમના પિતા કેવળરામ લીલાધર શાસ્ત્રી ગોંડળની સંસ્કૃત પાઠશાળામાં મુખ્ય અધ્યાપક હોઇ તેમનો અભ્યાસ ત્યાં થએલો. કુમાર વયથી જ શરીર નબળું રહેતું હોઇ અંગ્રેજી છઠ્ઠા ધોરણથી છોડી દઈ રાજકોટની લક્ષ્મણગહેરામણ કેમિકલ લેબોરેટરીમાં અઢી વરસ અભ્યાસ કરી પ્રૅક્ટિકલ ફાર્માસિસ્ટ તરીકે પાસ થયા. પણ તરત નોકરી નહિ મળવાથી ફાજલ પડેલો સમય એમણે પિતા પાસેથી મળેલા સંસ્કૃતના જ્ઞાનવારસાને વિશાળ વાચન તથા અભ્યાસથી વધાર્યો અને આયુર્વેદના જ્ઞાન ઉપરાંત સંસ્કૃત સાહિત્ય તથા વેદાંતનું ઊંડું જ્ઞાન મેળવ્યું, જે એમની જીવનભરની સાહિત્ય-સંશોધન-પ્રવૃત્તિમાં પરિણમ્યું.

બુઆર-બુઆરી



માસમાસનાં પંખી [૮૧]

મૂળ તો ઉત્તરવૃત્તનું વાસી આ પંખી આ ઋતુમાં આપણે ત્યાં છેક લગભગ મુંબાઇ સુધી જોવા મળે છે. દરિયાકાંઠો છોડી જ્યાં જ્યાં અન્ય બતકો રહે છે તે સઘળે પાણીકાંઠે તેનાં પણ દસવીસનાં ટોળાં બીજાં બતકો સાથે ભળી જતાં છતાં જુદાં તરી આવે છે.

નરનું માથું તથા ગરદન તપખીરી ટપકાંવાળાં મેલાં સફેદ; તાળવું અને આંખ પાસેનો ભાગ તપખીરી; ગરદનનો નીચલો અને પીઠનો ઉપલો ભાગ પણ તપખીરી, પણ તેના પર લહેરિયાં લેતી સફેદ ભાત હોય છે; પૂછડી સફેદ કિનારી લેતી કાળી; પાંખના છેડા તરફનો નીચેનો ભાગ પણ મોટું ધોળું ધાબું રાખી આગળથી સહેજ કાળો; છાતી ને પેટ બદામી લહેરિયાંવાળાં સફેદ, પણ છાતી પરનાં લહેરિયાંનો વળાંક કંઇક વધુ ગોળાકાર. માદાનું માથું યે તપખીરી પણ ગરદન તરફ ઢળતાં તે સફેદ. તેની પાંખ-પૂછડી નર જેવાં જ, પણ તેનો રંગ નરથી જુદો તરી આવે તેવી છાયાવાળો. ચાંચ: નરની સીસા જેવી કાળી; માદાની બંને પડખે નારંગી ઝાંય લેતી મેલી ધૂળિયા. આંખ બંનેની સરખી ઘાટી બદામી; પગ પણ બંનેના મેલા પીળાશ પડતા નારંગી, ને આંગળાં જોડાએલાં. આ પંખી મોટે ભાગે વનસ્પત્યાહારી હોઇ તે પાણીમાં ડૂબકીઓ ઓછી લગાવે છે. તેનો આહાર પણ બને ત્યાં સુધી કમોદની કૂંળી કૂંડીઓ વગેરેનો હોઈ તેને ચરબી સારી ચડે છે અને તેથી શિકારીઓને તે વધુ પ્રિય છે; છતાં માણસથી તે દૂર નાસતું નથી. ઘાયલ થાય ત્યારે પાણીમાં સારી પેઠે ડૂબકીઓ લગાવે છે.

ઉનાળે તે પોતાના મૂળ સ્થાને ચાલ્યું જઇ, ત્યાં પાણીકાંઠે ઘાસ-છોડ વચ્ચે જમીનના ખાડામાં ઘાસડાંખળાનો માળો કરી, તેમાં સહેજ ચળકતા પીળાશપડતા રંગનાં છથી દસ ને કયારેક સોળ જેટલાં ઇંડાં મૂકે છે.

ઈ. ૧૯૧૦માં ઝંડુ ફાર્માસ્યુટિકલ વર્કસમાં ઔષધવિજ્ઞાનના શાસ્ત્રી તરીકે એમની નિમણૂક થઈ ત્યારથી જીવનના અંત સુધી એમણે શાન્ત ને કાર્યરત જીવનથી ત્યાં જે ધંધાર્થી સેવાઓ આપી તેટલી જ ઉજ્જ્વલ એમની દેણગી ગુજરાતી સાહિત્ય અને ઈતિહાસની પોતાની સેવાઓ દ્વારા આપી.

સ્વ.કવિ કાન્તે–મણિશંકર રત્નજી ભટ્ટે એમને સાહિત્ય-સંસ્કારનો અને સ્વ. રણજિતરામે ઈતિહાસનો રસ લગાડયો, ને ત્યારથી–બીજી ગુજરાતી સાહિત્ય પરિષદથી–તેઓ તેમાં પણ રસ લેતા થએલા. વૈષ્ણવધર્મ ને શૈવધર્મના ઇતિહાસના ડૉ. ભાંડરકરના ગ્રંથોના અનુવાદોથી એમની એ પ્રવૃત્તિની શરૂઆત થઈ, પણ એમાં યે એમણે પોતાનાં નિરીક્ષણ અને ચિંતનના ફલસ્વરૂપ જે સુધારા કર્યાં તથા નવાં પ્રકરણ ઉમેર્યાં તેથી એ અનુવાદ સ્વતંત્ર પુસ્તક જેવા જ બન્યા.

તે પછી એમની એકધારી ચાલુ રહેલી એ પ્રવૃત્તિના પરિણામે 'ગુજરાતનો મધ્યકાલીનઈતિહાસ','આયુર્વેદનો ઇતિહાસ','ગુજરાતનાં તીર્થસ્થાનો', 'પુરાણવિવેચન', 'ઐતિહાસિક સંશોધનો', 'મધ્યકાલીન ઈતિહાસનાં પ્રબંધાત્મક સાધનો' વગેરે મૂલ્યવાન ઈતિહાસગ્રંથો ઉપરાંત 'ઝંડુ ભટ્ટજીનું ચરિત્ર','માધવનિદાન', 'બાળકોનો વૈદ્ય' વગેરે વૈદકના તથા ચરિત્રના ગ્રંથ પણ આપણને આપ્યા. આ ઉપરાંત 'આયુર્વેદ વિજ્ઞાન' નામે માસિકનું દીર્ઘકાળ સુધી સંપાદન કર્યું. આયુર્વેદ પરિષદોમાં તેઓ નિયમિત ભાગ લેતા ને જામનગર આયુર્વેદિક કૉલેજ જેવી સંસ્થાઓની સલાહકાર સમિતિઓમાં પણ સેવા આપતા. છેલ્લે મુંબાઈ યુનિવર્સિટીની વિખ્યાત 'ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળા'માં આમંત્રણ મળતાં આપેલાં વ્યાખ્યાનો 'ભારતીય સંસ્કૃતિની ગુજરાત પર અસર' તો એમનો ખૂબ અભ્યસનીય ગ્રંથ છે.

સ્વ. માધવરાવ દત્તાત્રેય માહુલીકર

ઇ. સ. ૧૯૪૭માં 'કુમાર'ના સંપાદન–મદદનીશ તરીકે એ હજી ખીલતી શક્તિઓ સાથે આવેલા, અને અહીં રહ્યા પણ માત્ર સવા-દોઢ વરસ જ; પરંતુ એ દરમ્યાન એમણે જે સમજ, ત્વરા, સહૃદયતા ને નિષ્ઠાથી એ કામ હાથ કરી લીધું તે સાનંદાશ્ચર્ય પમાડે એવું હતું. એટલે, ભવિષ્યના સંપાદક તરીકેનું સ્થાન સંભાળી શકે–એટલું જ નહિ પણ સંસ્થાના એક અગ્રણી કાર્યકર બની રહે એવી શક્તિવાળા એ યુવાનને ૧૯૪૮માં ક્ષયના આક્રમણને લીધે અમારાથી જ્યારે છૂટા થવું પડયું ત્યારે અમને બેવડું દુઃખ થએલું. એ રોગ એમને બારચૌદ વર્ષની કિશોર વયે, પોતાનાં ક્ષયરોગી માતાની મુગ્ધ ભક્તિભાવે સેવા કરવામાંથી ચોંટેલો, તે એમના શીલવંત આત્માની પ્રતીતિ છે. એવી જ આત્માની તેજસ્વિતાવડે એ રોગ સામે એટલા પ્રબળ પુરુષાર્થથી એ ઝૂઝયા કે વચ્ચે તો અમને લાગેલું કે એમણે મૃત્યુને ખાળ્યું. ને છેલ્લા અહીં આવેલા ત્યારે આશા પણ આપેલી કે એકાદ શિયાળો વધુ ગાળી પોતે તદ્દન નરવા થઈ પાછા આવશે. પણ એ આશા નિષ્ફળ ગઇ, અને આ તા. ૨૭ ઑક્ટોબરે છેલ્લા ઊથલામાં એમનું અવસાન થયું. એમનો દેહ તો ગયો, પણ અમારે ત્યાં પોતાની કાર્યક્ષમતાનો જે પ્રકાશ ને ગુણોની જે સુવાસ એ મૂકતા ગયા છે તેની સ્મૃતિ કદી નહિ વિલાય. —બ.

જળજમની : વેવડી

વૈદ્યહીરાલાલ જાનીએબધા મુગ્ધ થાય એવો પ્રયોગ કરીબતાવ્યો. ફૉલ્ડિંગ પ્લાસ્ટિકનો પ્યાલો અરધે સુધી પાણીથી ભરી અંદર જળજમનીનાં પાન સારી રીતે ચોળીને નાખ્યાં અને આશરે ત્રીસ પાંત્રીસ મિનિટ પછી જામી ગએલા પાણીનું લીલા રંગનું ચોસલું બહાર કાઢયું. સુંદર લીલા રંગના હલવા જેવું એ હતું.

એ વનસ્પતિનું નામ પાતાળ ગરુડી. ગુજરાતમાં એને વેવડી કહે છે. ચોમાસામાં તે ઊગી નીકળે છે, અને વાડની ઓથ મળતાં પુષ્કળ ફેલાય છે. પાણીને જમાવી દેવાનો એના રસમાં ગુણ છે. એનાં પાન અસમાન અને નાનાં મોટાં, કદીક અળવીનાં પાનના આકારનાં, તો કદીક નાગરવેલનાં પાન જેવાં હોય છે. આ વેલનું મૂળ ઘણું ઊંડું હોવાથી એને પાતાળ ગરુડી કહે છે.

જળજમનીનાં પાનથી જમાવેલા પાણીના ચોસલાં આંખો દુખતી હોય ત્યારે આંખે બાંધવામાં વપરાય છે, અને જ્યાં જ્યાં બળતરા થતી હોય ત્યાં બાંધવાથી ઠંડક પ્રાપ્ત થાય છે. જરા સાકર નાખી જમાવેલું પાણી પ્રમેહ અને ગરમીના રોગમાં પીવા અપાય છે.

કેટલાક લોકો શહેરનાં ચોગાનોમાં ઊભા રહી લોકોને જાતભાતનાં ભાષણોથી ભેગા કરી પછી પ્યાલામાં જળજમોનીનાં પાનનો ભૂકો નાખી થોડી મિનિટમાં ચોસલુ બનાવી બતાવીને કહે છે કે આ વનસ્પતિ દિવ્ય ગુણકારી છે. સ્વર્ગસ્થ વનસ્પતિશાસ્ત્રી જયકૃષ્ણ ઇંદ્રજી કહે છે કે કચ્છ–ભુજમા એક સંન્યાસી ઘણા કાળ સુધી કડવા લીમડાનો રસ અને આ વેવડીનો રસ પીને જીવતા રહ્યા હતા.

એનાં મૂળનો કાઢો તાવ,સંધિવા ને મૂત્રાશયમાં ઉપયોગી છે તથા લોહીબગાડ, ખરજવું અને વિસ્ફોટક મટાડે છે. એનાં મૂળ સારસાપરેલાની ગરજ સારે છે. ('ગુજ. સમાચાર'માં વૈદ્યશાસ્ત્રી જાદવજી)



૧૧૮માં અંકને છેલ્લે પાન અમે વેલ્સમાં આવેલા એક ગામડાનું ૫૫ અક્ષરનું (દુનિયામાં લાંબામાં લાંબું) નામ છાપ્યું હતું ત્યારે એક વાચકે તે વિષે શંકા ઉઠાવી હતી. હમણાં જ તેના સ્ટેશનનો ફોટોગ્રાફ મળી આવતા પુરાવા તરીકે હવે તે આ ઉપર રજૂ કરીએ છીએ. એ નામ છે : LLANEAIRPWLLGWYNGYLLGGGERYCHWYRNDRDBWLLLANTYSILIOGOGGCH !

શિક્ષણ તે આનું નામ

ઇંગ્લંડના ડેવન પરગણાના કિનારાથી થોડે દૂર લુન્ડી નામના એક ટાપુ પર પક્ષીઓનું ખાસ આશ્રયસ્થાન છે. ત્યાં જઇ ખડતલતા અને કુદરતનો અભ્યાસ કેળવવા માટે એક હાઇસ્કૂલે પોતાના દસ ચુનંદા વિદ્યાર્થીઓનું એક અઠવાડિયાનું પર્યટન હમણાં ગોઠવેલું. શરીરે ખમતીધર, નિસર્ગના અભ્યાસમાં રસવાળા ને ભરોસાપાત્ર એવા ૧૩ થી ૧૬ વર્ષના કુમારો તે માટે ચૂંટેલા. સાથે એક શિક્ષક હતા. અને ત્યાં તેમણે એ સાત દિવસમાં કેટલું કામ કર્યું, તે જાણો છો? પંખીઓની ૪૦ જાતોનું અવલોકન કરી તેની સ્વતંત્ર નોંધો કરી, ત્યાંનાં દરિયાઇ પ્રાણી સીલ વગેરેના ફોટોગ્રાફો લીધા, ૧૫૧ જાતના

વિવિધ ફૂલછોડનાં નિરીક્ષણ તથા સંગ્રહ કર્યાં; ને ત્યાંના ભૂતળના અભ્યાસ ઉપરાંત ત્યાંની માટીમાં અમ્લતા કેટલી છે તથા તેના પર ક્ષારનો પ્રત્યાઘાત કેવો થાય છે તેનો રીતસરનો અભ્યાસ કર્યો.

લોહ વિષે પુસ્તકાલય


સ્વિટ્ઝર્લૅન્ડમાં શેફહાઉસેન નજીક માત્ર લોહ ઉપરનાં જ પુસ્તકો માટે એક લાયબ્રેરી સ્થાપવામાં આવી છે. ત્યાં એ વિષયનાં આઠ હજાર પુસ્તકો છે, જેમાં પ્રાગ્-ઐતિહાસિક કાળથી માંડીને આધુનિકસમય સુધી મળી આવેલા બધા પ્રકારના લોઢાને લગતાં પુસ્તકો છે. તેરમી સદીથી માંડીનેલોહને લગતી કીમતી પુષ્કળ હસ્તપ્રતો પણ તેમાં છે. લોહને લગતી સાંસ્કૃતિક તેમજ ઔદ્યોગિક તમામ માહિતી ત્યાંથી મળે છે. આવી અદ્વિતીય લાયબ્રેરી દુનિયામાં એ એક જ છે. (યુનેસ્કો) ન. મૂ. શાહ.

સાગરતળિયાની સૃષ્ટિ


પૃથ્વીનાં આંતરિક પડોની રચના વગેરેનાં સંશોધન તો ભૂસ્તર-શાસ્ત્રીઓ વગેરે કરતા આવ્યા છે, પણ અગાધ સાગરના તળિયે શું છે એ જાણવાના પ્રયત્નો બહુ ઓછા થયા છે.

સાગરના અનંત ઊંડાણમાં રહેલી પ્રાણીસૃષ્ટિનો અભ્યાસ એક દિલચસ્પ વિષય છે. સમુદ્રના ઊંડાણમાં કાયમ રહેતું પ્રગાઢ અંધારું, ઉપર પાણીનું અનહદ દબાણ, કાતિલ ઠંડી, અતિ સુંવાળું તળિયું અને ખોરાક માટે જરૂરી વનસ્પતિનો અભાવ—આવા સંજોગોમાં પણ ત્યાં રહેતાં પ્રાણીઓ કેવી રીતે પોતાનું જીવન ટકાવે છે એનો અભ્યાસ એક રસિક વિષય છે. આપણને આ બધા અંશો અતિ પ્રતિકૂળ લાગે છે, પણ દરિયાઇ પ્રાણીઓના લગભગ બધા સમૂહો તો એ અંધારા ઊંડાણમાં જ પોતાનું જીવન ટકાવે છે. કલકત્તાના ઇન્ડિયન મ્યૂઝિયમના સુપરિન્ટેન્ડેન્ટ મહૂંમ કર્નલ એ. આલ્કૉકે હિંદી સમુદ્રોનાં ઊંડાણોમાં લગભગ ૨–૩ માઈલ ઊંડે સુધીની પ્રાણીસૃષ્ટિનાં અભ્યાસ તથા અન્વેષણ કરીને પુસ્તકાકારે તે ૧૯ ભાગમાં પ્રગટ કર્યાં છે. અસંખ્ય પ્રકારના ક્ષુદ્ર જીવો, માછલીઓ, કરચલા આદિ નાનાવિધ પ્રાણીસૃષ્ટિને લગતી સચિત્ર માહિતી તેમાં આપેલી છે.

આવા સંશોધનમાં અનેક મુશ્કેલીઓ હોય છે, પરંતુ વિજ્ઞાનની પ્રગતિની સાથે એ બધી ઓછી થતી જાય છે અને તેનાં જરૂરી સાધનસામગ્રીમાં સુધારણા થતી જાય છે. પરિણામે હવે વિશેષ ઊંડાઇએ પહોંચી શકાયું છે, ને દુનિયાના સમુદ્રોમાં સૌથી વિશેષ ઊંડા ગણાતા પાસિફિક મહાસાગરના 'ફિલિપાઇન ટ્રેન્ચ' નામના વિભાગમાં તો ૧૦,૪૯૨ મીટર (૧ મીટર=લગભગ ૩I ફૂટ)ની ઊંડાઇએ પહોંચી શકાયું છે. ડૉ. ઍન્ટન બ્રુને ત્યાંની પ્રાણીસૃષ્ટિનું અન્વેષણ કરીને જાહેર કર્યું છે કે ત્યાં દુનિયાભરમાં અદ્દ્ભુત ગણાય એવી વિચિત્ર પ્રાણીસૃષ્ટિ વસે છે. તેઓ જણાવે છે સાગરના ઊંડાણમાં રહેતાં પ્રાણીઓ પર પાણીના દબાણની અસર કરતાં ઉષ્ણતાના ટેમ્પરેચરના ફેરફારોની અસર ખૂબ થાય છે.—ન. મૂ. શાહ



સમગ્ર કાચનું વિમાન: અવાજની જે ઝડપ છે—એક સેકંડના ૧૧૦૦ ફૂટ—તથા પણ બમણી કે ત્રણગણી ઝડપે ઊડતાં વિમાનો બનાવવાં હોય તો તે સમગ્ર કાચનાં બનાવવાં જોઇએ; કેમકે અમેરિકન વૈજ્ઞાનિકો માને છે કે એવી ચરમ ઝડપે ઊડતાં વિમાનોમાં એટલી સીઝવી નાખતી ગરમી ઉત્પન્ન થાય છે કે વિમાનની બનાવટમાં અત્યારે વપરાતા સાધનો તેની સામે ટકી ન શકે. એમનું એવું માનવું છે કે માત્ર કાચ તે સામે સફળ નીવડશે, એટલું જ નહિ પણ આજનાં વિમાનો કરતાં વધુ સરળતાથી ને સસ્તાં વિમાનો એમાંથી બની શકશે. એવા એક વિમાનનું કલાકારનું દર્શન ઉપરના ચિત્રમાં આપ્યું છે.



દુનિયાની પહેલી 'અદ્ધર' રેલવે: નીચે વહાણની ગોદીઓ તથા બીજો વ્યવહાર ચાલે, ને માથા પર થઇને રેલવે ચાલી જાય એવી પહેલી રેલવે ઇ. ૧૮૯૩માં લિવરપુલમાં બંધાએલી તે હજી પણ ચાલ્યા કરે છે. સાડા છ માઇલ લાંબા ગોદીઓના વિસ્તાર પર સોળ ફૂટ ઊંચે દોડતી એ રેલવે વરસે કરોડ ને દસલાખ ઉતારુ વહી જાય છે.



ભતવારી : ગઇ દિવાળીએ જેમની કાગળ-કાપ-કળાનો પરિચય અમે આપ્યો હતો તે પાટણના કલાકાર ભૈયા રામલાલજીની એક વિશેષ કૃતિ આ અંકના પૂઠામાંનાં ચિત્રોને અનુસંધાને અહીં આપીએ છીએ. જાતે જ ઘડેલી તીક્ષ્ણ નરેણીથી કાગળમાં કાપેલી તેમની સ્ટેન્સિલોની બારીકી પ્રશંસનીય હોય છે. આ ચિત્રમાં ત્વરિત ગતિથી ખેતર પર પોતાના સ્વજનને બપોરનું ભોજન પહોંચાડવા જતી આ ગ્રામ-નારીની દેહછટા, વસ્ત્રલીલા અને અલંકારોનું આલેખન કરીને જે મનોરમ જાળી વચ્ચે ચિત્રને ટકાવ્યું છે તેથી તે એક અલંકારકૃતિ બની રહી છે.

નવાં પુસ્તકો

કોન-ટિકિ : એક પણ ખીલી ઠોકયા વિના કેવળ દોરડાં વડે જ બાંધીને હાથે બનાવેલા વાંસના તરાપા પર પૅસિફિકમાં કરેલી ૪૦૦૦ માઈલની સાહસ-સફરની સત્યકથા. મૂળ-લેખક : થોર હાયરડાલ. અનુવાદક : મહેન્દ્ર મેઘાણી. પ્રકાશક : એલ. કે. મેઘાણી, ૧૪ અમરતલ્લા સ્ટ્રીટ, કલકત્તા-૧, ૧–૮–૦; **નાગવેણી** : ચુનીલાલ વર્ધમાન શાહની નવલિકાઓ-નાટિકાઓ, પ્રકાશક : ગાંડીવ સાહિત્ય મંદિર, મુંબાઈ-૨, ૩–૧૨–૦; **તેજ અને છાયા** : જિંદગીના તડકા-છાંયાના પ્રતીક સમી સત્તાવીસ સામાજિક ટૂંકી વાર્તાઓ, લેખક : ચુનિલાલ મડિયા. પ્રકાશક : એન. એમ. ત્રિપાઠી ઍન્ડ કંપની, મુંબાઇ-૨, ૪–૦–૦; **ભગ્નમંદિર** : ગજાનન ત્ર્યંબક માડખોલકર કૃત એક માનિનીની આત્મકથાનો ગોપાળરાવ વિદ્વાંસે કરેલો અનુવાદ, ૪-૦-૦ તથા **ભાગ્યચક્ર** : રમણલાલ વ. દેસાઈની ત્રણ નાની નવલો, ૫–૮–૦, બંનેના પ્રકાશક : આર. આર. શેઠની કં., પ્રિન્સેસ-સ્ટ્રીટ, મુંબાઇ-૨; **સંસારના રંગ** દર્શાવતાં કેટલાંક પ્રસંગચિત્રો, લેખિકા : સરોજિની મહેતા, ૧-૦-૦; **જીવનસુવાસ** : લાલભાઈ દેસાઇની ટૂંકી વાર્તાઓ, ૧–૮–૦; **રંગમેળો** : હીરાલાલ ફોફલિયાનો નવલિકાસંગ્રહ ૧–૮–૦, ત્રણેના પ્રકાશક : સરતું સાહિત્ય વર્ધક કાર્યાલય લિ.; **ઝેર તો પીધાં છે જાણીજાણી** : સમગ્ર માનવજાતિનાં સુખદુઃખોના ધબકાર વહાવતી કથાનો **પ્રથમ** ખંડ, લેખક : 'દર્શક', પ્રકાશક : સર્વોદય પ્રકાશન સંઘ લિ., રાજકોટ, ૩-૧૨-૦; **ગીતાપ્રવચનો** : આચાર્ય વિનોબા ભાવેનાં ગીતાવિષયક પ્રવચનો, પ્રકાશક : નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ. ૧–૮–૦; **સૌરભ** : જૈન મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજીની અનુભવવાણી, પ્રકાશક : ચિત્રભાનુ ગ્રંથપ્રકાશન મંદિર, સ્ટેશન રોડ, ભાવનગર; **સાધનઝાંખી** : સંન્યાસ લેવા પહેલાં આત્મશોધનાર્થે સ્વામી શ્રી પ્રણવતીર્થે કરેલા હૃષિકેશનિવાસ વેળાની નિત્યનોંધો, લેખક : ર. ગો., પ્રકાશક : સ્વા. સ્વયંજ્યોતિતીર્થ, ઉત્થાન કાર્યાલય, આઝોલ (ઉ. ગુ.), ૨–૦–૦; **વેદાન્તસંજ્ઞાર્થસંગ્રહ** : વેદાન્ત વિષયક લખાણો ને વ્યાખ્યાનોમાં વપરાતા ૧૧૦૦થી વધારે પારિભાષિક શબ્દોની સમજણ સહિતના સરળ અર્થો, લેખક : સ્વામી પ્રણવતીર્થ. પ્રકાશક ઉપર મુજબ. ૨-૦-૦; **પાચનતંત્રના રોગોનાં** કારણો, ચિહ્નો, તેના ઉપચારો અને તેને અંગે રાખવાની તકેદારીઓ વિષે સરળ ભાષામાં અર્વાચીન વૈજ્ઞાનિક દૃષ્ટિએ લખાએલું પુસ્તક, લેખક : ડૉ. હર્ષદરાય ઇ. ઝાલા અને ડૉ. હસમુખ જે. મહેતા, પ્રકાશક : ગુજરાત સંશોધન મંડળ, મુંબાઇ-૧, ૧–૦–૦; **પ્રજાવિકાસ-કેન્દ્રની** આછી રૂપરેખા આપતી સૌરાષ્ટ્રના વિકાસ અને આયોજન ખાતા (રાજકોટ) તરફથી બહાર પડેલી પરિચય પત્રિકા; **તલવિજ્ઞાન** : ચહેરા ઉપરનાં જુદાંજુદાં સ્થાનો પરના ૫૪ તલ ઉપરથી નીપજતા ભાવિનાં કથનોની પુસ્તિકા, પ્રકાશક : ભવિષ્યવાણી પ્રકાશન, અમદાવાદ-૮, ૦–૧૨–૦; **ખાંડની કથા** : ખાંડ વિષે વૈજ્ઞાનિક ને ઔદ્યોગિક દૃષ્ટિએ વિવરણ કરતું પુસ્તક, લેખક : ભાસ્કરરાય માંકડ, પ્રકાશક : ઓરીએન્ટલ ઈન્સ્ટીટયૂટ વડોદરા, ૧–૭–૦; **આપણું અમદાવાદ** : અમદાવાદના શહેરીઓ અને મુલાકાતીઓને શહેરના ઐતિહાસિક તથા વર્તમાન વિકાસની માહિતીઓ આપતું શહેરવિસ્તારના નકશા સાથેનું સચિત્ર પ્રકાશન, સંપાદક : અંબાલાલ નૃ. શાહ, પ્રકાશક : મ્યુનિસિપલ કૉર્પોરેશન, અમદાવાદ. ૦–૮–૦; **કુંજવિહારી અને ગામડું જાગ્યું ત્યારે?** ગ્રામજીવનના ઉત્કર્ષ માટે સાદી ભાષામાં લખાએલી ગ્રામપ્રશ્નોની છણાવટ કરતી પુસ્તિકાઓ,

લેખકો, અનુક્રમે : માર્તંડ શિવભદ્ર પંડયા અને રસૂલભાઈ ન. વહોરા, કિંમત અનુક્રમે ૧–૨–૦ અને ૧–૧૩–૦; **આકાશનું સસલું, કબૂતર અને ઊંદર તથા કચકચિયો કાચબો–મૂરખ માછલી** : પંચતંત્રની વાર્તાઓ પરથી તૈયાર કરેલી સચિત્ર બાલવાર્તાઓ, દરેકના ૦–૧૨–૦, પાંચેના પ્રકાશક : પ્રાચ્ય વિદ્યા મંદિર, વડોદરા; **જયભેરી** : મકરન્દ દવેનો નાનકડો કાવ્યસંગ્રહ, પ્રકાશક : 'પ્રેમાયન' શિવરાજગઢ (સૌરાષ્ટ્ર), ૧–૪–૦; **સુલેખાવલિ** : અક્ષર સુધારણામાં દિશાસૂચક સચિત્ર મહાવરાપોથીઓના ચાર ભાગ, યોજક : દિનેશ ઠાકર, દરેકના ૦–૬–૦; **વણાટ-પરિચય** : બુનિયાદી તાલીમના ૫, ૬ ને ૭મા ધોરણના વિદ્યાર્થીઓ માટેનું આ વિષયનું સચિત્ર પાઠય પુસ્તક, ૦–૧૨–૦; **કાંતણ-પરિચય** : બે ભાગ, કિંમત અનુક્રમે ૦–૧૦–૦ ને ૦–૧૨–૦, બંનેના લેખક : દિનુભાઈ અમીન; **માધ્યમિક વ્યાકરણ અને લેખન** : પુસ્તક ૧લું આઠમા ધોરણના વિદ્યાર્થી માટેનું વિશદ ને રસિક વ્યાકરણ. લેખક : શંભુપ્રસાદ ભટ્ટ. ૧–૮–૦; **Anuvrati Sangh and Anuvratas** : જૈન શ્વેતામ્બર તેરાપંથી આચાર્ય તુલસીરામજીએ સ્થાપેલા અનુવ્રતી સંઘના જાતિનિયમોની ઉપદેશાત્મક પુસ્તિકા, પ્રકાશક : અનુવ્રતી સમિતિ, ૩ પોર્ટુગીઝ ચર્ચ સ્ટ્રીટ, કલકત્તા-૧.

આ માસ (ઑક્ટોબર) ઇતિહાસમાં : દિનવિશેષ·વ્યક્તિવિશેષ·પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ: આલ્ફ્રેડ બર્નહાર્ડ નોબેલ



'નોબેલ પ્રાઇઝ'ને નામે જગવિખ્યાત ઇનામોના પુરસ્કર્તા આલ્ફ્રેડ બર્નહાર્ડ નોબેલનો જન્મ સ્ટૉકહોમ (સ્વીડન)માં ૧૮૩૩ની ૨૧મી ઑક્ટોબરે થએલો. બચપણથી જ ભણવાના કાયર તેના પિતા ઇમૅન્યુઅલ, મોચીનું કામ શીખવાની સગવડ છોડી દઈ, ઘેરથી નાસી જઇને ભૂમધ્ય સમુદ્રની સફર ખેડી વહાણબાંધકામશાસ્ત્ર શીખી લાવેલા; પણ તેનું માનસ તો સ્ફોટક પદાર્થો વિષેની શોધખોળ તરફ જ ઢળેલું હોઈ, મોટી ઉંમરે ફરી પાછા તે ત્રણ બાળકો તથા પત્નીને તજી રશિયા નાસી ગયા. પાછળ અનાથ પત્નીએ તનતોડ ઢસરડો કરી ત્રણે બાળકોને કારીગર બનાવ્યાં. લાંબે વખતે રશિયામાં ટૉર્પિડોનું કારખાનું કરી ઠીકઠીક કમાતા થએલા પિતાએ કુટુંબને પણ પોતાની પાસે રશિયા બોલાવી લીધું. પણ ઝારના અવસાન બાદ થએલા રાજકીય ફેરફારોને લીધે ધંધો પડી ભાંગતાં ફરી સૌને નિર્ધન અવસ્થામાં સ્વદેશ પાછા ફરવું પડયું.

સ્વદેશમાં પણ ઇમૅન્યુઅલ તો પોતાની શોધખોળમાં મચ્યો રહેતો. જુવાન આલ્ફ્રેડ તેને મદદ કરતો. ૧૮૫૯ થી ૬૧ દરમિયાન બંને પિતાપુત્ર નાઈટ્રોગ્લિસરીન જેવા ભયંકર સ્ફોટકની બનાવટ ઓછી જોખમી તથા વધુ સરળ બનાવવા પાછળ મંડેલા, જેમાં એક અકસ્માત થતાં આલ્ફ્રેડનો નાનો ભાઈ માર્યો ગયો. આઠ વર્ષ બાદ ઈમૅન્યુઅલનું પણ અવસાન થયું. હવે આલ્ફ્રેડ એકલો નાઇટ્રોગ્લિસરીન પાછળ મંડયો. ૧૮૬૬માં એક અકસ્માતમાંથી પ્રેરણા મળતાં છિદ્રાળુ માટી સાથે નાઈટ્રોગ્લિસરીન મેળવી તેને ઓછું જોખમી બનાવવાના તેણે સફળ અખતરા કર્યા. આ જ શોધને વિકસાવી તેણે એથી યે વધુ ભયંકર 'ડાઇનેમાઈટ'ની શોધ કરી ૧૮૬૭ની ૧૯મી સપ્ટેમ્બરે તેનું પેટંટ લીધું. ૧૮૭૩માં તે પારીસ આવીને રહ્યો, જ્યાં એણે 'ગેલિગનાઈટ' નામની એથી યે વધુ ભયંકર શોધ કરી. સરળતાથી ખાણો તોડવા જેવાં નિર્દોષ કાર્યો માટે તેણે શોધેલા આ મહાભયંકર પદાર્થોનો યુદ્ધમાં જે દુરુપયોગ થઇ શકે છે તેની વિનાશકતાનો ખ્યાલ તેને આવ્યો, એટલે ૧૮૯૬ની ૧૦મી ડિસેમ્બરે તેનું અવસાન થતાં પહેલાં તેણે એ દ્રવ્યોની કમાણીમાંથી ૧૭, લાખ પાઉંડ જુદા તારવી તેના વ્યાજમાંથી ૭૫૦૦ પાઉંડનું એક એવાં પાંચ ઈનામો, (૧) પદાર્થવિજ્ઞાન, (૨) રસાયણ શાસ્ત્ર, (૩) શરીરવિજ્ઞાન કે વૈદકશાસ્ત્ર, (૪) સ્વતત્ર ને સર્વોત્કૃષ્ટ સાહિત્ય તથા (૫) દેશપરદેશમાં ભ્રાતૃભાવ વધારી જગતશાંતિ માટેના ઉમદા પ્રયત્નને સારુ, કોઈ પણ રાષ્ટ્ર કે જાતિનો ભેદભાવ રાખ્યા વિના આપવાનું વસીહતનામું તે કરતો ગયો. ને એ રીતે પોતે કરેલી ભયંકર શોધોનું કદાચ તેણે પ્રાયશ્ચિત્ત કરી એ શોધમાંથી કરેલી કમાણીનો જગતશાંતિ અને જનહિતના કાર્યાર્થે ઉપયોગ કર્યો. ૧૯૦૧થી તેણે યોજેલાં એ ઈનામો નોબેલ પ્રાઇઝની વહેંચણી દર વર્ષે થતી આવે છે. સ્વીડનના રાજાએ નિયુક્ત કરેલા પ્રમુખ સાથે પાંચ વિદ્વાનોની એક સમિતિ તદ્દન તટસ્થભાવે આ પુરસ્કારના વહેંચણી કરે છે. આ ઉપરાંત 'નોબેલ ઈન્સ્ટિટ્યૂટ' નામની પણ ઘણી સંસ્થા તેની યાદમાં ચાલે છે.

દિનવિશેષ

તા. ૧ થીઓસોફિસ્ટ વિચારણાનો હિંદમાં પાયો નાખનાર ને હિંદની સર્વક્ષેત્રીય પ્રગતિ માટે જીવનસમર્પણ કરનાર વિદ્વાન અંગ્રેજ મહિલા ઍની બેસંટનો જન્મ, ૧૮૪૭.

તા. ૩ ૧૫,૦૦૦ માણસો સાથે શિવાજીએ સૂરતમાં લૂટ ચલાવી. ૧૬૭૦.

તા. ૮ મધ્યમ વર્ગને હિંદુ તત્ત્વજ્ઞાન સમજાવનાર સ્વામી રામતીર્થનો જન્મ, ૧૮૭૩.

તા. ૧૬ વાણીસ્વાતંત્ર્ય માટે મહાત્માજીએ વૈયક્તિક સત્યાગ્રહ ઉપાડયો, ૧૯૪૦.

તા. ૨૩ નૉર્વે સ્વીડનથી છૂટો પડીને સ્વતંત્ર દેશ બન્યો, ૧૯૦૫.

તા. ૨૬ વર્ષોની લડત પછી ડી'વેલેરાની નીચે આયર્લૅન્ડ સ્વતંત્ર થયું, ૧૯૨૨.

તા. ૨૮ ગાંધીજીએ રાજકારણમાંથી નિવૃત્તિ જાહેર કરી, ૧૯૩૪.

તા. ૩૧ 'મુંબઇના સિંહ' મહાન પારસી નેતા ફિરોઝશાહ મહેતાનું અવસાન, ૧૯૧૬.

સપ્ટેમ્બર (૧૯૫૨)ની તવારીખ

તા.૭ બીન-સરકારી આગેવાનોને પકડી લઈ, નવું પ્રધાન મંડળ રચી જનરલ નજીબે મિસરની બધી સત્તા હાથ ધરી દેશની કાયાપલટ આદરી. **તા.૯** ગાંધીવિચારના પ્રસારક અને 'હરિજન' પત્રોના સમર્થ તંત્રી શ્રી કિશોરલાલ મશરૂવાળાનું ૬૨ વર્ષની વયે અવસાન. **તા. ૧૧** ડૉ. ગ્રૅબ્રીઅલ શેવાલીની સરદારી નીચે હિમાલયનું આરોહણ કરવા બીજી સ્વિસ ટુકડી ઊપડી. **તા.૧૨** ઇંદોરમાં કૉંગ્રેસ મહાસમિતિની બેઠક. **તા.૧૪** યુવરાજ કરણસિંહની તરફેણમાં ગાદીત્યાગ કરવાની કાશ્મીરના મહારાજા હરિસિંહની જાહેરાત. **તા.૧૫** તિબેટ સાથેના વિદેશને લગતા સીધા સંબંધનો અંત આવી ચીન અને ભારત વચ્ચેના કરાર અનુસાર ત્યાં હિંદી કૉન્સ્યુલેટ જનરલ રાખવાનો નિર્ણય. **તા.૨૩** તમામ જ્ઞાતિઓમાં લગ્નમાં છૂટાછેડાનો હક્ક આપતો ધારો સૌરાષ્ટ્રે પસાર કર્યો.

પ્રસંગવિશેષ : નવી દુનિયાની શોધ · ૧૨મી ઑક્ટોબર ૧૪૯૨

માર્કોપોલોનાં તેમજ હિંદ તથા ચીન જઈ આવેલા પ્રવાસીઓના વર્ણનોએ પૂર્વમાં જવાના માર્ગો ખોળી ત્યાંની અઢળક દોલત લૂટી લાવવાની મધ્યકાલીન યુરોપની કલ્પનાને ભડકાવી દીધી હતી; એવામાં ઈસ્તંબુલ તુર્કોને હાથ જવાથી પૂર્વનો એ જાણીતો માર્ગ બંધ થતાં નવા માર્ગોની અનિવાર્યતા વધી. પૃથ્વી ગોળ હોવાથી જો પશ્ચિમ તરફ જ વહાણ હંકાર્યે જવાય તો પૂર્વમાં હિંદ પહોંચાય એમ માનતો જીનોઆનો ક્રિસ્ટૉફર કોલંબસ ૧૪૯૨ની ૩જી ઑગસ્ટે, સ્પેનની મદદથી, સાન્ટા મેરિયા, પિન્ટા ને નિના નામનાં ત્રણ વહાણો લઈ એ શોધ-સફરે ઉપડયો. લગભગ બે માસ સુધી સતત દરિયો ખેડી આખરે ૧૨મી ઑક્ટોબરે તેણે જમીન પર પગ મૂકયો. હાલના એ વેસ્ટ ઈંડિઝ ટાપુઓને તેણે તો જીવ્યો ત્યાં સુધી હિંદની ભૂમિ જ માનેલી. કયૂબાને તેણે એશિયાની જમીન તથા હાઇતીને તેણે માર્કોપોલોએ વર્ણવેલી ઝિપાંગની સુવર્ણભૂમિ ધારેલી. પછી તો '૯૩માં, ૯૮માં, તથા ૧૫૦૨માં તેણે બીજી ખેપો કરી અને દુનિયાના નકશામાં એ નવી દુનિયાના હાલના હોન્ડુરાસ, નિકારાગુઆ, કૉસ્ટારિકા, ડૅરિએન તથા પારા ઇત્યાદિનો ઉમેરો કર્યો. પોતે હિંદ અને એશિયા જ શોધ્યાની તેની જીવનભરની માન્યતાને લઈ હજી આજે યે એ નવી દુનિયાના આદિવાસીઓ 'ઇન્ડિયન' જ કહેવાય છે. કોલંબસે ખોળેલી ભૂમિ હિંદ નથી એ તો તેના પછી ત્યાં જઈ આવેલા ફ્લૉરેન્સના ઍમેરિગો વેસ્પુસીએ જાહેર કર્યું ત્યારે ખરી જાણ થઈ અને એ શોધકના નામ પરથી એ ભૂમિને અમેરિકાનું નામ અપાયું.

ઘેરી વળે છે જ્યારે ગની દુઃખના કંટકો,
ત્યારે જીવન ગુલાબનો આકાર હોય છે.
—ગની

નાકાઝોરી ગામથી થોડે દૂર ખાણ હતી. ત્યાં લઇ જવા માટેનો ડાઇનેમાઇટ પોતાની ગાડીમાં ભરીને ગાર્શિયા એક મિત્ર સાથે વાત કરતો હતો, ત્યાં કોઇકે દોડતા આવીને કહ્યું કે તારી ગાડીમાં આગ લાગી છે!

લાગલો જ ગાર્શિયા પોતાના ઍન્જિન તરફ દોડ્યો, ને દોડતાં દોડતાં મિત્રને કહ્યું કે મારા શરીરની જો કાંઇ કરચ હાથ આવે તો દેવળમાં તેના પર પ્રાર્થના કરાવજો. અને તેણે ટ્રેનને એવી ઝડપે મારી મૂકી કે થોડી વારમાં તે ગામ બહાર નીકળી ગઈ. થોડેક જતાં જ ભીષણ ધડાકા સાથે ગાડીના ફુરચે ફુરચા ઊડી ગયા, એમાં ગાર્શિયાનો તો શો પત્તો લાગે? પણ ગામને એણે બચાવી લીધું.

અનેકાર્થી શબ્દ: **ગાળો**–સરકાવી શકાય એવું નાકું, ફાંસો, બૈરાંને પહેરવાનું એ જાતનું વસ્ત્ર; અમુક સમય; મોસમ; ફેર, વટાવ; ઘરનો વિભાગ, ખંડ; પહોળાઇ, પનો; અમુક જગા; દળણું ઓરવાનું ઘંટીનું મોં; શરીરનો સાંધો.

કહેવતોના અર્થ: 'જાનમાં કોઇ જાણે નહિ ને હું વરની ફઈ.' દૈવત વિનાના અથવા પોતે કશા લેખામાં ન હોય એવા માણસો આપવડાઈથી સરતા બનીને જ્યાંત્યાં ડહાપણ ડોળતા ફરીને જે અણગમો ઉપજાવે છે (અને અંતે હડધૂત પણ થાય છે) તેમને ઉપાલંભ આપવા માટે વપરાતી આ કહેવતનો આખો દોહો આ મુજબ છે: 'જાનમાં કોઇ જાણે નહિ ને હું વરની ફઇ, ગાડે કોઇ બેસવા ન દે, દોડીદોડી મૂઈ.' એને મળતી બીજી કહેવતો: 'ગાડા તળે કૂતરું, તે જાણે ભાર હું ખેંચું છું'; 'ટીટોડી સૂવે ઊંચે પગે, તે (જાણે) આકાશ ટેકવું મારે પગે.' વગેરે.




હંગેરી-સોવિયેટ જોડાણ પ્રસંગે બહાર પડેલી ટિકિટોના રદ્દીકરણ માટે હંગેરીએ ખાસ યોજેલી પોસ્ટમાર્ક (રદ્દીકરણ-છાપ).

૧	૬૨	૬૧	૬૦	૫૬	૮	૧૦	૨
૫૨	૧૫	૪૮	૪૭	૪૬	૨૩	૧૬	૧૩
૫૪	૪૩	૪૦	૨૬	૨૭	૩૭	૨૨	૧૧
૫૮	૪૪	૨૯	૩૫	૩૪	૩૨	૨૧	૭
૬	૨૦	૩૩	૩૧	૩૦	૩૬	૪૫	૫૯
૧૨	૨૪	૨૮	૩૮	૩૯	૨૫	૪૧	૫૩
૧૪	૪૯	૧૭	૧૮	૧૯	૪૨	૫૦	૫૧
૬૩	૩	૪	૫	૯	૫૭	૫૫	૬૪

અદ્‌ભુત અંકયંત્ર: કુલ ૬૪ ખંડના આ મોટા યંત્રમાં એક ૩૬ ખંડનો અને તેની અંદર બીજો ૧૬ ખંડનો એમ બે પેટાયંત્ર પણ છે. મુખ્ય ૬૪ ખંડના યંત્રની દરેક ઊભી, આડી અને તિરકસ હારનો સરવાળો ૨૬૦ થાય છે. ફરી ૩૬ ખંડના યંત્રમાં એવી દરેક હારનો સરવાળો ૧૯૫ થાય છે. અને ૧૬ ખંડના યંત્રમાં એવી દરેક હારનો સરવાળો ૧૩૦ થાય છે. વળી તેમાં ૧થી ૬૪ સુધીના અંક એક જ વખત વપરાયા છે એ હકીકત ખાસ નોંધપાત્ર છે. (મૂળજી જેઠુ જોષી)

ભારતની સરકારે રેલવેઓ પાછળ રૂા. ૮૬૦ કરોડનું રોકાણ કર્યું છે. તેમાં ૪૭,૩૫૦ માઇલ રેલવેમાર્ગ, ૮,૪૩૯ ઍન્જિનો, ૨૧,૨૯૬ મુસાફરોના ડબ્બા ને ૨,૦૪,૬૩૩ માલ-વહનના ડબ્બાનો સમાવેશ થાય છે.

મજીઠની રાખનું મંજન ઘસવાથી દાંત સ્વચ્છ અને મજબૂત બને છે.





કમળ હિંદુ આદર્શોનું દ્યોતક છે. કાદવમાંથી તેની ઉત્પત્તિ છે, છતાં પોતે અત્યંત સ્વચ્છ હોય છે. ચોવીસે કલાક તેનો વાસ પાણીમાં હોય છે, છતાં તેને પાણીનું ટીપું પણ લાગી શકતું નથી. તે જમીનમાંથી ઊગે છે, છતાં પોતાની દૃષ્ટિ સૂર્ય તરફ રાખે છે.

(કાલેલકર)

કનુ: તારે કેટલા ભાઈ છે?
મનુ: એક.
કનુ: તારી બેન તો કહે કે તેને બે ભાઇ છે. તમે બેમાંથી કો'ક જુઠું બોલતું લાગે છે.



કલાકણિકા: આ અંકમાં ગુજરાતના મુસ્લિમ સ્થાપત્ય ઉપરના લેખમાં જેનો ઉલ્લેખ આવે છે તે 'ચિરાઘ.' મસ્જિદોમાં જેને અભિમુખ રહીને નમાઝ પઢવામાં આવે છે તે (મક્કાશરીફની) પશ્ચિમ દિશામાં આવેલા મહેરાબની વચ્ચોવચ આ ચિરાઘ હોય છે. પૂર્ણવિકસિત કમળમાંથી સાંકળે લટકતી દીવી ધરાવતું એ સુશોભન પ્રકાશ અને વિકાસનું પ્રતીક છે. કૈંક વાર આ શોભન મહેરાબની ઊંચાઇના પ્રમાણમાં લાંબું પણ હોય છે.

← વચ્ચેની ગોળાકૃતિમાં દર્શાવ્યા મુજબ દોરાના ખાલી પડેલા લાકડાના રીલનો એક બાજુનો છેડો વેરી કાઢી, વચ્ચેના વેહમાં સ્ક્રૂ પરોવીને ભીંતમાં તે બેસાડી લેવાથી તે (૧) પડદો ભરાવી રાખવાના કામમાં 'કર્ટન-હોલ્ડર' તરીકે; (૨) છત્રી કે લાકડીના સુંદર હાથામાં ઘસરકા ન પડે તેવા ભેરવવાના સાધન તરીકે; (૩) ઢળતી ફ્રેમ ટાંગવાના ખપમાં; (૪) નાના કબાટ કે ખાનાના હાથા તરીકે, એમ વિવિધ કામમાં લાગે. લોખંડના ખીલા ચોમાસામાં કટાઈને કપડાંને ડાઘ પાડે છે તે ભય પણ આમાં નહિ રહે. (પુરુષોત્તમ સંઘવી)





પટોળાંની વસ્ત્રકળા—ઉપર: 'નારીકુંજર' અને 'પાનભાત'નું પટોળું, જેમાં પાનની ભરપટ ભાત ઉપરાંત નૃત્ય કરતી નારી તથા હાથીની ભાત છે. નીચે: 'રતનચોક' ભાતનું પટોળું



ગુજરાતને પટોળાંનું નામ અજાણ્યું નથી; જોકે પ્રાચીન કાળનું એ લાખેણું વસ્ત્ર આજે તો માત્ર કોઇ મ્યૂઝિયમમાં યા કોઈ મોટા ઘરમાં વડીલોની પ્રસાદીરૂપે સચવાયેલું જોવા મળે. એ જૂની ભાતો અને ઠંડા ભેઠા રંગોની મધુરતા ધરાવતા ગુજરાતના એ વસ્ત્રવિશેષનાં માહાત્મ્ય ને મૂલ્ય નિર્દેશતા એક પુસ્તકનો ઉલ્લેખ આ અંકમાં પૃ. ૪૦૨ ઉપર જોશો. એ પુસ્તકમાંનાં બે સુંદર ચિત્રો આ ઉપર અમદાવાદના જાણીતા 'કૅલિકો મ્યૂઝિયમ ઑવ ટેક્સ્ટાઇલ્સ'ના સૌજન્યથી અમે આપીએ છીએ.







આ અંકમાં જેમનો પરિચય છે તે શ્રી કરમરકરની ત્રણ શિલ્પકૃતિઓ—ડાબી બાજુ : 'માતા'; વચ્ચે : 'જીવનની હૂંફ'; છેલ્લે 'મધુર ચિંતા'. શિલ્પકાર ધંધા માટે જે સ્મારકમૂર્તિઓ ને પ્રતિમાઓ કરે એમાં તે પાત્રનું લાક્ષણિક ચારિત્ર્ય પ્રકટાવે તેમાં બેશક તેની કસોટી છે; પરંતુ તેની સાચી કલાપરીક્ષા તો જીવનસ્પર્શી વિષયોના તેના કલ્પનાવિધાન અને રૂપવિધાનમાં છે. શ્રી કરમરકર એવાં વિધાનોમાં ભાવભર્યા સુસ્પષ્ટ આલેખન સાથે ત્વરિતપણા અને સફાઇમાં પણ બીનહરીફ છે.



કલાપ પહેલો	કલાપ બીજો	કલાપ ત્રીજો
જીવનસંગીત (રવિશંકર રાવળ)	કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય (રવિશંકર રાવળ)	ચાંદાચોળી (રવિશંકર રાવળ)
નવધાન્ય (રસિકલાલ પરીખ)	વાસન્તી (જગન્નાથ અહિવાસી)	કૃષિમહોત્સવ (રસિકલાલ પરીખ)
અર્જુન-ઉર્વશી (કનુ દેસાઇ)	ઝરૂખે (રસિકલાલ પરીખ)	શિશિર-વસંત (સોમાલાલ શાહ)
કલાતંતુ (સોમાલાલ શાહ)	પીરની માનતા (છગનલાલ જાદવ)	જન્મોત્સવ (શકુન્તલા દીવાનજી)
રંકની કલા (છગનલાલ જાદવ)	પ્રતીક (કનુ દેસાઇ)	ઝૂંપડીની લક્ષ્મી (બંસીલાલ વર્મા)
રાજકુંવરી રૂપાંદે (રવિશંકર રાવળ)	ચંદ્રહાસ (ત્રિગુણાતીત પંચોળી)	આભધરતીના ઉપાસક (છગનલાલ જાદવ)

કીંમત દરેકના બે રૂપિયા; સેલ્સ ટૅક્સ રજિ૦ પોસ્ટ વગેરે ૮ આના જુદું
ત્રણે કલાપ સામટા મંગાવનાર બહારગામના ગ્રાહકોને પોસ્ટેજ માફ

કુમાર કાર્યાલય લિમિટેડ · રાયપુર · અમદાવાદ

ગુજરાતના નામી કલાકારોનાં ચુનંદાં ચિત્રો









૨ સ્ટેન્સિલ : રંગોળી પૂરવાનાં કાગળનાં ઓઠાં કાપવાની કટાઈ-કલા

[પણી જે ઘણી પ્રાચીન ને પરંપરાગત લોકકલાઓ પશ્ચિમની ...ીના જડ અનુકરણમાં મરી ગએલી રસવૃત્તિને કારણે આજે ...ગ લુપ્ત થઇ ગઇ છે તેમાં એક આ પણ છે. દિવાળી, દુર્ગાપૂજા ...રાત્રી, કૃષ્ણ-જન્માષ્ટમી વગેરે જેવા ઉત્સવો વખતે આ... ઘરો તેમજ મંદિરોનાં આંગણાં જે વિવિધ રંગોળીથી ભભકી ...ં તે બનાવવાનાં સાધનોમાં કાગળમાંથી કોરી કાઢેલાં ઓઠાં ...ર સ્ટેન્સિલ' મુખ્ય હતાં, જેના સોંસરા રંગો ભભરાવી કે ...રીને નાનાવિધ શોભનઆકૃતિઓ પ્રાણીઓ, મકાનો, વૃક્ષો ...કૃષ્ણજીવનના પ્રસંગો આલેખાતાં. મોટે ભાગે મથુરા, જયપુર ...હી તરફ આ કલાની બોલબાલા હતી : જમીન પર કે સ્થિર ...ની સપાટી પર પૂરેલી એ રંગોળીઓ દિવસો સુધી ટકતી ને ... તે ઘેરઘેર જોવા નીકળતા તથા તેની ચર્ચાઓ કરતા.

...જરા કડક કાગળ પર ચિત્રાકૃતિ આલેખીને પછી નરેણી જેવા ... આકૃતિઓ પાડવાના ગાળા એવી ખૂબીથી કોરી કાઢવામાં આવતા, કે રેખાઓનું સાતત્ય જળવાઇ રહેવા છતાં કાગળ તદ્દન કપાઇ ન જાય. આ મર્યાદાને કારણે એમાં ખૂબ સંયમ ને શક્તિ દાખવવા પડતાં. છતાં એમાં જે બલ, આવેગ ને શોભનલાલિત્ય પ્રકટતાં તે આ સાથે છાપેલાં ચિત્રો પરથી પ્રતીત થશે. આગલા પૃઠાની અંદર છાપેલાં વૃક્ષોના નમૂનાઓમાં તેની દરેકની વ્યક્તિતા જુઓ, કે હરણનો શિકાર કરતા ચિત્તાઓની વહેતી રેખાઓ જુઓ, કે આ ગાયોનાં સૌષ્ઠવ જુઓ, —બધાંમાં રાજપુત ચિત્રકલાનું રેખાલાલિત્ય જણાશે. રાજપુત કલમબાજીની જ એ એક શાખા હતી.

મંદિરો તથા શ્રીમંતો દ્વારા આવા કલાકારોનાં કુટુંબો પોષાતાં તેનો આજે અંત આવી ગયો છે તે પર બળાપો કરતાં વિખ્યાત કલાવિવેચક આનંદ કુમારસ્વામીએ લખેલું કે આપણી કેળવણીના બડેખાંઓને શાળાઓમાં આવી ઘરઘરની કલાઓને ખીલવવાનું સુઝવાનું નથી. અને પછી એક અપેક્ષા વ્યક્ત કરી છે કે 'વુડ કટ' (કાષ્ઠોતર-કલા)ના જેવી આ જોરદાર કલાની ધાટી પર તો આપણાં ગ્રંથોનાં ચિત્રો ચીતરવાની એક શૈલી વિકસાવી શકાય.



વર્ષાવિહાર ઈ. સ.ની ૧૭મીથી ૧૯મી સદીના ગાળામાં હિમાલયના ખીણપ્રદેશનાં રાજપુત રાજ્યોમાં, રાજપુત-મુઘલ પરંપરાની શૈલીના તંતુ ઉપર પાંગરીને, રંગ અને રેખાના માધુર્યનું પોતાનું આગવું જ વ્યક્તિત્વ જમાવી ગએલી 'પહાડી કલમ'નું એક ખૂબ વખણાએલું પ્રસાદમધુર ચિત્ર (દિલ્હીની ફાઈન આર્ટ ઍન્ડ ક્રાફ્ટ્સ સોસાએટીના સૌજન્યથી)